An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

સંવર્ધક તંત્રી	:	સ્વ. કાન્તિલાલ એમ. શાહ
તંત્રી	:	દિલીપ કે. શાહ

આર્ચી પબ્લિકેશન્સ

311 & 313, નાલંદા એન્કલેવ,
પ્રિતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ.

Phone : 079 - 2657 66 39
Fax : 079 - 2657 99 96

E-mail :
smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in

web : www.smartinvestment.in

VISIT…

LANZAROTE
Caliente.com

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક

આ અંકના આકર્ષણો

Yes Bank નું લિસ્ટીંગ કેવું રહેશે ?
ગ્રે માર્કેટમાં પ્રિમિયમ-સબ્જેક્ટ ટુ ભાવોમાં મોટી ઉથલ-પાથલ

Rossari Biotech ના IPOના લિસ્ટીંગ બાદ શેરને હોલ્ડ કરવો કે વેચવો ?

MindSpace REITના ઈસ્યુમાં ન્યુનત્તમ રૂ. ૫૫,૦૦૦ ની અરજી રહેશે : ભરણું ભરાય ?

રિલાયન્સના મેગા ઈસ્યુથી અદ્વિતિય સફળતાથી પ્રેરાઈને... અડધો ડઝનથી વધુ કંપનીઓએ રાઈટ્સ ઈસ્યુનો રૂટ અપનાવ્યો

મૂશ્કેલ સમયમાં આઇટી કંપનીઓની સકારાત્મક કામગીરી

આ સપ્તાહે ત્રણ રાઈટ ઈસ્યુઓ Shriram Trans. Fin., PVR અને M&M Fin. પ્રાયમરીમાર્કેટના મેદાનમાં

તેજીને બ્રેક લાગશે ?

ELCID INVESTMENTS ના પેન્ની સ્ટોકે ૯,૦૦,૦૦૦% પ્રિમિયમ સાથે ઘણા રેકોર્ડ તોડ્યા

૧ ઓગસ્ટ ૨૦૨૦થી શેરબજારમાં લાગુ થનારા નવા નિયમો

નિફ્ટીની ૧૦,૦૦૦ ની સપાટીથી ૧૧,૦૦૦ના સ્તરે પહોંચતા..... ૩૪ ટ્રેડીંગ સત્ર થયા

ભારત-ચીન વચ્ચે વણસતા સંબંધો, ચીન-યુએસ વચ્ચે તનાવ, કોરોનાનું વધતું સંક્રમણ, વેક્સિનમાં વિલંબની શકયતા ચિંતાના કારણો

લાંબા સમયગાળા બાદ યુ.એસ., યુરોપ અને એશિયા સહિત વિશ્વના તમામ બજારો શુક્રવારે રેડઝોનમાં

MindSpace Business Park REITનો ઈસ્યુ રૂ. ૨૭૪થી ૨૭૫ ના પ્રાઈસબેન્ડથી ૨૭ જુલાઈએ ખુલશે

સ્માર્ટના ૧૦૦ ટકા સચોટ નિર્દેશના બોલતા પુરાવા

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ
ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં
પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક
22nd June 2020 to 28th June 2020 52

Reliance Partly Paid શેર્સનું ૧૨૦% પ્રિમિયમે ધમાકેદાર લિસ્ટીંગ
માત્ર ૧૫ દિવસમાં ૧૫૮% ના માતબર રિર્ટનથી રોકાણકારો માલામાલ

RIL-PP ના શેરનો ભાવ મે ૨૦૨૧ સુધીમાં રૂ. ૧૦૦૦ પ્લસ થવાની સંભાવના

Reliance Indsutries ના રૂ. ૫૩,૧૨૪ કરોડના રાઈટ્સ ઈશ્યૂનો હિસ્સો પાર્ટલી પેઈડ (RIL PP) શેર્સ (પ્રત્યેક રૂ. ૨.૫ની મૂળ કિંમત)એ વિતેલ સપ્તાહે સોમવારે ધમાકેદાર પ્રારંભ કર્યો હતો અને સ્ક્રિપ તેના રૂ. ૩૧૪.૨૫ના ઈશ્યૂ પ્રાઈઝથી બે ગણાથી પણ વધારે રૂ. ૬૮૯ ના સ્તરે ખુલી હતી. RIL ફુલ્લી પેઈડ (RIL FP) શેર્સ (પ્રત્યેક રૂ. ૧૦ની મૂળ કિંમત) ગત વર્ષે ડિસેમ્બરમાં રૂ. ૧,૬૧૦ના ઉંચા સ્તરને પાર કરીને રૂ. ૧,૬૧૫ના વિક્રમજનક સ્તરે બંધ આવ્યો હતો. અંતિમ બંધ ભાવ મૂજબ RIL PP નું વાસ્તવિક મૂલ્ય રૂ. ૪૦૩.૭૫ થવા પામે છે, જે RIL FP (Fully Paid) નો ચોથો ભાગ છે.

મૂકેશ અંબાણીના નેતૃત્વ હેઠળની કંપનીના રાઈટ્સ ઈશ્યૂ માટે બહોળા પ્રતિસાદ સાથે RIL PPનો પણ ધમાકેદાર પ્રારંભ થયો છે, જેમાં ઓફર કરાયેલા શેર્સ કરતાં માગ વધુ નોંધાઈ છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ઉપર RIL PP રૂ. ૭૧૦.૬૫ના ઉંચા સ્તરે અને રૂ. ૬૬૪.૪ના નીચા સ્તરે સ્પર્શ્યો હતો તથા રૂ. ૬૦૦ કરોડના મૂલ્યના શેર્સની લે-વેચ થઈ હતી.

રિલાયન્સ પાર્ટલી પેઈડ ઈસ્યુ જ્યારે રૂ. ૭૦૦ના ભાવે લિસ્ટીંગ થયું ત્યારે જ સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટે રૂ. ૧૦૦૦ ના ભાવની આગાહી કરી હતી

રિલાયન્સ ઈન્ડ.ના સ્ટોકનો ભાવ રૂ. ૧૭૫૯ પ્રર્વતતો હતો ત્યારે જ સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટે દલાલ સ્ટ્રીટની ગપસપમાં રૂ. ૨૦૦૦ ની આગાહી કરી હતી જે સચોટ પુરવાર થયેલ છે

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ
ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં
પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક
22nd June 2020 to 28th June 2020 55

દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

Reliance Ind. (રૂ. ૧૭૫૯.૦૦) (કોડ : ૫૦૦૩૨૫) :- આ શેર છેલ્લાં ત્રણ મહિનામાં બોટમ સપાટીથી ૧૦૨ ટકાથી વધુ ઉછળી ચુક્યો છે અને માર્કેટકેપ ૧૧ લાખ કરોડને વટાવી ચુકેલ છે. છેલ્લાં ૫૮ દિવસ દરમ્યાન જીઓ પ્લેટફોર્મ ઉપર વિશ્વની ૧૧ અગ્રણી કંપનીઓએ મોટાપાયે રોકાણ કર્યું છે. તાજેતરમાં સાઉદી અરેબિયાના સોવરિન વેલ્થ ફંડ પીઆઈઆઈ ૨.૩૨ ટકા હિસ્સો એટલે કે ૧૧૩૬૭ કરોડનું રોકાણ કરશે. આમ કંપની અત્યાર સુધીમાં ૧,૧૫,૬૯૩.૯૫ કરોડ તેમજ કંપનીને રાઈટ ઈસ્યુ થખી ૫૩૧૨૪.૨૦ કરોડની રકમ પ્રાપ્ત થશે. કંપનીનું નેટ ડેબ્ટ ૧૬૧૦૩૫ કરોડ છે. આમ કંપની તદ્દન ડેબ્ટ ફ્રી બની રહી છે. મુકેશ અંબાણીએ આ અગાઉ માર્ચ ૨૦૨૧ માં કંપની ડેબ્ટ ફ્રી બનવાની આશા વ્યક્ત કરી હતી. જાણકારોના મતે આ સ્ટોકનો ટાર્ગેટભાવ રૂ. ૨૦૦૦ નો અંદાજ મુકવામાં આવ્યો છે.

તા. ૧ જુનના રોજ સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટમાં રિલાયન્સ પાર્ટલી પેઈડનો ઈસ્યુ આંખો મીંચીને ભરવાની ભલામણ કરવામાં આવેલ જે હાલ રૂ. ૧૦૦૦ની સપાટી કુદાવી ચુકેલ છે

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ
ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં
પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક
1st June 2020 to 7th June 2020 46

NSE-BSE ખાતે નવા શરૂ થયેલા Rights Entitlement (RE) પ્લેટફોર્મ્સ ખાતે

Reliance RE માં ૭ સેશનના અંતે ૪૬.૭ ટકાનો જંગી ઉછાળો
RIL-RE ના ભાવમાં તમામ સેશનમાં ભારે વોલ્યુમ સાથે પ્રિમિયમે ટ્રેડીંગ

૨૯મે ના શુક્રવારે અંતિમ દિવસે NSE ખાતે ૨ લાખથી વધુ વોલ્યુમે ૨૨૨ નો બંધ ભાવ

Reliance Ind. ના શેરહોલ્ડરોના કુલ ઈસ્યુના ૨૦ ટકાથી વધુ REનું ટ્રેડીંગ

Reliance Ind. - Rights Entitlement (RE) હાઈલાઈટ્સ

- RIL-RE ટ્રેડીંગનો આરંભ ૨૦ મે ના રોજ ૧૫૧.૯ ના ભાવથી શરૂ થયું હતું
- ૨૦ મે ના રોજ ૫૩,૧૨૫ કરોડના રાઈટ ઈસ્યુ માટે RIL-RE ટ્રેડીંગનો આરંભ થયો હતો
- BSE ખાતે કુલ RIL-RE શેર્સનું ટર્નઓવર રૂ. ૬૨૭.૯૩ કરોડનું અને NSE ખાતે રૂ. ૧૬૧૫.૩૬ કરોડનું નોંધાયું હતું
- SOCIETE Generale એ ૨૦ મે ના રોજ આ સ્ટોક એક્ષચેન્જના પ્લેટફોર્મ પરથી ૩.૨૫ મીલીયન શેર્સની ખરીદી કરી હતી

Reliance Ind. ના રૂ. ૫૩,૧૨૫ કરોડના Right Issue - Reliance-Right Entitlement માટે ૭ સેશનમાં ૪૬.૭ ટકાનો જંગી ઉછાળો.

Reliance - RE ના ભાવમાં ભારે વોલ્યુમ સાથે પ્રિમિયમે ટ્રેડીંગ :- Reliance Ind. ના Right Entitlement ના ભાવમાં ભારે વોલ્યુમ સાથે ગત બુધવારે ભારે વોલ્યુમ સાથે અગાઉના દિવસની સરખામણીમાં ૧૧ ટકાનો ઉછાળો નોંધાયો હતો. Relilance RE નો ભાવ ૧૧ ટકા ઉછળી રૂ. ૨૦૧.૫ બંધ આવ્યો હતો.

Relilance Ind. નો રૂ. ૫૩,૧૨૫ કરોડનો રાઈટ ઈસ્યુ ગત સપ્તાહે તા. ૨૦ મે ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો.

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ
ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં
પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક
8th June 2020 to 14th June 2020 54

દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

Reliance Ind. (રૂ. ૧૫૮૦.૦૦) (કોડ : ૫૦૦૩૨૫) :- આ કંપનીનો તાજેતરમાં તા. ૩ જુનના રોજ બંધ થયેલ રાઈટ ઈસ્યુ જબરજસ્ત પ્રતિસાદ સાથે ૧.૫૯ ટાઈમ્સ ભરાઈ જતા શેરમાં ગમકારો જોવાયો હતો. માર્કેટકેપ ઉછળીને ૧૦ ટ્રીલીયનને સ્પર્શી ગયેલ છે. Jio પ્લેટફોમ ઉપર અગાઉ Facebook, Silver Lake, Vista, General Atlantic, KKR જેવી અગ્રગણ્ય સંસ્થાઓ મોટાપાયે સ્ટેક ખરીદ્યા બાદ તાજેતરમાં સાઉદી અરેબિયાનુ સોવરીંગ ફંડ 'MUBADALA' પણ ૧.૮૫ ટકા સ્ટેક એટલે કે રૂ. ૯૦૯૩.૬૦ કરોડના રોકાણની જાહેરાત થતા કંપનીને માત્ર ૬ સપ્તાહના ટુંકાગાળામાં ૮૭૬૫૫.૩૫ કરોડનું માતબર ફંડ પ્રાપ્ત થયું છે. શેરનો ભાવ એક તબક્કે ઉછળીને ૧૬૧૭.૭૦ ના લેવલે નવી ઉંચાઈને સ્પર્શી જવા પામ્યો છે. જાણકારો આ સ્ટોકનો ભાવ આગામી મહીનાઓમાં જ રૂ. ૨૦૦૦ નો લાવ્યા છે.

An ISO 9001:2008 (QMS) Certified Company
ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021
SMART INVESTMENT
RNI No : GUJGUJ / 2000 / 7618

અખબારની પીડીએફ કોપી વોટ્સએપ કે ટેલીગ્રામ ગ્રુપમાં શેર કરવી ગેરકાયદેસર

હાલ લોકડાઉનના સમયગાળામાં એક તરફ અખબારો વિતરણ સંબંધી સમસ્યાઓથી ઝઝૂમી રહ્યા છે તો બીજી તરફ તેમના ઈ-પેપરની કોપી અને ડિજિટલ પાઈરસીના બનાવ પણ વધ્યા છે. તેના કારણે અખબારોને રેવન્યુનું નુકશાન થઈ રહ્યું છે તેને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન ન્યુઝપેપર સોસાયટીએ ચેતવણી આપી છે કે, અખબારોનાં ઈ-પેપરમાંથી પાનાં ડાઉલોડ કરીને તેમની પીડીએફ ફાઈલ વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રુપમાં શેર કરવી ગેરકાયદેસર છે. ઈ-પેપર કે તેના હિસ્સા કોપી કરીને સોશિયલ મીડિયા પર ગેરકાયદેસર રીતે શેર કરનાર વ્યક્તિ સામે અખબાર કડક-કાનૂની અને જંગી દંડની કાર્યવાહી કરી શકે છે. કોઈ ગ્રુપમાં આ રીતે અખબારની ઈ-કોપી ગેરકાયદેસર રીતે સરક્યુલેટ થવા બદલ જે તે વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રુપના એડમિન જવાબદાર ઠરશે. આઈએનએસની સલાહ પર અખબાર જૂથ એવી ટેકનિકનો પણ ઉપયોગ કરશે કે જેનાથી અખબારની પીડીએફ ફાઈલ ડાઉનલોડ કરી તેને સોશિયલ મીડિયા પર શેર કરનાર વ્યક્તિની ઓળખ થઈ શકશે. દર અઠવાડિયે નિર્ધારિત સંખ્યાથી વધુ પીડીએફ ડાઉલોડ કરનાર યુઝર્સ બ્લોક પણ થઈ શકે છે.

ભારે દંડની રકમ ગ્રુપ એડમિન પાસે વસુલ કરવા સાથે કાનુની કાર્યવાહી થઈ શકે

An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

Pages 90

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021

₹ 40/-

SMART INVESTMENT

Vol : 21 | Issue No. : 26 | RNI No : GUJGUJ / 2000 / 7618 | 27th July 2020 to 2nd August 2020

Published Place : 311 & 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar 1st Dhal, Ellisbridge, Ahmedabad.

FII Activity (Rs. in Cr.)

Date	Buy Value	Sell Value	Net Value
20-07-20	4960.3	3250.33	1709.97
21-07-20	8209.13	5943.25	2265.88
22-07-20	6908.58	5243.01	1665.57
23-07-20	5509.38	3768.88	1740.5
24-07-20	5776.01	5366.13	409.88
TOTAL	31363.4	23571.6	7791.8

DII Activity (Rs. in Cr.)

Date	Buy Value	Sell Value	Net Value
20-07-20	3306.19	4828.18	-1521.99
21-07-20	3465.53	4192.92	-727.39
22-07-20	3694.53	4833.36	-1138.83
23-07-20	3825.47	4757.38	-931.91
24-07-20	4079.67	5082.65	-1002.98
TOTAL	18371.39	23694.49	-5323.1

D(en)O(f)W(ealth)

After grand success of our Website www.smartinvestment.in & Our Publications, Smart Investment Weekly (Gujarati & English), Smart Plus News Letter & Smart Bonanza (Gujarati Weekly), Smart Investment proudly announces launch of DOW wherein subscribers to this service will be given through SMS/Email Breaking News and Other Buy / Sell Ideas which happen during the week i.e. during the interval of publication of our 2 issues.

Such information will be ahead of our competitors and will enable subscribers to reap rich dividend in short term/few days as well as early entry for LongTerm Wealth creation. Investors interested to subscribe to DOW can provide their Mobile no and email id and make payment of

Rs 5000/- (for 1 year) in favour of **Archi Publications**

Performance of our last Recommendation

Stocks	Reco Date	Reco Price	Recomm.	High After
M&M FIN	16th April 20	163	181-185	240
EID PARRY	20th April 20	147.5	165-175	314
LAURUS LAB	21st April 20	423	445-460	724
ALEMBIC PHARMA	21st April 20	630	685-700	983.15
ENDURANCE TECH	27th April 20	615	650-675-700	950
EID PARRY	8th May 20	156	175	314
PLASTIBLEND India	1st June 20	160	190-200	Target achieved
Moldtech Techno	3rd June 20	41	55-60	45.5
KALPATARU POWER	5th June 20	218	245	Exit at 215
TALBROS AUTO	5th June 20	101	120-125	Exit at 100
IBULLS HSG FIN	10th June 20	152.5	175	263.45
MAHESHWARI LOG	10th June 20	188	225	Stop loss
Rain Industries	18th June 20	76	85	105
MIDHANI	18th June 20	210	227-235	230
DBL	24th June 20	293-280	325-350	Made a high of 315 on 23rd July
KEI IND	2nd July 20	351	390-400	made a high of 398 on 13th July
SRIKALHASTI PIPES	3rd July 20	190	225-235	made a high of 224 on 15th July
MEGHMANI ORG	9th July 20	58	70-75	made a high of 63.25 on 20th July
NOCIL	14th July 20	105	120-125	made a high of 113.85 on 23rd July

Contact : (M) 9825006980 & 9979330348
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

Bank Details

HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006
Navrangpura Branch, Ahmedabad-380009.

Market Scan

Jatin Sanghavi
(Mumbai)
(M) 098205 26455
jatinsanghavi100@yahoo.com



તેજીવાળાઓનો બજાર પર કબજોઃ વન વે રેલી

સતત પાંચમા સપ્તાહે બજારમા આગેકૂચ ચાલુ રહી. હા, નિફ્ટીમાં થોડી અડચણો આવી, પણ અંતે તો નિફ્ટીએ આગેકૂચ જાળવી રાખી. તેજીવાળાઓએ ફરી તેમની તાકાત બતાવી અને બજારમાં સાધારણ કરેક્શનને તક માનીને તેમણે દરેક તક ઝડપીને ખરીદી કરી લીધી. રસપ્રદ બાબત એ છે કે દરેક ક્રિટિકલ અવરોધને ઈન્ડેક્સે સરળતાથી કૂદાવી દીધા. ગત સપ્તાહે નિફ્ટીએ ૧૧૦૩૫-૧૧૨૪૪નો બેરીશ ગેપ તરીકેના રેઝિસ્ટન્સ ઝોનમાં જ બંધ આપ્યું છે, તેને પાર કર્યો નથી. મતલબ કે હજી આ અવરોધ યથાવત્ છે. આગામી સપ્તાહમાં તે આ ઝોન પાર કરે છે કે કેમ તે ખાસ જોવાનું રહેશે. આ ઉપરાંત વીકલી ટ્રેન્ડલાઈન રેઝિસ્ટન્સને તે પડકારે છે કે કેમ તે જોવાનું છે જે નિફ્ટી માટે ૧૧૩૩૦ છે. નિફ્ટી માટે નજીકના ગાળામાં ૧૦૯૫૩-૧૦૯૩૩નો સપોર્ટ છે, જે વીકલી બુલીશ ગેપ છે.

ટેકનિકલ દ્રષ્ટિએ બજાર

ગત સપ્તાહે સેન્સેક્સ ૩૭૪૦૯ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૩૮૨૩૫ અને નીચામાં ૩૭૧૮૫ સુધી ગયા બાદ છેલ્લે ૩૮૧૨૮ બંધ રહ્યો હતો. આ રીતે સપ્તાહ દરમિયાન તેમાં૧૧૦૮ પોઈન્ટનો વધુ એક કૂદકો લાગ્યો. એ જ રીતે નિફ્ટી ગત સપ્તાહે ૧૦૯૯૯ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૧૧૨૩૯ અને નીચામાં ૧૦૯૫૩ સુધી ગયા બાદ છેલ્લે ૧૧૧૯૪ બંધ રહ્યો હતો. આમ, નિફ્ટી સપ્તાહ દરમિયાન ૨૯૩ પોઈન્ટ ઉછળ્યો હતો.

દૈનિક ચાર્ટ પર બન્ને ઈન્ડેક્સે સ્મોલ વ્હાઈટ બોડી કેન્ડલરચી છે અને સાઈડવે કોન્સોલિડેશન બતાવ્યું છે. સાપ્તાહિક ચાર્ટ પર બન્ને ઈન્ડેક્સે બિગ વ્હાઈટ બોડી કેન્ડલ રચી છે. તે પહેલાં તેણે સાપ્તાહિક બુલીશ ગેપ દર્શાવ્યો હતો. ગત સપ્તાહની બુલીશ કેન્ડલને કારણે તેના અગાઉના સપ્તાહની બેરીશ હેંગિંગ મેન પેટર્ન નિરર્થક બની ગઈ છે. આમ, નજીકના સમયગાળામાં બુલીશ મોમેન્ટમ જોવા મળશે તેમ કેન્ડલસ્ટીક ફોર્મેશન બતાવે છે.

Cont...

This Weeks Recommendations

Rec.	Name	CMP	SL	TGT-1	TGT-2
Buy	EicherMotors	20800	20350	21475	22178
Buy	NestleIndia	17251	16960	17697	18149
Buy	PfizerLtd	4342	4270	4450	4562
Buy	IPCALabs	1782	1746	1836	1893
Buy	AartiInd	950	933	976	1005

:::: INDEX LEVELS ::::

	S3	S2	S1	CLOSE	R1	R2	R3
NIFTY	10751	10894	11056	11194	11311	11433	11572
SENSEX	36538	37125	37601	38128	38510	38887	39423

ગત સપ્તાહે તેજીવાળાઓએ જોરદાર લડત બતાવી અને ડેઈલી ગેપ રેઝિસ્ટન્સ(સેન્સેક્સ માટે ૩૭૭૪૭, નિફ્ટી માટે ૧૧૦૩૫-૧૧૨૪૪)ને પાર કરવાનો ભરચક પ્રયાસ કર્યો હતો. આ ઝોનમાં ઈન્ડેક્સનો પ્રવેશ તો થઈ ગયો, પણ તેને પાર ન કરી શક્યો. આગામી સપ્તાહે આ ઝોન પાર કરે છે કે કેમ તે ખાસ જોવાનું છે. આ ઉપરાંત વીકલી ટ્રેન્ડલાઈન રેઝિસ્ટન્સ જોવો પડશે, જે સેન્સેક્સ માટે ૩૮૫૫૯ અને નિફ્ટી માટે ૧૧૩૩૦ છે. બન્ને ઈન્ડેક્સ માટે હવે વીકલી બુલીશ ગેપ સ્વરૂપે જે નજીકનો સપોર્ટ છે તે સેન્સેક્સ માટે ૩૭૧૮૫-૩૭૧૨૫ અને નિફ્ટી માટે ૧૦૯૫૩-૧૦૯૩૩ છે. ટ્રેન્ડલાઈન સપોર્ટ સેન્સેક્સ માટે ૩૬૮૮૦ અને નિફ્ટી માટે ૧૦૯૪૦ છે. જો આ લેવલ તૂટશે તો બે સપ્તાહ પહેલાંના લેવલ જોવા મળશે જે સેન્સેક્સ માટે ૩૫૮૭૭ અને નિફ્ટી માટે ૧૦૫૬૨ છે. બન્ને ઈન્ડેક્સે ગત સપ્તાહે તેમના ટૂંકા ગાળાના ૨૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૬૫૮૭, નિફ્ટી ૧૦૭૭૨) ઉપર બંધ આપ્યા છે. એ જ રીતે મધ્યમ ગાળાના ૫૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૪૫૨૪, નિફ્ટી ૧૦૧૭૭)ની ઉપર પણ બંધ આપ્યા છે. એ જે રીતે બન્ને ઈન્ડેક્સ હવે તેમના લાંબા ગાળાના ૨૦૦ દિવસના મુવિંગ એવરેજ (સેન્સેક્સ ૩૬૯૦૨, નિફ્ટી ૧૦૮૬૨)ને પણ પાર કરી ગયા છે. આમ, ટૂંકા,મધ્યમ અને લાંબાગાળાનો ટ્રેન્ડ તેજી તરફી થઈગયો છે.

એમએસીડી અને આરઓસી બન્ને પોઝિટિવ છે અને ખરીદી ચાલુ રહેવાનો સંકેત કરે છે. આરએસઆઈ ૭૧ થયો છે જે બુલીશ મોમેન્ટમ દર્શાવે છે. જોકે તેમ છતાં તે ઓવરબોટ ઝોન દર્શાવીને થોડાં સતર્ક બનાવે છે. સ્ટોકેસ્ટિક ઓસિલેટર પર્સન્ટેજ કે ૯૧ છે જે પર્સન્ટેજ ડી કરતાં ઓછો છે અને એ રીતે વેચવાલીનો સંકેત કરે છે. એડીએક્સ ૩૫ છે અને આગેકૂચ મજબૂત હોવાનો સંકેત કરે છે. ડિરેક્શનલ ઈન્ડિકેટર્સ ખરીદીનો સંકેત કરે છે. મની ફ્લો ઈન્ડેક્સ ૬૭ થયો છે જે દર્શાવે છે કે બજારમાં નાણાં ઠલવાઈ જ રહ્યા છે. ઓબીવી ખરીદીનો સંકેત કરે છે. બોલિંગર બેન્ડમાં પણ ખરીદીનો જ સંકેત મળે છે. આમ, મોટાભાગના ઓસિલેટર્સ તેજી તરફી ટ્રેન્ડ દર્શાવે છે. જુલાઈ મહિનાની એફ એન્ડ ઓ સિરીઝની આગામી સપ્તાહે એક્સપાયરી છે. નિફ્ટીમાં ૧૧૫૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ કોલ જોવાયા છે, જ્યારે ૧૧૦૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ પુટ જોવાયા છે. આમ, આગામી દિવસોમાં નિફ્ટી આ ૫૦૦ પોઈન્ટની રેન્જમાં અથડાતો રહેશે તેમ જણાય છે.

BUY.... BUY....BUY

Co. Name	Code	Price
Spice Jue	500285	50.00
Bank of Mah.	532525	12.37
BEL	500049	102.00
ITI	523610	138.00
RBL Bank	540065	183.00
SPARC	532872	174.00
Sonata Software	532221	246.00
HIKAL	524735	137.00
Cummins India	500480	395.00
Wipro	507685	270.00
MCX	534091	1501.00
Marico	531642	357.00
Granules India	532482	303.00
Deepak Nitrite	506401	593.00

TIPS OF THE WEEK

Co. Name	Code	Price
Muthoot Fin.	533398	1302.00
HCL Techno	532281	680.00
Ramco Cement	500260	688.40
Bharti Airtel	532454	559.00
Apollo Hospitals	508869	1511.00
Colgate-Palmolive	500830	1383.00
IPCA Labs.	524494	1781.00
Reliance Ind.	500325	2146.00
Galaxy Suf.	540935	1629.00
Polycab India	542652	819.00
PFIZER	500680	4341.00
Tech Mah.	532755	652.00
Nestle India	500790	17231.00
Eicher Motors	505200	20801.00

Reveiw of SMART INVESTMENT Last Issue

Amazing 45% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 20-7-2020	Weekly High	Ch. (%)
MARKET SCAN			
InfoEdge	3110	3253	4.60
ApolloHosp	1499	1531	2.13
SBICards	755	776	2.78
RAPID FIRE STOCKS			
HCL Techno	623	651	4.49
Infosys	903	936	3.65
FUTURE BUY OF THE WEEK			
Wipro	262	271	3.44
UPL	438	462	5.48
STOCK BUZZ			
Dhanlaxi Bank	12.5	13	4.00
TECHNICAL TALK			
Wockhardt	256	273	6.64
SURE SHOTS			
EID Parry	292	304	4.11
GNFC	157	164	4.46
Tanfac	182	216	18.68
Sobha	226	235	3.98
SCRIP TO WATCH			
Metroplis HC	1509	1556	3.11
ICICI Prudential	440	450	2.27
Dr. Lal Path	1853	1976	6.64
SMART SUPER DUPER			
DCM Shriram	331	339	2.42
Srikalahasthi Pipes	210	214	1.90
SMART TIPS			
Liberty Shoes	140	143	2.14
Bharat electronics	94	102	8.51
Globus Spirits	139	142	2.16

Company	Reccom. 20-7-2020	Weekly High	Ch. (%)
BHAVI CHAAL			
Indo Count	40	58	45.00
Linc Pen	169	173	2.37
Surya Roshni	116	123	6.03
SMART BEST BUY			
Infosys	904	933	3.21
L&T Infotech	2262	2329	2.96
Alkem	2496	2559	2.52
GUPSUP			
BF Utilities	251	257	2.39
Reliance Ind.	1911	2060	7.80
BPCL	443	463	4.51
Clariant Chemical	401	423	5.49
Sobha Ltd.	226	235	3.98
Galaxy Surfactants	1564	1628	4.09
5 Paisa.Com	345	425	23.19
Eveready Ind.	112	118	5.36
Federal Bank	52	57	9.62
GET&D	83	87	4.82
Gail	101	103	1.98
Wipro	261	271	3.83
BASF India	1305	1355	3.83
Infosys	904	936	3.54
MARKET TIPS			
BEML	650	674	3.69
Dixon Techno	6450	7654	18.67
Wipro	261	271	3.83

Rapid Fire Stocks



Kalpna J (Email- Kjtech79@gmail.com)
(Ring : 97690 37711) Twitter : @Kj_TechTrades

Last Week Performance of Rapid Fire Stocks
HCL TECH - 623 TO 684 • INFY - 903 TO 949
COL PAL - 1426 TO 1455 (HOLD AND ADD IN DIPS)



HDFC Bank (Rs. 1119.00)

TARGETS - 1200 TO 1450 Time Frame 1 to 6 Months
(Add in all Dips and SIP Mode)

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ દેશના બેન્કિંગ ઉદ્યોગમાં ઉદારીકરણના ભાગરૂપે ૧૯૯૪માં પ્રાઈવેટ સેક્ટરની કંપનીઓને બેન્ક સ્થાપવા માટે મંજુરી આપી તે વખતે સૈધ્ધાંતિક દ્રષ્ટિએ તે વખતે ધી હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ (એચડીએફસી) પ્રથમ કંપની હતી જેને બેન્ક સ્થાપવા આરબીઆઈએ માન્યતા આપી હતી. આ બેન્ક ઓગસ્ટ ૧૯૯૪માં એચડીએફસી બેન્ક લી.ની નામથી ઈનકોર્પોરેટ થઈ જેની રજિસ્ટર્ડ ઓફિસ મુંબઈ ખાતે આવેલી છે. એચડીએફસી બેન્ક (શિડ્યુલ કોમર્શિયલ બેન્ક તરીકેની કામગીરી જાન્યુઆરી ૧૯૯૫થી શરૂ કરી હતી.) મુંબઈ સ્થિત આ બેન્ક ભારતના ફાયનાન્સિયલ સર્વિસ ક્ષેત્રની ટોચની બેન્ક છે. બેન્ક તેના કસ્ટમરોને બેન્કિંગ અને ફાયનાન્સિયલ સર્વિસીસની વિશાળ રેન્જ ઓફર કરે છે. જેમાં કોમર્શિયલ બેન્કિંગ, ટ્રેઝરી ઓપરેશનનો સમાવેશ થાય છે. બેન્કની દેશના ૯૯૬ શહેરોમાં ૨૨૦૧ જેટલા બ્રાન્ચો અને ૭૧૧ ATM નું વિશાળ નેટવર્ક છે. જ્યારે બહેરિનમાં એક ઓવરબ્રીઝ હોલસેલ બેન્કિંગ બ્રાન્ચ અને હોંગકોંગ અને UAE - કેન્યામાં રિપ્રેઝન્ટેટિવ ઓફિસ ધરાવે છે. બેન્કની અન્ય સબસિડિયરીમાં એચડીએફસી સિક્યુરીટી લિ. અને એચડીબી ફાયનાન્સિયલ સર્વિસનો સમાવેશ થાય છે. ***આ સ્ટોક આગામી ૧ થી ૬ મહિના માટે દરેક ઘટાડે એસઆઈપી મોડ દ્વારા ખરીદો.***

Cont....



HDFC Life (Rs. 622.00)

TARGETS - 670 TO 777 Time Frame 1 to 6 Months

(Add in all Dips and SIP Mode)

ખાનગી ઈન્સ્યોરન્સ સેક્ટરની આ કંપની એચડીએફસી ગ્રુપની સબસિડિયરી કંપની છે. કંપની ૧૪ ઓગસ્ટ ૨૦૦૦માં ઈનકોર્પોરેટ થઈ છે અને ૨૦ ઓક્ટોબર ૨૦૦૦ માં કંપનીને સર્ટિફિકેટ ઓફ કમેન્સમેન્ટ ઓફ બિઝનેસનું પ્રમાણપત્ર મળ્યું હતું. કંપનીએ ઈરડા પાસેથી સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશન મેળવ્યું છે. કંપની બહુ નફો કમાતા ઈન્સ્યોરન્સ બિઝનેસ સાથે સંકળાયેલી છે જે ભારતની ટોચની પાંચ ઈન્સ્યોરન્સ કંપનીમાં તેનો સમાવેશ થાય છે. કંપનીની દેશભરમાં ૪૧૪ શાખાઓ છે. **આ સ્ટોક વર્તમાન ભાવે આગામી ૬ થી ૧૮ મહિના માટે ૬૯૦ થી ૭૭૭ ના ટાર્ગેટને ધ્યાને રાખે ખરીદો.**

Cont....



Reliance Ind. (Rs. 2150.00)

Targets - 2300- 2555,
Time Frame - 1-6 Months (Add in All Dips)

૧૩ લાખ કરોડના માર્કેટ-કેપને પાર કર્યા બાદ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે વિશ્વની ટોચની ૫૦ મૂલ્યવાન કંપનીઓમાં સ્થાન મેળવ્યું છે. વૈશ્વિક માર્કેટ-કેપની યાદીમાં કંપની ૪૮મા ક્રમે આવી છે. ૧.૭ ટ્રિલિયન ડોલરના માર્કેટ-કેપ સાથે સાઉદી અરામ્કો પ્રથમ ક્રમે છે. એ પછી એપલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન અને આલ્ફાબેટનો ક્રમ આવે છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના રાઈટ્સ ઈશ્યૂ ઉપર ૧.૫૯ ગણું જંગી સબસ્ક્રિપ્શન પ્રાપ્ત કર્યું જે દેશમાં અત્યાર સુધીની સૌથી મોટી ઓફર પણ છે. આ ઈશ્યૂ જાહેર હિસ્સામાં ૧.૨૨ ગણો ભરાયો છે. રાઈટ્સ ઈશ્યૂ સબસ્ક્રિપ્શન માટે ૨૦ મેના રોજ ખુલીને ૦૩ જૂન, ૨૦૨૦ના રોજ બંધ થયો હતો. આ ઈશ્યૂનું કદ રૂ. ૫૩,૧૨૪.૨૦ કરોડ છે, જેની સામે રૂ. ૮૪,૦૦૦ કરોડનું ભરણું પ્રાપ્ત થયું છે. ઉલ્લેખનીય છે કે રિલાયન્સ ઉર્જા, પેટ્રોકેમિકલ્સ, ટેક્સટાઈલ્સ, નેચરલ રિસોર્સિસ, રિટેઈલ અને ટેલીકમ્યુનિકેશન સહિતના ક્ષેત્રોમાં અગ્રેસર છે. તાજેતરમાં બ્રેન્ટ ક્રૂડના ભાવમાં સુધારા બાદ કંપનીની પેટ્રોકેમિકલ અને રિફાઈનરી પ્રોડક્ટ્સમાં સારી કામગીરી નોંધાઈ છે તથા વોલ્યુમ પણ વધ્યાં છે. બીજી તરફ જિયો પણ ઝડપથી તેના સબસ્ક્રાઈબર્સમાં ઉમેરો કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ફોર્ચ્યુન ૫૦૦ કંપની છે અને તે ભારતમાં ખાનગી ક્ષેત્રની સૌથી મોટી કંપની છે.

રિલાયન્સનો સ્ટોક તેના લાઈફ ટાઈમ હાઈ સપાટીએ પહોંચવા પામ્યો છે. રિલાયન્સ ઈન્ડ.એ પ્રથમવાર રૂ. ૨૦૦૦ ની સપાટી કુદાવતા રોકાણકારો ખુશખુશાલ થવા પામ્યા હતા. તેનું માર્કેટ-કેપ રૂ.૧૩ લાખ કરોડથી વધી ગયું છે. તાજેતરના રાઈટ્સ ઈશ્યૂમાં જારી કરેલા પાર્ટલી પેઈડ શેર્સ સાથે કંપનીનું સંયુક્ત માર્કેટ-કેપ રૂ.૧૩.૫૦ લાખ કરોડ થયું છે.

કોઈ ભારતીય કંપની રૂ. ૧૩ લાખ કરોડના એમ-કેપને પાર કરી શકી નથી. રિલાયન્સનું માર્કેટ-કેપ શેવરોન, ઓરેકલ, યુનિલીવર, બેંક ઓફ ચાઈના, બીએચપી ગ્રૂપ, રોયલ ડચ શેલ અને સોફ્ટબેંક ગ્રૂપ કરતાં વધુ છે. એશિયામાં માર્કેટ-કેપની દૃષ્ટિએ રિલાયન્સ ૧૦મા ક્રમે છે.

ચીનનું અલીબાબા ગ્રૂપ વૈશ્વિક સ્તરે સાતમા ક્રમે છે. વૈશ્વિક સ્તરે એમ-કેપમાં ૧૦૦ કંપનીઓમાં રિલાયન્સ ઉપરાંત એકમાત્ર ટીસીએસનું સ્થાન છે. બીએસઈ પર રૂ. ૨,૧૭૦.૭૫ના બંધ ભાવે ટીસીએસનું માર્કેટ કેપ ૮.૧૪ લાખ કરોડ થયું છે.

VERY SOON TO MOVE FORWARD



BPS RAJA (Mumbai) E-mail bpsraja@gmail.com



Shree Pushkar Chemicals & Fertilizer

હાલ રોકાણકારો એવા સ્ટોકમાં લેવાલી કરી રહ્યા છે જે ખાતર બનાવતી હોય કારણ કે સરકારની નીતિ આ સેક્ટર માટે સાનુકુળ છે. તેઓ ડાયસ્ટફ કંપનીઓ પણ ખરીદી રહ્યા છે કારણ કે તેનો ફાયદો ચીન સામને પ્રતિબંધથી ાયો છે. અહી એક કંપની છે જે ડાઈસ્ટફ તેમજ ખાતરમાંકાર્યરત છે.શ્રી પુષ્કર કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ લિમિટેડ એડાયઝ, ડાયઈંટરમીડિયાટ્સ અને ફર્ટિલાઈઝર્સની અગ્રણી ઉત્પાદક છે. તે વર્ષ ૨૦૦૧માં એક જ પ્રોડક્ટ્સસાથે ઉત્પાદન શરૂ કર્યા પછી, તેણે આક્રમક રીતે તેના પોર્ટફોલિયોને ૨૫ થી વધુ પ્રોડક્ટ્સમાં વિસ્તૃત કર્યો છે.

ત્રિમાસિક અને ડિસેમ્બર ૨૦૧૯ના અંતે સમાપ્ત થયેલા નવ ક્વાર્ટરના પરિણામની માહિતી નીચે મુજબ છેઃ

મુખ્ય બિઝનેસ અપડેટઃ

● રૂ. ૧૨૦ કરોડનાકેપેક્સ મારફતે ઈન્ટરનલએક્યુઅલ પ્રગતિશીલ છે : ઈન્ટરમીડિયેટરિસસેગમેન્ટમાં રૂ.૭૫ કરોડનું પ્લાન્ટેડકેપેક્સએડવાન્સતબક્કામાં છે પણ ઇઆઇએ / એમપીસીજીનુંક્લિયરન્સ બાકી છે, કેપેક્સજમીનનાપ્લોટના સંપાદન સાથે પ્રારંભ થયું છે.


કંપનીને નામાં વર્ષ ૨૧માં કાર્યરત થવાની અપેક્ષા છે. ડિસેમ્બર ૨૦૧૯ના ક્વાર્ટર સુધીમાં કંપનીએ તેની આંતરિક મૂડીમાંથી રૂ.૪૧.૧૩ કરોડનો ખર્ચ કર્યો છે.

કંપની એનસીએલટી મારફતે મધ્ય ભારત ફોસફેટ્સપ્રા.લી. (એમબીપીએલ)ના અધિગ્રહણમાં અંતિમ તબક્કામાં છે અને તેની પાછળ રૂ. ૨૮ કરોડનો ખર્ચ થશે.

એનસીએલટીના અંતિમ ચુકાદાની જોવાતી રાહ – કંપનીએ સરકારની ઓપનએક્સેસ સ્કીમ હેઠલ ઓસ્માનાબાદના તુલજાપુર તુલ્લામાં સોલાર પાવર પ્લાન્ટના અમલીકરણ માટે રૂ.૧૧ કરોડનું રોકાણ કરવાની યોજના બનાવી છે.

તેની પાસે રૂ.૯૦કરોડની કેપિટલ છે, શેરની ફેસ વેલ્યૂ રૂ.૧૦ છે. માર્ચ ૨૦૧૯ના અંતે સમાપ્ત થયેલા વર્ષમાં કંપનીનું ટર્નઓવર રૂ. ૪૦૦ કરોડ અને નેટ પ્રોફિટ રૂ. ૩૪ કરોડ હતો. એક વખત વિસ્તરણ યોજના પૂર્ણ થયા બાદ કંપનીનો નફો ઝડપથી વધશે. આ કંપનીનો શેર રૂ.૧૦૦ની નીચે ઉપેક્ષિત હતો અને તાજેતરમાં કેટલાંકે બાઇંગની ભલામણ કરતા તે વધીને રૂ. ૧૧૫ થયો અને હવે પ્રથમ ટાર્ગેટ રૂ.૧૨૮ મૂકાયો છે જેને ઝડપથી વટાવી દેશે.

Cont....



The Dharamsi Morarji Chemical

ડીડીએમસી એ ભારતની પહેલી સલ્ફ્યુરિક એસિડ અને ફોસ્ફેટ ખાતર ઉત્પાદક કંપની છે. વર્ષોથી, કંપનીની બ્રાન્ડ ("શિપ")ને સિંગલ સુપરફોસ્ફેટ (એસએસપી)ના ગુણવત્તા ધોરણ તરીકે માન્યતા મળી. આ બીજો એવો શેર છે જેમાં બજાર સાથે તેજી આવી નથી ત્યારે શુક્રવારે આ કાઉન્ટરમાંરોકાણકારો દોડતા જોવા મળ્યા કારણ કે ત્યાં ૯૦,૦૦૦ શેરના બાયર્સ હતા અને ત્યાં રૂ. ૧૦૮.૭૫ના ભાવે કોઈ સેલર્સ ન હતા. શેરની ફેસ વેલ્યૂ રૂ.૧૦ છે અને તેની કેપિટલ રૂ.૨૪ કરોડ છે. તેણે રૂ. ૩૦.૫ કરોડનો નફો કર્યો અને ૧૫% ડિવિડન્ડચૂકવ્યુ. શતાબ્દી વર્ષ હોવાથી ૧૦૦માં વર્ષે બોનસ અથવા વિશેષ ડિવિડન્ડની જરૂર હોય છે.

કોરોના ચાંદીને નવું સોનું બનાવશે?

કોમોડિટી માર્કેટમાં બૂમાબૂમ છે કે વૈશ્વિક સ્તરે રોકાણકારો બજારમાં હાલની તેજીથી ખુશ નથી, કેમ કે તે ફંડામેન્ટલ્સ પર આધારિત નથી.લોકડાઉનથી ઉદ્યોગને લગભગ લકવો થાય છે, તેનાથી નફાની અપેક્ષા શુ રાખવી, તેમને લાગે છે કે ઈક્વિટીમાં મંદી નજીકમાં છે અને બજારોમાં તેજી માટે કરેક્શનની જરૂર છે.

વૈશ્વિક રોકાણકારોએ સોના અને ચાંદીમાં ખાસ્સુ રોકાણ કર્યુ છે કારણ કે જો શેરબજારઘટશે ત્યારે તેમને વધારે બાયર્સ મળશે. તેથી સંભવ છે કે ચાંદીમાં વધુ તેજી આવશે અને ભાવ જે હાલમાં રૂ. ૬૦૮૫૦ છે તે વર્ષાંત સુધીમાં ઉછળીને રૂ. ૯૦,૦૦૦ થઇ શકે છે. આવી સ્થિતિમાં સોનું જે રૂ. ૫૦૭૬૩ની આસપાસ છે, તે સુસ્ત રહેશે નહી પરંતુ ચાંદી સાથે તાલ મિલાવશે.



રોકાણકારો એલિસ્ટેડ ગોલ્ડ ફંડ્સ ઉપર નજર રાખવી,આગામી મહિનાઓમાં તે ઉંચે જઇ શકે છે.

અપોલોટ્રાઈકોટ: શેર રૂ.૨૫૦થી ઉછળીને રૂ.૫૦૦ થયો પણ કોરોના વાયરસના અને શેરબજારમાં ઘટાડાથી તે ફરી ઘટીને રૂ.૨૫૦ થયો હતો. હાલ ફરી તે વધીને બમણો રૂ.૫૦૦ થઇ ગયો છે. ફરી તેજીની શક્યતા છે. પરિણામ આવે ત્યાં સુધી રાહ જોવાનું નક્કી કરો. કેપિટલ માત્ર રૂ.૬ કરોડ છે.

Buy... Buy...		Buy on Dips		Hold		Sell on High	
NMDC	85.00	KEI Ind.	383.00	Escorts	1127.00	ABB (India)	912.00
Manappurm Fin.	179.00	Asian Granito	260.00	Axis Bank	445.00	Jubialnt Food	1725.00
PNC Infra	147.00	Apollo Tyres	109.00	Indusind Bank	522.00	Karuru Vysya Bank	30.00
Zensar Techno	144.00	Essel Propack	194.00	Sun Pharma	485.00	Tata Motors	103.00
Infibeam	74.00	Motilal Oswal	719.00	NIIT Techno	1700.00	JSW Steel	204.00
Nelcast	51.00	Chambal Fert.	157.00	MindTree	1022.00	Dish TV	7.57
Onward Techno	65.00	Hindustan Zinc	200.00	Mphasis	1118.00	GMM Pfaudler	3976.00
OnMobile Global	29.00	GNA Axel	175.00	LUPIN	854.00	Torrent Pharma	2323.00
Orient Bell	82.00	Majesco	464.00	Orissa Mineral	1818.00	Bajaj Auto	2986.00
TBZ	36.00	Carborundum	244.00	Kotak Mah.	1349.00	MM Forgning	194.00
Newgen Soft.	187.00	Thangamayil	293.00	J. K. Cement	1502.00	Canara Bank	101.00



Jignesh R Mehta
(SEBI Registered Research Analyst)
E-mail : support@kiranjadhav.com
Website : www.KiranJadhav.com
Phone: 9327 11 3344 / 9328 11 33 44
Twitter: @jigneshrmehta



બેંક નિફ્ટીનું રેઝિસ્ટન્સ નિફ્ટી કરતા વધારે સ્પષ્ટ છે

પૂર્ણ થયેલ સપ્તાહનો સારાંશ:

ફરી એક વાર આપણે ગત સપ્તાહની શરૂઆત પોઝીટીવ નોટ સાથે કરી હતી. સપ્તાહના બીજા દિવસે પણ ગ્લોબલ માર્કેટ્સની તેજી સાથે આપણે ગ્રીન ઝોનમાં બંધ રહેવામાં સફળ રહ્યા હતા. જોકે બાકીના ત્રણ દિવસ નિફ્ટીમાં કોન્સોલીડેશન જોવા મળ્યું પણ સારી વાત એ રહી કે નિફ્ટી ઉપરમાં ૧૧૨૩૮ની સપાટીને સ્પર્શતી જોવાઈ. આ લેવલ માટે આપણે ગત સપ્તાહે વાત કરી હતી અને ટૂંકમાં ૧૫ જુન ૨૦૨૦ બાદ સતત છટ્ઠા સપ્તાહે નિફ્ટી પોઝીટીવ ટોન સાથે બંધ રહી. સપ્તાહના અંતે નિફ્ટી ૨.૬૮ ટકા અને બેંક નિફ્ટી ૩.૧૭ ટકા વધીને બંધ રહી. મિડકેપ ઈન્ડેક્સ ૧.૮૮ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૨.૮૩ ટકા વધીને બંધ રહ્યો જયારે એનર્જી સેક્ટર ૬.૩૮ ટકા અને ફાયનાન્સ સેક્ટર ૨.૪૭ ટકા વધીને બંધ રહ્યું.

નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહ:

અહી નિફ્ટીનો ડેઈલી ચાર્ટ એટેચ કરેલ છે. સપોર્ટ લાઈન માર્ચ ૨૦૨૦ના લોથી દોરે છે જે સ્પષ્ટ સંકેત આપે છે કે ચાર્ટ ઉપર હાયર ટોપ હાયર બોટમ ફોર્મેશન બની રહી છે અને એ યથાવત છે. નિફ્ટીમાં ૧૧૦૦૦ની સપાટી ક્રોસ થયા બાદ નિફ્ટી ૧૧૨૦૦ના મહત્વના બેરીયરને પણ સ્પર્શતી જોવાઈ છે. હવે ૧૧૨૦૦ અને ૧૧૨૫૦ મહત્વનું રેઝિસ્ટન્સ ઝોન બની શકે છે. કેમકે માર્ચ ૨૦૨૦માં કોવિડ પહેલા ૫ દિવસ સુધી નિફ્ટી આ લેવલ પાસે અટકી હતી અને આપણે ફરી આ લેવલ પાસે આવ્યા છીએ માટે આ લેવલ મહત્વના રહેશે. જો આપણે ૧૧૨૩૮ ઉપર બંધ આપવામાં સફળ રહીશું તો ઝડપથી ૧૧૫૦૦નો આંક જોવાશે. પણ જ્યાં સુધી નિફ્ટી હવે ૧૧૨૩૮ ઉપર બંધ ના આવે ત્યાં સુધી નિફ્ટી એક રેંજમાં રહી શકે છે. નીચામાં નિફ્ટીમાં મહત્વનો સપોર્ટ હવે ૧૧૮૪૦ના મથાળે છે.



Chart 1: Nifty - Daily

Cont...

બેંક નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહ:

બેંક નિફ્ટીમાં પાછલા થોડા દિવસોમાં સારી તેજી જોવાઈ હતી કેમકે કોવીડ પછીના કરેકશનમાં બેંક નિફ્ટી અને નિફ્ટીમાં જે ઘટાડો જોવાયો હતો એ પછી નિફ્ટીમાં સારી રીકવરી જોવાઈ પણ બેંક નિફ્ટીએ મોટા પાયે અન્ડરપરફોર્મન્સ દર્શાવ્યું હતું. માટે બેંક નિફ્ટીની આ કેચઅપ રેલીમાં બેંક નિફ્ટી ૨૩૦૦૦ ઉપર એજ લેવલને સ્પર્શી હતી કે જેની આપણે ગત સપ્તાહે આર્ટીકલમાં ચર્ચા કરી હતી. ચાર્ટ ૨માં બેંક નિફ્ટીનો ચાર્ટ દર્શાવ્યો છે. બેંક નિફ્ટી ચેનલના હાયર લેવલ પાસે રેઝિસ્ટન્સ અનુભવતી જોવાઈ છે અને આવનાર દિવસોમાં બેંક નિફ્ટીમાં ૨૩૨૦૦ પાસે મહત્વનું હર્ડલ રહેશે અને જો બેંક નિફ્ટી ૨૩૨૦૦ ની સપાટી ક્રોસ કરવામાં સફળ રહેશે તો બેંક નિફ્ટીમાં શાર્પ રેલી જોવા મળી શકે છે.



Chart 2: Bank Nifty - Daily

ડેરિવેટિવ્ઝ ડેટા:

વીકલી ઓપ્શન ડેટા દર્શાવે છે કે ૧૧૦૦૦ની સ્ટ્રાઈક ઉપર પુટમાં સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે જયારે ૧૧૫૦૦ની સ્ટ્રાઈક ઉપર કોલમાં સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે. એટલે કે નિફ્ટીમાં ૧૧૦૦૦ પાસે સપોર્ટ છે જયારે ૧૧૫૦૦ પાસે રેઝિસ્ટન્સ છે. નિફ્ટી સાથે બેંક નિફ્ટીના ડેટા જોઈએ તો બેંક નિફ્ટીમાં ૨૩૦૦૦ની સ્ટ્રાઈક ઉપર કોલમાં સૌથી વધારે ઓપન છે માટે ૨૩૦૦૦નું લેવલ બેંક નિફ્ટીમાં ડેરિવેટિવ્ઝ ડેટા મુજબ મહત્વનું હર્ડલ છે.

Nifty Support: 11000

Nifty Resistance: 11500

પીસીઆર અને ફ્યુચર ઓપન ઈન્ટરેસ્ટ:

પીસીઆર દિવસના અંતે ઘટતો જોવાયો છે અને કલોઝિંગ બેઝીઝ ઉપર ત્રણ દિવસથી ઘટી રહ્યો છે. ડે એન્ડ બેઝીઝ ઉપર પીસીઆરમાં ઘટાડો બેરીશ ન્યુઝ છે પણ આપણે પીસીઆરની વિરોધી થીયરીથી પણ વાકેફ છીએ. આ થીયરી કહે છે કે પીસીઆર ૧.૮ કે એની ઉપર હોય તો એ ખુબજ ઓવરબોટ છે અને આ મથાળેથી તેના મીનને મળવા આવે જ છે. પીસીઆર ઘટે પણ માર્કેટ વધારે ના ઘટે તો ખરાબ ન્યુઝ નથી.

ફોરેકસ:

ગત સપ્તાહે જણાવ્યા મુજબ યુએસડીઆઈએનઆર ૭૫ નીચે વધારે કરેક્ટ થઇ શકે છે અને ૭૫ નીચે મંદીવાળાના હાથમાં રહી શકે છે. એજ રીતે ૭૫ના સ્ટોપ લોસ સાથે હજુ પણ ધ્યાન મંદી તરફી રાખી શકાય. નીચામાં ૭૪.૫ પાસે સપોર્ટ બની રહે.

ક્રુડ:

૩૦૦૦ નીચે બંધ આવતા ક્રુડમાં ઘટાડો આગળ વધી શકે છે અને નીચામાં ૨૯૦૦, ૨૮૦૦ના આંક જોવાઈ શકે છે. માટે ક્રુડમાં હવે ૩૦૦૦ ખુબજ મહત્વનો સપોર્ટ બની રહેશે.

બજાર કયા માર્ગે ?

Dilip K. Shah

જુન મહિનામાં બે સપ્તાહ અને જુલાઈ મહિનાના ચાર સપ્તાહો પોઝીટીવ બનતા ભારતીય શેરબજારોમાં કુલ છ સપ્તાહોમાં તેજીનું વાવાઝોડું

શેરબજારમાં આગઝરતી તેજીમાં રિલાયન્સનો સિંહફાળો : આઈટી, બેન્કિંગ સારા રિઝલ્ટસ, FII ની લેવાલીએ સારો વરસાદ મહત્વના પરિબળો

ભારત-ચીન વચ્ચે વણસતા સંબંધો, ચીન-યુએસ વચ્ચે તનાવ, કોરોનાનું વધતું સંક્રમણ, વેક્સિનમાં વિલંબની શકયતા ચિંતાના કારણો

સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૧૧૦૮ પોઈન્ટ ઉછળીને ૩૮૧૨૮ અને નિફ્ટી ૧૧૧૯૪ના લેવલે બંધ

અમેરિકાના બેરોજગારીનો દર ભારે વૃદ્ધિ સાથે ચાર મહિનાની ટોચે

ચીનના આર્થિક ગ્રોથમાં રિકવરીથી સ્ટોક માર્કેટ ઉંચકાયું

લાંબા સમયગાળા બાદ યુ.એસ., યુરોપ અને એશિયા સહિત વિશ્વના તમામ બજારો શુક્રવારે રેડઝોનમાં

સાપ્તાહિક ધોરણે સેકટોરલ આંકમાં એનર્જી અને આઈટી સિવાયના તમામ સેક્ટર્સ દબાણ હેઠળ રહ્યા

આગામી સપ્તાહે બજારની નજર ૩૦ જુલાઈને ગુરૂવારે જુલાઈ F&O એક્સપાયરી ફેડરલ મિટિંગ અને ૬૨૫થી વધુ ક્વાર્ટલી પરિણામો પર રહેશે

સોમવારે ભારતીય શેરબજારોનું ઓપનિંગ ફલેટ ટુ નેગેટીવ : સાપ્તાહિક ધોરણે સ્ટોક સ્પેશિફિક એક્શન

જુલાઈ મહિનામાં પાછલા સપ્તાહે તેજીની હેટ્રિક નોંધાવ્યા બાદ ચાલુ મહિનામાં સતત ચોથુ સપ્તાહ પોઝીટીવ બની રહેતા તેમજ જુન મહિનાના અંતિમ બે પોઝીટીવ સપ્તાહનને સામેલ કરતા ભારતીય શેરબજારોમાં આગઝરતી તેજી કુલ છઠ્ઠા સપ્તાહ પુરા કરી ચુકી છે. જો કે, માર્કેટમાં તેજીનું સતત વાવાઝોડું ફુંકાવા પાછળના મહત્વના પોઝિટીવ પરિણામો રિલાયન્સ ઈન્ડ.નો સિંહફાળો રહ્યો છે. સૂચકાંકોમાં હેવી વેઈટેજ ધરાવતા આ શેરમાં અગાઉ JIO પ્લેટફોર્મ પર વિશ્વના જાયન્ટ કંપનીઓ જંગી ડીલનો પ્રવાહ અવિરત રહ્યા બાદ હાલમાં Reliance Retail માં Amazon ૯.૯ ટકાના સ્ટેક ખરીદવાની હવા જોર પકડી રહી છે. આ સાથે Relianceનો શેર એકતબક્કે રૂ. ૨૧૫૦ ની અને Reliance Partly Paid (PP) નો શેર રૂ. ૧૩૦૦ ની સપાટી નજીક સરકી ચુક્યો છે. આ ઉપરાંત ગત સપ્તાહોમાં Information Technology (I.T.) સેક્ટરના સંગીન પરિણામો પછી બેન્કિંગ શેરોમાં ધારણા કરતા વધુ સારા રિઝલ્ટ, વિદેશી સંસ્થાઓના રોકાણકારોનો વધતો જતો ફંડ ફલો, દેશભરમાં સામાન્ય કરતા વધારે સારૂં રહેલ ચોમાસુ વિગેરે પરિબળો તેજીપૂરક બની રહ્યા હતા.

બીજી તરફ Covid-19ના વધતા જતા કેસો, ભારત-ચીન ની સરહદ પર વધી રહેલ તણાવ, ચીન-અમેરિકા વચ્ચે વણસેલા સંબંધો અને એકબીજાના કોન્સ્યુલેટ બંધ કરવાના દેશો તેમજ એકબીજાના દેશોની યાત પર અંકુશ સાથે ટેન્શનમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત કોરોના વાઈરસની વેક્સિનમાં વિલંબ થવાના અહેવાલો ખાસ કરીને ડોમેસ્ટીક ફંડોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હતું અને માર્કેટમાં વોલેટીલીટી વધી હતી.

આ ઉપરાંત ભારતમાં Covid-19 ના સંક્રમણ થઈ રહેલ સતત વૃધ્ધિ તેમજ ચાલુ નાણાંકીય વર્ષમાં બજેટમાં નાણાંકીય વર્ષ

Cont....

યુ.એસ., બ્રાઝીલ અને ભારત કોરોનાના વધતા સંક્રમણથી પરેશાન
વિતેલ સપ્તાહે ૪૦ દેશોમાં કોરોના કેસની સંખ્યા સીંગલ-ડે માં હાઈ લેવલે

૨૦૨૧ માટે નિર્ધારીત કરવામાં આવેલ ૩ લાખ કરોડની ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં મોટી ખાદ્ય પડવાની સંભાવના તેમજ કોવિડ-૧૯ ને કારણે સરકાર દ્વારા જાહેર થઈ રહેલ સબસિડીની આગામી સમયમાં વિપરીત અસર જોવાશે. જો કે, પાછલા પાંચ સપ્તાહની તુલનામાં ગત સપ્તાહે ભારતીય શેરબજારની રફતાર થોડી ઢીલી પડી છે.

વિતેલ સપ્તાહે સેન્સેક્સમાં પાંચમાંથી ત્રણ ટ્રેડિંગ સેશન અને નિફ્ટીનું એક ટ્રેડિંગ સેશન નકારાત્મક જોવાયું હતું. સોમવારે સેન્સેક્સમાં ૩૯૮.૮૫ પોઈન્ટના ઉછાળા બાદ મંગળવારે ૫૧૧.૩૪ પોઈન્ટની તેજી જોવાઈ હતી બુધવારે ૫૮.૮૧ પોઈન્ટના સાધારણ ઘટાદા બાદ ગુરૂવારે ૨૬૮.૯૫ પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો શુક્રવારે માર્કેટમાં જોરદાર અફરા-તફરી તેમજ Sea-Saw ટ્રેડ સાથે સેન્સેક્સમાં ૧૧ પોઈન્ટનો ઘટાડો જોવાયો હતો. આમ સાપ્તાહિક ધોરણએ સેન્સેક્સ ૧૧૦૮.૭૬ પોઈન્ટ વધીને ૩૮૧૨૮.૯૦ ના મથાળે જ્યારે નિફ્ટી ૨૯૨.૪૫ પોઈન્ટ વધીને ૧૧૧૯૪.૧૫ ના લેવલે બંધ રહ્યા હતા.

વિશ્વભરમાં કોરોના વાઈરસના સંક્રમણના કેસોમાં ભારે વૃધ્ધિ જોવાઈ રહી છે. હાલમાં અમેરિકા, બ્રાઝિલ પછી ભારત ત્રીજા ક્રમે આવી ચુક્યું છે. એકંદરે વિશ્વના ૪૦ દેશોમાં કોરોનાના કેસોની સંખ્યા ગત સપ્તાહે સીંગલ-ડે હાઈ લેવલે સ્પર્શી ગઈ છે. યુ.એસ.માં આ સામે બેરોજગારીના દરમાં ભારે વૃધ્ધિ સાથે ચાર મહિનાની ટોચે સ્પર્શી ગયેલ છે. આથી વિરુધ્ધ ગત સપ્તાહે ચાઈનાના આર્થિક ગ્રોથમાં રિકવરી જોવાઈ છે અને ગત સપ્તાહોમાં ચાઈનીઝ માર્કેટના સ્ટોક્સમાં કુલ ૧ ટ્રિલિયન ડોલરનો ઉછાળો જોવાયો હતો.

મહત્વની બાબત એ છે કે, ગત સપ્તાહના અંતે એટલે કે, શુક્રવારે વિશ્વભરના તમામ શેરબજારો રેડ ઝોનમાં જોવાયા હતા જેમાં U.S. માં Dow JOnes માં ૧૮૨.૪૪, NASDAQ માં ૯૮ પોઈન્ટ, યુરોપમાં CAC ૭૭.૩૩ પોઈન્ટ, DAX માં ૧૧, FTSE માં ૮૭.૬૨ જ્યારે એશિયામાં Nikkei માં ૧૩૨, Strait Times માં ૩૨ પોઈન્ટ, Taiwan માં ૧૦૭ પોઈન્ટ, Kospi માં ૧૫ પોઈન્ટ, Jakarta માં ૬૨ પોઈન્ટ, Hang Seng માં ૫૫૭ પોઈન્ટ અને Sanghai ઈન્ડેક્સમાં ૧૨૮.૨૪ પોઈન્ટનો કડાકો જોવાયો હતો. આમ લાંબા સમય બાદ યુ.એસ., યુરોપ અને એશિયાના તમામ બજારો લાલ નિશાનમાં જોવાયા હતા.

વિતેલ ગત સપ્તાહે સેકટરોલ આંકમાં એનર્જી ઈન્ડેક્સ સૌથી વધુ ૨.૯ ટકા વધ્યો હતો જ્યારે આઈ.ટી. આંક ૧.૩ ટકા સુધર્યા હતા. અન્યમાં Financial, Infra, CPSE, Healthcare, Bankex, Telecom, Utilities, Auto, Capital Goods, Metal, Consumer Durable, Power ઈન્ડેક્સ નીચા બંધ રહ્યા હતા.

આગામી સપ્તાહોમાં ભારતીય અર્થતંત્રને વેગ આપવા માટે વધુ એક સ્ટીમ્યુલસ પેકેજ જાહેર થવાની શકયતા છે. સરકારે મે મહિનામાં જાહેર કરેલ પેકેજ "આત્મનિર્ભર" ,"ભારત અભિયાન" પછી નવા પ્રોત્સાહન પેકેજની માંગ ઉભી છે નાણામંત્રાલયના મતે ભારતીય અર્થતંત્ર અંદાજ કરતા ઝડપતી સામાન્ય થવાની શકયતા છે. કોરોના વેક્સીન સફળ થવાની આશા પણ ઉભી છે.

વિતેલ સપ્તાહે ડોલર સામે રૂપિયો સાધારણ મજબુત બનીને રૂ. ૭૪.૮૬ ના મથાળે જોવાયો હતો. ઓપેક દ્વારા ક્રુડના ઉત્પાદનમાં ઘટાડો કરવાના નિર્ણય છત્તાં ગત સપ્તાહે એક તબક્કે બ્રેન્ટ ક્રુડ બેરલદીઠ ૪૪.૫૦ ડોલર પ્રતિ બેરલ ઉછળી ગયા બાદ વધીને ૪૩.૫૦ ડોલર જોવાયું હતું.

આગામી સપ્તાહે જુલાઈ એફ એન્ડ ઓની એક્સપાયરી તેમજ યુ.એસ. ફેડરલની મીટીંગ મળી રહી હોવાથી બજારની નજર તેની ઉપર રહેશે. ઉપરાંત આગામી સપ્તાહે લગભગ ૬૨૫ થી વધુ કંપનીઓના ક્વાર્ટલી પરિણામો જાહેર થઈ રહ્યા છે. આ સાથે ચોમાસાની પ્રગતિ, કોરોના વાયરસના વધતા જતા કેસો, વેક્સીનની ડેવલપમેન્ટ, DII તેમજ FIIની મુવમેન્ટ વિગેરે પરિબળો માર્કેટની દિશા નક્કી કરશે. સોમવારે સવારે ભારતીય શેરબજારનું ઓપનિંગ નકારાત્મક, રેન્જબાઉન્ડ રહી શકે છે. ઉપરાંત ક્વાર્ટલી પરિણામોની મૌસમ પુરબહારમાંખીલી હોવાથી સપ્તાહ દરમ્યાન વોલેટાઈલ માર્કેટમાં સ્ટોક સ્પેસીફીક એકશન જોવાય.

બજાર બહારની વાત Dilip K. Shah

<1>

૨૦૨૦-૨૧ ના નાણાંકીય વર્ષના અંતે....
Debt-to-GDP રેશિયો ૮૭.૬ ટકા થશે : રિપોર્ટ

ચાલુ નાણાકીય વર્ષના અંતે ભારતનો ડેટ/જીડીપી રેશિયો ઊછળીને ૮૭.૬ ટકા થશે જે નાણાકીય વર્ષ ૨૦૨૦ના અંતે ૭૨.૨ ટકા હતો. કોવિડ-૧૯ રોગચાળાના પરિણામે સરકારે વધારાનું ઋણ લેવાની ફરજ પડી તેનું આ પરિણામ છે તેમ એસબીઆઇ ખાતેના અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું.

ડેટ ટુ જીડીપી રેશિયોમાં ચાર ટકાથી વધારે વધારો વૃદ્ધિમાં ઘટાડાને કારણે હતો જે વર્ષ દરમિયાન જીડીપીના સંકોચન દ્વારા જોવા મળશે, તેમ તેઓ કહે છે. તેઓ રાજકોષીય બચતનાં પગલાં ભરવાના બદલે ગ્રોથને લગતા પ્રશ્નોને હલ કરવા પર ભાર મૂકે છે.

આ વધારે ઊંચી ઋણની રકમ એફઆરબીએમ એક્ટ, ૨૦૦૩ના શિફ્ટિંગ તરફ પણ આગળ લઈ જઈ શકે જે નાણાકીય વર્ષ ૨૦૩૦ સુધીમાં સંયુક્ત ડેટ જીડીપીના ૬૦ ટકા પર લઈ જવાનું ધ્યેય રાખે છે.

મુખ્ય મુદ્દો એ છે કે આ ઋણ ટકાવી શકાય છે કે કેમ. ફોરેક્સ રિઝર્વ તરીકે આપણી પાસે ૫૦૦ અબજ ડોલરથી વધુ રકમ હોવાથી તે બાહ્ય ઋણને નિયંત્રણમાં લઈ શકે છે જ્યારે ઇન્ટરનલ ઋણના સર્વિસિંગમાં કોઈ મુદ્દો ઉપસ્થિત થતો નથી.તેણે વધુમાં ઉમેર્યું હતું કે, હાલની પરિસ્થિતિમાં અમારું નોમિનલ જીડીપી વૃદ્ધિ અંગે સંભવિતપણે નોંધપાત્ર રીતે ઘટવાનું ધ્યાન છે.

પોઝિટિવ પાસાનો વિચાર કરીએ તો તે ઋણ પરના યીલ્ડમાં ઘટાડો છે જે કેન્દ્ર અને રાજ્ય એમ બન્ને સરકારો માટે વ્યાજના ખર્ચમાં ઘટાડો કરશે. અર્થશાસ્ત્રીઓએ કોરોના વાઇરસની કટોકટી વચ્ચે આરબીઆઇ દ્વારા ખાધનું સીધું મોનેટાઇઝેશન કરવામાં આવે તેના પર ભાર મૂક્યો હતો.

મોટાભાગની બેન્કોના હિસ્સાનું વેચાણ ખાનગી બેન્કોને કરાશે
BOI, Central Bank, IOB, UCO સહિત ૬ બેન્કો પ્રથમ તબક્કામાં વેચી દેવાશે

ભારત સરકાર અડધી વધુ રાષ્ટ્રીયકૃત બેન્કોનું ખાનગીકરણ કરવા વિચારી રહી છે. દેશમાં બેન્કિંગ ઉદ્યોગની પુનર્રચનાની કામગીરીના ભાગરૂપે આ પગલું લેવામાં આવશે એ પછી સરકારી માલિકીની બેન્કોની સંખ્યા માત્ર પાંચ જ રહી જશે તેમ સરકાર અને બેન્કિંગ સાથે સંકળાયેલા સુત્રોએ જણાવ્યું છે.

આ યોજનાના પ્રથમ ભાગમાં બેન્ક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, યુકો બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર અને પંજાબ એન્ડ સિન્ધ બેન્કમાંથી બહુમતી હિસ્સો વેચવામાં આવશે આને કારણે આ સરકારી બેન્કોનું અસરકારક ખાનગીકરણ હાથ ધરાશે.

આની પાછળનો હેતુ દેશમાં સરકારી બેન્કોની સંખ્યા માત્ર ચારથી પાંચ કરવાની છે. ભારતમાં હાલમાં ૧૨ સરકારી બેન્કો છે. હાલમાં સરકાર જે દરખાસ્તની રચના કરી રહી છે તેમાં ખાનગીકરણની એક નવી યોજનાનો પણ સમાવેશ કરાયો છે. આ દરખાસ્ત કેબિનેટને મંજુરી માટે મોકલવામાં આવશે.

ગત વર્ષે સરકારે દસ સરકારી બેન્કોને મર્જ કરીને ચાર બનાવી દીધી હતી. આ પ્રક્રિયામાં કેટલીક મોટી બેન્કો પણ એકબીજામાં ભેળવી દેવાઈ હતી.

બજાર બહારની વાત Dilip K. Shah <2>

Reliance Ind. એ ગત છ મહિનામાં અનેક ડીલ દ્વારા રંગ રાખ્યો હતો ૨૦૨૦ના બીજા છ માસિક ગાળામાં પણ અનેક નવા ડીલ માટે BofA બુલિશ

ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ અગ્રણી બેન્ક ઓફ અમેરિકા (BofA) ચાલુ કેલેન્ડર વર્ષના બીજા છ માસિક ગાળા અંગે ખાસ્સી બુલીશ છે તેના મતે કોરોનાને કારણે બિઝનેસ સેન્ટિમેન્ટ ખરડાયું છે તેમ છત્તાં અનેક ડીલ પાઈપલાઈનમાં છે જે હવે સાકાર થશે.

ઈન્ડસ્ટ્રીઝે ટ્રેકર મર્જર માર્કેટના જણાવ્યા મુજબ બેન્ક ઓફ અમેરિકા આઈ-બેન્કિંગ લીગ ટેબલમાં બીજા ક્રમે રહી હતી તેણે આ છ મહિનાના ગાળામાં ૬.૭ અબજ ડોલરના ડીલ મેનેજ કર્યા હતા અને ૧૭.૬ ટકા માર્કેટ હિસ્સો કબ્જે કર્યો હતો. મોર્ગન સ્ટેન્લી ૧૩ અબજ ડોલરના નવા ડીલ સાથે પ્રથમ ક્રમે રહી હતી.

બેન્ક ઓફ અમેરિકા રિલાયન્સના રાઈટ ઈસ્યુના બુકરનર પૈકી એક હતી. આ ઉપરાંત આ બેન્કે ફેસબુકના જિયોમાં હિસ્સો ખરીદવા માટે સલાહ આપવાનું કામ પણ કર્યું હતું તેણે સ્ટાન્ડર્ડ લાઈફ અરેબીયન (એચડીએફસી લાઈફ અને એચડીએફસી એએમસી) ના બ્લોક ડીલ અને બ્લેક સ્ટોનના (એમ્બેસી ઓફિસ પાર્કસ આરઆઈઆઈટી) બ્લોક ડીલ પણ સંપન્ન કર્યા હતા.

બેન્ક ઓફ અમેરિકાએ આ ઉપરાંત એસબીઆઈ કાર્ડસ એન્ડ પેમેમેન્ટસનો આઈપીઓ પાર પાડ્યો અને એવન્યુ સુપર માર્ટ નો ક્યુઆઈપી અને ઓએફએસ પણ પાર પાડ્યો હતો. હવેના છ મહિનામાં એવા સેક્ટરમાં ડીલ જોવા મળશે જેને કોરોનાની અસર થઈ છે અને તે ઉપરાંત ફાયનાન્સિયલ ઈન્સ્ટીટ્યુશનલ ડીલ થશે જે ગ્રોથ માટે મુડી ઉભી કરવા માંગે છે.

રિલાયન્સ રિટેલનો ૯.૯% હિસ્સો ખરીદવા એમેઝોનની તૈયારી

Amazon.com રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની રિટેલ કંપનીનો ૯.૯ ટકા હિસ્સો ખરીદવા વાટાઘાટ કરી રહી છે. અમેરિકન કંપની જિયો માર્ટ માટે રિલાયન્સ રિટેલમાં વ્યૂહાત્મક હિસ્સો ખરીદવા માંગે છે.

જિયો માર્ટ રિલાયન્સ રિટેલનું ઇ-કોમર્સ સાહસ છે, જે મે મહિનામાં લોન્ચ કરાયું હતું. તે એમેઝોનના સ્થાનિક બિઝનેસ અને વોલમાર્ટની માલિકીની ફ્લિપકાર્ટ માટે મોટો પડકાર છે.

અગાઉ ચાલુ વર્ષે એમેઝોન ઇન્ડિયાએ તેના પ્લેટફોર્મ પર નાની સ્થાનિક દુકાનોને લાવવા ખાસ કાર્યક્રમની જાહેરાત કરી હતી.

૧ ઓગસ્ટ ૨૦૨૦થી શેરબજારમાં લાગુ થનારા નવા નિયમો

કેશ સેગ્મેન્ટ માં માર્જિન જરૂરી

- કેશ સેગ્મેન્ટ માં પણ માર્જિન શોર્ટેજ પેનલ્ટી લાગુ પડશે.
- ઈન્ટ્રાડે માં આવેલ નુકસાની અને ડીલીવેરી માં લાગતું માર્જિન એડવાન્સ માં આપવું પડશે.
- ડિલીવરી નું પેમેન્ટ તો T ૨ માં જ આપવાનું છે, પરંતુ માર્જિન હવે થી એડવાન્સ રાખવું પડશે.
- બીજા જ દિવસે સવાર માં ફૂલ પેમેન્ટ નું RTGS કરે તો પણ માર્જિન શોર્ટેજ પેનલ્ટી લાગશે.
- ડિમેટ એકાઉન્ટમાં રાખેલા શેર્સ માર્જિન પેટે આપી શકાશે. જેની પ્રક્રિયા નીચે જણાવેલ છે.
- ટૂંક માં... કોઈપણ સોદો કરતા પહેલા એકાઉન્ટ માં પુરતું માર્જિન હોવું જ જોઇશે નહીતર પેનલ્ટી લાગી જશે.
- જો સામે ખરીદનો સોદો પણ હશે તો વેચાણ તેમજ ખરીદ - બંને પર માર્જિન લાગુ પડશે. જેથી જો વેચાણ નો માલ અર્લી-પેયઈન મારફત લેવાશે, તો તેના પરનો માર્જિન નો ફાયદો ખરીદેલા માલ પર મળી શકશે નહિ.
- જે લોન્ગ-ટર્મનો માલ હોય, તે માર્જિન પેટે પહેલેથી આપી દેવો હિતાવહ છે.

શેર્સ માર્જિન માં મુકવાની પ્રક્રિયા

- F&O, કરન્સી, તેમ જ કેશ સેગ્મેન્ટમાં શેર્સ માર્જિન માં મુકવાની પ્રક્રિયા માં ફેરફાર થશે.
- ડીમેટએકાઉન્ટ માં રહેલ શેર્સ ની વેલ્યુ માર્જિન સામે ની ક્રેડીટ માં ગણી શકાશે નહિ.
- અત્યાર સુધી માં માર્જિન અકાઉંટ માં મુકેલા બધા જ શેર્સ છોડાવી ક્લાયન્ટના ડીમેટ માં આપવા પડશે.
- આ પ્લેજ કરવામાં NSDL તરફ થી ક્લાયન્ટ ને SMS તેમજ ઈમેઈલ દ્વારા OTP મળશે, જે OTP ક્લાયન્ટ એ પોતેજ સાથે આપેલ NSDLની વેબસાઈટની લિંકમાં એન્ટર કરવાનો રહેશે.
- T-દિવસ ના ટ્રેડ સામે માર્જિનનો બેનિફિટ જોઈતો હશે તો T દિવસેજ OTP થી પ્લેજની પ્રક્રિયા પૂરી કરવાની રહેશે. જો તે દિવસે પ્લેજ નહિ કરાય તો T દિવસનું માર્જિન શોર્ટ જઈ શકે છે.
- ટ્રેડ ફોર ટ્રેડ અને હાઈ વોલેટિલિટી વાળા શેર્સ જેની માર્જિન વેલ્યુ નહિવત હોય તેવા શેર્સ માર્જિનમાં આપી શકાશે નહિ.

ટ્રેડિંગ એક્સપોઝર

- આ સાથે એક્સચેન્જની એક્સપોઝર પ્રોસેસમાં ઘણા ફેરફાર આવવાના છે. જેને કારણે ઑગસ્ટ ના પ્રથમ અઠિવાડિયામાં ક્લાયન્ટના ડિમેટના શેર્સ પર ટ્રેડિંગ એક્સપૉઝર આપી શકશે નહિ.
- જે ક્લાયન્ટનું ખાતું ક્રેડિટ હશે, અથવા જે ક્લાયન્ટના શેર્સ પ્લેજ થઇ ગયેલા હશે, તેમને જ એક્સપોઝર મળી શકશે.

ખાસ ધ્યાન રાખવાના મુદ્દા

- ટ્રેડિંગ તેમજ ડિમેટ એકાઉન્ટમાં સાચા મોબાઈલ નંબર તેમજ ઈમેઈલ ID હોવા ખૂબજ જરૂરી છે. મોબાઈલ તેમજ ઈમેઇલ ના ફેરફાર માટે ૨ દિવસ આપવા જરૂરી છે કેમ કે આ ચેન્જ ડિપોઝિટરી અને એક્સચેન્જમાં વેરીફાય કરવાનો હોય છે. તો છેલ્લી ઘડીએ ચેન્જ શક્ય નહિ બને.
- આપના ઓટો-પેયઈન POA મારફતે પ્લેજ ઇનિશિયેટ કરશે. પરંતુ, OTP દ્વારા વેરીફાય અને એક્સેપટ કરવાની જવાબદારી ક્લાયન્ટની જ રહેશે.
- અગર કોઈ રોકાણકાર ૧૨ મહિના થી કોઈ સોદો નથી કરતા (કોઈ પણ સેગ્મેન્ટ માં), તો તે એકાઉન્ટને ડોર્મન્ટ ઇનએક્ટિવ છે. કોઈપણ સંજોગોમાં તે એકાઉન્ટમાં સંપૂર્ણ KYC પ્રક્રિયા ફરીથી કર્યા વગર સોદો કરવા દેવામાં આવેશે નહિ. આ RE-KYC ની પ્રોસેસ માં ૧ થી ૨ દિવસ જેવો સમય લાગી શકે છે, તો સમયસર એકાદ ટ્રેડ કરી લેવાથી ફરી KYC પ્રોસેસ નહિ કરવી પડે.

માર્જિન શોર્ટેજની પેનલ્ટી

- શોર્ટફોલ રૂ. ૧ લાખ અને ૧૦% થી ઓછો = ૦.૫% પેનલ્ટી
- શોર્ટફોલ રૂ. ૧ લાખ અથવા ૧૦% થી વધુ = ૧.૦% પેનલ્ટી
- સળંગ ૩ દિવસ માર્જિન શોર્ટેજ હશે તો ચોથા દિવસથી ૫.૦% પેનલ્ટી
- મહિનામાં કોઈ પણ ૫ દિવસ માર્જિન શોર્ટેજ હશે તો છઠ્ઠા દિવસથી ૫.૦% પેનલ્ટી



BSE પર ૧૫ જુને શેરનો ભાવ રૂ. ૯.૦૯, હાલમાં અનલિસ્ટેડ માર્કેટમાં ભાવ રૂ. ૮૦,૦૦૦

ELCID INVESTMENTS ના પેન્ની સ્ટોકે ૯,૦૦,૦૦૦ ટકા પ્રિમિયમ સાથે ઘણા રેકોર્ડ તોડ્યા

કંપની હસ્તક એશિયન પેઈન્ટસના ૨.૮૩ કરોડ શેર્સ : માર્કેટ કેપ માત્ર ૦.૧૮ કરોડ

માર્કેટકેપ કંપની ELCID Investments નો શેર છેલ્લે ૧૫ જુને BSE ખાતે ૪.૯૭ ટકા વધીને ૯.૦૯ ના લેવલે બંધ રહ્યો હતો જે અનલિસ્ટેડ માર્કેટમાં તેનો ભાવ રૂ. ૮૦,૦૦૦ ચાલે છે. આમ લિસ્ટેડ માર્કેટ કરતા અનલિસ્ટેડ માર્કેટમાં શેરનો ભાવ ૯,૦૦,૦૦૦ ટકા વધારે છે જેના કારણે દલાલ સ્ટ્રીટથી લઈને અનલિસ્ટેડ માર્કેટના ઈન્વેસ્ટર્સમાં ગબજનું આશ્ચર્ય ફેલાયું છે.

આ શેરમાં ખાસ ટ્રેડિંગ થતું નથી અને લોકો તેમાં ઓફ માર્કેટ ટ્રેડ કરવાનું પસંદ કરે છે આ શેરનો ભાવ એશિયન પેઈન્ટસના શેરના ભાવ સાથે સીધો જોડાયેલો છે. સામાન્ય રીતે HNI ઈન્વેસ્ટર્સ આવા શેરમાં ટ્રેડ કરતા હોય છે આ શેર માટે અમને ઘણા ઈન્વેસ્ટર્સ પુછે છે પરંતુ બાયર પ્રાઈસ અને સેલર પ્રાઈસ વચ્ચેનો તફાવત ઘણો વધારે હોવાથી બહુ ઓછા સોદા શક્ય બને છે.

બીએસઈ પર ઉપલબ્ધ ડેટા પ્રમાણે આ શેર છેલ્લાં એક વર્ષમાં માત્ર છ વખત જ ટ્રેડ થયો હતો. આ કંપનીના કુલ ૨,૦૦,૦૦૦ શેર્સ સરક્યુલેશનમાં છે. ૩૦ જુન ૨૦૨૦ સુધીની વિગતો પ્રમાણે આમાંથી પબ્લિક શેરહોલ્ડર્સ પાસે ૫૦,૨૫૦ શેર્સ છે જ્યારે બાકીના ૧,૪૯,૭૫૦ શેર્સ પ્રમોટર પાસે છે. ELCID ઈન્વેસ્ટમેન્ટસ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી વાર્ષિક રૂ. ૧૫ નું ડિવિડંડ ચુકવતી આવી છે. એશિયન પેઈન્ટસની પ્રમોટર્સ કંપનીઓમાં ELCID ઈન્વેસ્ટમેન્ટનો પણ સમાવેશ થાય છે કારણ કે તેની પાસે એશિયન પેઈન્ટસના ૨.૮૩ કરોડ શેર્સ છે. એશિયન પેઈન્ટસના વર્તમાન બજારભાવે મુલ્ય આ શેર્સનું રૂ. ૪૯૦૦ કરોડથી પણ વધારે છે. જો કે, ELCID ઈન્વેસ્ટમેન્ટનું માર્કેટ કેપિટલાઈઝેશન માત્ર રૂ. ૦.૧૮ કરોડ છે.

માર્કેટના નિષ્ણાતો કહે છે કે, ELCID ઈન્વેસ્ટમેન્ટના સિંગલ શેરનું મૂલ્ય રૂ. ૨.૪ લાખ છે અને અનલિસ્ટેડ માર્કેટમાં તેના વર્તમાન ભાવે પણ તે ૬૬ ટકા ડિસ્કાઉન્ટે ટ્રેડ થઈ રહ્યો છે.

ELCIDના શેરનું આટલું જંગી પ્રિમિયમ નવાઈની વાત નથી. હોલ્ડિંગ કંપનીઓ હંમેશા જંગી ડિસ્કાઉન્ટ ધરાવતી હોય છે તે જાણીતી વાત છે અને ELCID પણ તેમાંથી બાકાત નથી. શેરબજારો પર તેનો ભાવ ખુબજ નીચો હોવાથી તેને લઈને આ ચર્ચા જાગી છે. પ્રતિષ્ઠિત કોર્પોરેટ જૂથોની ઘણી હોલ્ડિંગ કંપનીઓ છે જેના શેર્સ લિસ્ટેડ અને અનલિસ્ટેડ માર્કેટસમાં ELCID કરતા પણ વધારે ડિસ્કાઉન્ટ ધરાવે છે.

નિષ્ણાતોના મતે ELCID Investment નું મુલ્ય ૨.૪ લાખ જોતા અનલિસ્ટેડ માર્કેટમાં આ શેર ૬૬ ટકા ડિસ્કાઉન્ટથી ટ્રેડ થઈ રહ્યો છે

www. smartchat.com

તેજીવાળાઓને કોરોના કે અર્થતંત્રના નબળા આંકડાનો કોઈ ડર જ નથી
રિલાયન્સના અનેક રેકોર્ડ વચ્ચે બજારમાં સતત પાંચમા સપ્તાહે આગેકૂચ
રિલાયન્સ જિયો પછી હવે રિટેલનો જુવાળ જોવાશે, એમેઝોન રોકાણ માટે સજ્જ
આગામી સપ્તાહે પરિણામ: રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, મારુતિ, ડો. રેડ્ડીઝ, ટેક મહિન્દ્રા, કોટક બેન્ક, ભારતી એરટેલ, અલ્ટ્રાટેક
અમેરિકા અને ચીન વચ્ચેના ઘર્ષણ પર નજર રાખવી પડશે

કે.પી બજારમાં આગઝરતી તેજી આગળ ધપી. બજાર લાગલગાટ પાંચમા સપ્તાહે પણ વધીને બંધ રહ્યું.

નેમચંદ સેન્સેક્સ ૩૮,૦૦૦ને પાર થઈ ગયો અને નિફ્ટી ૧૧,૨૦૦ને પાર થઈ ગયો.

માલપાની આ તમામ પાંચ સપ્તાહ રિલાયન્સના દમ પર જ સેન્સેક્સ અને નિફ્ટી દોડ્યા છે. રિલાયન્સ આ પાંચ સપ્તાહમાં રૂ.૧૬૦૦ આસપાસથી ઉછળીને રૂ.૨૧૦૦ને પાર થઈ ગયો છે.

કે.પી રિલાયન્સ વૈશ્વિક રોકાણકારોનો વિશ્વાસ જીતવામાં સફળ રહી જેને કારણે તેના શેરમાં દરેક ઉછાળે સતત લાવ-લાવ થઈ રહ્યું છે.

નેમચંદ રિલાયન્સ માર્કેટ કેપની દૃષ્ટિએ સતત પોતાના રેકોર્ડ તોડી રહી છે. માર્કેટ કેપ ગત સપ્તાહે શુક્રવારે રૂ. ૧૪ લાખ કરોડને પાર થઈ ગયું.

માલપાની હજી આ તો રિલાયન્સ જિયોમાં રોકાણને પગલે જ આગેકૂચ જોવાઈ છે. રિટેલનો જુવાળ હજી બાકી છે. એમેઝોન હવે રિલાયન્સ રિટેલમાં ૯.૯ ટકા હિસ્સો ખરીદવાની તૈયારીમાં છે.

કે.પી જિયો અને રિટેલ મળીને રિલાયન્સનો શેર રૂ.૩૦૦૦ને પાર કરાવશે એવું લાગે છે.

નેમચંદ આવું થશે તો સેન્સેક્સ પણ કોરોનાના કેરને ભૂલીને નવી ટોચ બનાવશે તેમ લાગે છે.

માલપાની ભાઈ, હવે તેજીમાં તો તેજીના જ ગુણ ગાવા પડેને. કોઈ બ્રેક વગરની આ તેજી જોવાઈ રહી છે.

કે.પી તેજીવાળાઓને કોરોના કે અર્થતંત્રના આંકડાનો કોઈ ડર જ નથી.

નેમચંદ મને તો લાગે છે કે મંદીવાળાઓ સાથે તેજીવાળાઓનું સેટિંગ થઈ ગયું લાગે છે.

માલપાની હા...હા...હા..હા. તમે પણ જબરી મજાક કરો છો હો.

નેમચંદ તો શું કહેવું. આ તમે લોકો કમાઈ ગયા અને હું રહી ગયો. મારે માર્ચમાં ઘણાં શેર ખરીદવા હતા, પણ ન લેવાયા. તે વખતે વધારે નીચે જશે તેવો ગભરાટ હતો.

કે.પી આ ઝડપી તેજીમાં તો બ્રોકરો જ કમાયા.

નેમચંદ વાત સાચી. તમામ બ્રોકિંગ હાઉસીસના જૂન ક્વાર્ટરના પરિણામ જોઈ લેજો. જોરદાર નફો આવી રહ્યો છે.

Cont...

માલપાની ચિંતા ન કરો, બજારમાં તક તો આવતી જ રહેશે. યાદ રાખો, આ ૨૦૨૦નું વર્ષ છે, કોઈને છોડવાનું નથી. તેજીવાળા હોય કે મંદીવાળા.

કે.પી વાત સાચી. હવે તો આ વર્ષ જલદી પૂરું થાય તો સારું.

નેમચંદ વૈશ્વિક મોરચે પણ આ ચીન અને અમેરિકા વચ્ચે ફરી ઘર્ષણ વધ્યું છે. બન્નેએ એકબીજાના દૂતાવાસ બંધ કર્યા છે.

માલપાની આગામી સપ્તાહે અમેરિકા-ચીન પર જ નજર રાખવી પડશે. સ્થાનિક કરતાં વૈશ્વિક સ્તર પર વોચ રાખવી પડશે.

કે.પી આવતા સપ્તાહે કોટક મહિન્દ્રા બેન્ક, ભારતી ઈન્ફ્રાટેલ અને ટેક મહિન્દ્રા સોમવારે પરિણામ જાહેર કરશે.

નેમચંદ આઈસીઆઈસીઆઈ બેન્કે શનિવારે પરિણામ જાહેર કર્યા તેની અસર પણ સોમવારે જોવાશે.

માલપાની અલ્ટ્રાટેક મંગળવારે પરિણામ જાહેર કરશે. બુધવારે ભારતી એરટેલ, ગ્લેક્સોસ્મીથક્લાઈન ફાર્મા, ડો. રેડ્ડીઝ લેબ, અને મારુતિના પરિણામ છે.

કે.પી એચડીએફસી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૩૦મીને ગુરુવારે પરિણામ જાહેર કરશે.

નેમચંદ આઈઓસી અને એસબીઆઈના ૩૧મીએ પરિણામ છે.

માલપાની અમેરિકન ફેડરલ રિઝર્વ ૨૯મીએ વ્યાજના દર જાહેર કરશે. તેના પર પણ બધાની નજર રહેશે.

કે.પી એફઆઈઆઈની છેલ્લાં સપ્તાહમાં ખરીદી વધી છે. તેમના આંકડા પર નજર રાખવી પડશે.

નેમચંદ ઈન્ડેક્સ બેઝ્ડ કંપનીઓના પરિણામ હોવાથી બજાર છઠ્ઠા સપ્તાહમાં પણ આગેકૂચ કરે તો નવાઈ નહીં.

સર્કીટ બ્રેકીંગ શેર્સ

Manoj Sanghvi
(M.: 093270 72792)



રિલાયન્સના સિંહફાળા થકી માર્કેટની દિશા પોઝીટીવ જોવાય

માર્ચના અતિ હેવી પેનીક બાદ જે મોમેન્ટમ પકડાઈ છે તેમાં તો સારા ફંડામેન્ટલ્સ વાળી કંપનીના શેરોના ભાવો ડબલથી પણ ાગળ નિકળી ગયા છે. લગભગ દરેક કાઉન્ટરો પર મજબુતી જોવા મળી રહી છે.

સરકાર જો ઓફર ફોર સેલ દ્વારા પીએસયુ કંપનીના શેરોની હાલત ખરાબ ન કરે તો પીએસયુ કંપનીના શેરોના વેલ્યુએશન પણ વધતા જોવા મળે. કોન્કોર જેવા નિર્ણયો ઘણી બધી કંપનીઓ પર કરવા જેવા છે. જેથી કંપનીની સ્થિતિ સુધરે અને તેનો લાભ સામાન્ય રોકાણકારોને મળી શકે.

ફાર્મા, કેમિકલ્સ, ફર્ટીલાઈઝર્સ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર પર હવે સરકાર રીલીફ આપી રહી છે. હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરો પણ પણ પોઝીટીવ અસર જોવા મળશે.

માઈનીંગ અને ડિફેન્સ સેક્ટર પર પણ સરકાર રિફોર્મ્સ કરી રહી છે. ભારત ડાયનેમીક્સ ૨૨૦ થી ૪૫૦ થઈ રૂ. ૩૯૦ આવ્યો. ઘણા શેરો પર પોઝીટીવ અસર દેખાઈ રહી છે. MOIL, KIOCL, BDL, NMDC ચાર સારા કેન્ડીડેટ છે. એક્યુમ્યુલેટ કરવા માટે.

નાના ફાર્મા કંપનીના શેરો પર ધ્યાન આપો. ટેઈક ઓવર કેન્ડીડેટ બની શકે છે. મોટી ફાર્મા કંપનીઓની નજર નાની ફાર્મા કંપનીઓ ઉપર રહેશે.

કેમિકલ્સ સેક્ટરમાં તેજીનો જબરજસ્ત માહોલ જામી રહ્યો છે. ભારતીય કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ માટે આવનારો સમય ખુબજ સારો બની શકે છે. સરકાર સેક્ટર માટે ઘણી જાહેરાતો કરી ચુકી છે.

પોર્ટફોલિયો સ્વીચઓવર માટે આ પરફેક્ટ સમય છે.

CARE Ratings (Rs. 437.00) (Code : 534804) (F. V. : 10.00) :- ૨૦૧૩ થી લગાઈને દર વર્ષે મીનીમમ ૨૮ રૂપિયાથી ૮૭ રૂપિયા સુધીનું વ્યાજ આપ્યું છે. ડિવિડંડ યીલ્ડ અત્યારે આવી કોઈ કંપની નહી આપે. ક્રિસીલ, સીએલએસએ, એલઆઈસીએ ૧૫૦૦+ માં રોકાણ કર્યું છે. ડેબ્ટ ફ્રી કંપની છે.

Welspun Corp. (Rs. 80.00) (Code : 532144) (F. V. : 5.00) :- સ્ટીલ હેવી પાઈપ્સની તેની પ્રોડકટ વર્લ્ડની બીજા નંબરની આ કંપનીનો શેર કોન્સોલીડેશનના તબક્કામાં છે. ૫૨ સપ્તાહ ઉપરમાં ૨૨૫૭ અને નીચે ૫૦ ડાઉનસાઈડ રીસ્ક લીમીટેડ.

HSIL (Rs. 55.90) (Code : 500187) (F. V. : 2.00) :- હિન્દુસ્તાન સેનેટરી - ડિમર્જર બાદ આ શેર્સ ખાસ્સો એવો કોન્સોલીડેશનમાં છે. સેરાનો ૫ પેઈડઅપનો ભાવ રૂ. ૨૨૦૦ એટલે કે રૂ. ૪૦૦ જે ૧૦ ના હિસાબે આ ૨ પેઈડઅપ ૫૬ એટલે ૨૮૦ સેરા કરતા ૧૦ ટકા વેલ્યુએશને મળી રહ્યો છે.

Mphasis (Rs. 1118.00) (Code : 526299) (F. V. : 10.00) :- ભલામણ બાદ ૪૦ ટકાનો ઉછાળો આ શેરમાં જોવા મળ્યો છે. ૧ જ દિવસમાં ૧૭૫ રૂપિયા ઉછળી ૧૦૦+ બંધ રહ્યો જે રીતની દોઢ વર્ષના કોન્સોલીડેશન બાદ તેજી જોવા મલી રહી છે. મોટા રોકામકારો માટે મોટું વળતર આપી શકે તેવો કેન્ડીડેટ.

Shree Pushkar Chemicals (Rs. 113.00) (Code : 539334) (F. V. : 10.00) :- ૮૯ની ભલામણ બાદ ધીમે ધીમે સુધરી રહ્યો છે. ફર્ટીલાઈઝર્સ અને ડાઈઝ કેમિકલ્સ બનાવતી આ કંપનીના શેરમાં તેજી થઈ જ નથી. ફંડામેન્ટલી સ્ટ્રોંગ કાઉન્ટર.

નાના રોકાણકારો માટે ભલામણ વાળી સ્ક્રીપ્ટો ચેક કરી લો.**Monarch :** ૧૯ થી ૨૮, **Brooks** ૨૮ થી ૩૫, **BIBCL** ૧૨ થી ૨૯ વિગેરે કંપનીઓમાં ૫૦ ટકાથી વધુ રિર્ટન ટુંકાગાળામાં મળ્યું છે.

નીચી કિંમતના ભેગા કરવા જેવા સ્ટોક્સ

Stocks	BSE Code	CMP	52 Wk H	52 Wk L
Tera Software	533982	24.65	46.90	12.55
TRIGYN Techno	517562	33.10	60.70	18.65
Brooks Labs.	533543	34.55	43.99	14.05
Ortin Labs.	539287	13.95	22.50	6.80

ફ્યુચર ઓપ્શન ડાયરી

નિલેશ એસ. કોટક
M. : 9227204076
E-mail : dhanvarshafincap@gmail.com • W : www.dhanvarshaindia.com

નિફ્ટીએ અઠવાડિક ધોરણે ૪૫૪ પોઈન્ટનો સુધારો દર્શાવ્યો છે જ્યાં સુધી નિફ્ટી ૧૧૦૦૦ ઉપર રહે ત્યાં સુધી ઓવરઓલ ટ્રેન્ડ પોઝીટીવ જળવાઈ રહે.

Future Buy of the week

Ambuja Cements (201) :- જુલાઈ માસનો ફયુચર ૨૦૨ ઉપર ૧૯૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૨૧૫ સુધી સુધારાની શકયતા છે.

Berger Paints (524) :- જુલાઈ માસનો ફયુચર ૫૨૮ ઉપર ૫૧૫ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૫૪૫ સુધીનો ભાવ જોવા મળે.

Marico (356) :- જુલાઈ માસનો ફયુચર ૩૫૮ ઉપર ૩૪૫ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૩૭૫ સુધી સુધારાની શકયતા.

Sun Pharma (458) :- જુલાઈ માસનો ફયુચર ૪૮૫ ઉપર ૪૭૫ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૦૦ સુધી સુધારાની શકયતા.

Tech Mahindra (653) :- જુલાઈ માસનો ફયુચર ૬૫૫ ઉપર ૬૩૫ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૬૮૦ સુધી સુધારાની શકયતા છે.

Future Sell of the week

Tata Consultancy (2160) :- જુલાઈ માસનો ફયુચર ૨૧૬૦ નીચે ૨૨૦૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૨૧૨૦ સુધી ઘટાડાની શકયતા.

Ultratech Cement (3763) :- જુલાઈ માસનો ફયુચર ૩૭૬૦ નીચે ૩૮૨૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૩૭૦૦ સુધી ઘટાડાની શકયતા.

Siemens (1158) :- જુલાઈ માસનો ફયુચર ૧૧૫૫ નીચે ૧૧૮૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૧૧૩૦ સુધી ઘટાડાની શકયતા.

Petronet LNG (242) :- જુલાઈ માસનો ફયુચર ૨૪૦ નીચે ૨૫૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૨૩૦ સુધી ઘટાડાની શકયતા.

L&T (905) :- જુલાઈ માસનો ફયુચર ૯૦૫ નીચે ૯૩૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૮૭૦ સુધી ઘટાડાની શકયતા.

Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • I / My family have not received nay compensation from the company where I am recommending a trade or investment. • I have not served as an officer director or employee of company and have not been engaged in market - making activity of the company covered in the research report • I have no material conflict in recommendations posted here (Nilesh S. Kotak) • Research Analyst : SEBI Regn No. : INH000002103

Alternative Investment Returns Monitor

	Price 10-7-19	Price 10-7-2020	Return 1 Week	Return 1 Yr.
Gold	34452	49070	-0.1%	42.43%
Silver	39010	52085	1.66%	33.52%
WTI Crude	56.78	41.20	3.99%	-27.44%

Value of Rs. 1 Lakh Invested in Various Asset

(As on 10-6-2020)	Sensex	Gold	Silver	FD (SBI)	PPF*
1 Year	94910	143674	135284	106800	107900
1 Year Post Tax Returns	94910*	130572	124699	104760	107900
5 Year	132294	188568	141794	146933	151757
5 Year Post Tax Returns	132294*	179711	137615	131317	151757

** Notes : Cumulative equity gains up to Rs. 1,00,000 in a financial year are tax free.*
All post - tax returns are calculated for an individual in the 30% tax braket, without considering the indexation benefit

Top 5 SIPs

Top 5 Equity Schemes based on 10 Yr. SIP Return

Scheme Name	Return Annualised
Mirae Asset Emerging	17.86
SBI Small Cap.	17.03
Canara Robeco Emergin	15.38
Axis Long Term Equity	13.36
Principal Emergin	13.26

Top 5 MIPs

Top 5 MIP Schemes based on 3 yr. SWP returns

Scheme Name	Return Annualised
Baroda Conservative	7.55
Indiabulls Saving	7.18
ICICI Prudential	6.38
Canara Robeco Conservative	6.34
LIC MF Debt Hybrid	5.93

ઝડપી વૃધ્ધિ પામતા શેરો

સૌથી વધુ આવક-ગ્રોથની સંભાવના ધરાવતા સ્ટોક્સ

Co. Name	Revenue Growth(%)
PI Industries	32
HDFC	30
HG Infra	25
Granules India	24
HUL	21

ઓછા ખર્ચાળ શેરો

સૌથી નીચો સંભવિત PE ધરાવતા સ્ટોક્સ

Co. Name	Lowest Forward PE (%)
NTPC	7.37
Power Grid	7.66
HG Infra	7.87
Tata Power	8.84
Manappurm Fin.	9.23

શ્રેષ્ઠ 5 PEGs સ્ટોક્સ

સૌથી ઓછો પ્રાઈસ અર્નીંગ ગ્રોથ ધરાવતા સ્ટોક્સ

Co. Name	Earning Grwoth Ratio
Dilip Buildcon	0.09
HG Infra	0.31
NTPC	0.41
Escorts	0.47
Tata Power	0.55

સૌથી વધુ વળતરદાયી શેરો

સૌથી ઊંચુ ડિવિડંડ યીલ્ડ ધરાવતા ટોપ - ૫ સ્ટોક્સ

Investor Earn as Div. for Every Rs.100/- Invested

Co. Name	Hig.Div. Yield
PFIZER	8.28
SUN TV Netowrk	6.57
Engineers India	6.00
Embassy Office	5.43
Power Grid	5.17

ઓછા જોખમી-૫ સ્ટોક્સ

ડાઉન સાઈડ રીસ્કની નહિવત સંભાવના ધરાવતા

Co. Name	Lowest Downside Risk
Sanofi India	1.15
Dr. Redy	1.20
Solar Ind.	1.24
Hindustan Uni.	1.34
CIPLA	1.37

Corona Positive / Negative effect 120 days in India.

	MARCH	JULY
Cases	100	12,00,000
Sensex	26,000	38,000
RELIANCE	870	2,070
DFC BANK	770	1,130
INFOSYS	530	900
GOLD	40,000	50,000
SILVER	40,000	60,000
CRUDE	20	45
DOLLAR	75	75

How Much Deposits does the top banks hold ?

Bank	Deposit Rs. Lakh Cr.	Market Shares of Deposits
SBI	32.4	23.6%
HDFC Bank	11.4	8.3%
Bank of Baroda	9.4	6.9%
ICICI Bank	7.7	5.6%
PNB	7	5.1%
Axis Bank	6.4	4.7%
Canara Bank	6.2	4.5%
bank of India	5.5	4.0%

Deposit includes current account, Saving account balance and term deposits

Smart Education : Ankit Gala : **buzzpublishing@gmail.com**

ઈક્વિટીમાં બદલાવનું સ્ટેટમેન્ટ

ગત સપ્તાહે આપણે કંપનીના કેશ ફ્લો સ્ટેટમેન્ટ અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી અને નવા સપ્તાહમાં આપણે ઈક્વિટીમાં બદલાવ અંગેના સ્ટેટમેન્ટ વિશે માહિતી મેળવીશું.

ઈક્વિટીમાં બદલાવનું સ્ટેટમેન્ટઃ

ઈક્વિટીમાં બદલાવનું સ્ટેટમેન્ટ એક પ્રકારે ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટ છે, જેમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની ઈક્વિટી શેર કેપિટલ, રિઝર્વ અને સરપ્લસ તથા અન્ય વ્યાપક આવકોમાં બદલાવ અંગે જાણકારી આપવામાં આવી હોય છે.

શેરધારકોની ઈક્વિટીમાં બદલાવના મુખ્ય બે કારણો હોય છે

૧. કેપિટલમાં બદલાવને કારણે

જ્યારે કંપની કોમન ઈક્વિટી શેર્સ ઈશ્યૂ કરે ત્યારે ઈક્વિટી કેપિટલમાં વધારો થાય છે અને જ્યારે કંપની પોતાના શેર્સ રીડીમ અથવા બાયબેક કરે ત્યારે ઈક્વિટી કેપિટલ ઘટે છે. મૂલ્યમાં વધારો અથવા ઘટાડાને ઈક્વિટી કેપિટલમાં અલગથી ધ્યાનમાં લેવામાં આવે છે, જ્યારેકે મૂલ્યના પ્રીમિયમને કારણે કેપિટલમાં વધારો અથવા ઘટાડો સિક્યુરિટીઝ પ્રીમિયમ એકાઉન્ટમાં અન્ય ઈક્વિટી તરીકે દર્શાવાય છે.

૨. આવકમાં બદલાવને કારણે

જ્યારે કંપની નફો કરે ત્યારે તેની અન્ય ઈક્વિટી કેપિટલમાં વધારો થાય છે અને જ્યારે કંપની ખોટ કરે ત્યારે તેની અન્ય ઈક્વિટી કેપિટલ ઘટે છે. એકાઉન્ટિંગ વર્ષ માટે કંપનીના નુકશાનને રિટેઈન્ડ અર્નિંગ્સ એકાઉન્ટમાં ઉમેરવામાં આવે છે. આજ પ્રકારે જ્યારે કંપની તેના શેરધારકોને ડિવિડન્ડની ચૂકવણી કરે ત્યારે તેની અન્ય ઈક્વિટી કેપિટલ ઘટે છે. આ ઘટાડો પણ રિટેઈન્ડ અર્નિંગ એકાઉન્ટમાં જોવા મળે છે.

અન્ય કોમ્પ્રિહેન્સિવ ઈન્કમ (ઓસીઆઈ)માં બદલાવમાં સામાન્ય રીતે એકાઉન્ટિંગ પોલીસીની અસરો, અગાઉના સમયગાળાની ખામીઓની અસરો, ફેર વેલ્યુમાં બદલાવ વગેરે સામેલ હોય છે.

રોકાણકારોના દ્રષ્ટિકોણથી ઈક્વિટીમાં બદલાવનું સ્ટેટમેન્ટની મહત્વતા ઓછી હોય છે અને તેથી જ આપણે તેના વિશે વધુ વિસ્તૃત ચર્ચા કરતાં નથી.

આગામી સપ્તાહે આપણે સ્વતંત્ર અને સંયુક્ત નાણાકીય નિવેદનો વિશે સમજણ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીશું.

To learn Fundamental Analysis you can read the book Fundamental Analysis of Shares by Ankit Gala & Khushboo Gala. Book is available in English.

સ્માર્ટ રોકાણકારો માટે ૭ ટીપ્સ

By Vijaya Kittu M, GetPaidIndia.com

The author feels that investors need to study sectoral trends from time to time. He is on WhatsApp at +91 98495 19188

સોશિયલ મીડિયા વિડિયો નેટવર્ક ઉપર લોકપ્રિય ટ્રેનરના લાઈવ કોલને અનુસરનારા એક નાના રિટેઈલ રોકાણકાર અથવા ટ્રેડર્સને ખોટા કોલને કારણે માત્ર બે દિવસમાં પોર્ટફોલિયોમાં જંગી નુકશાન ઉઠાવવાનો વારો આવ્યો. આ પ્રકારની ઘટનાઓની નોંધ ભાગ્યે જ મીડિયામાં લેવાતી હોય છે, જ્યારેકે હકીકતમાં આ પ્રકારની ઘટના લગભગ દરરોજ ઘટતી હોય છે. આથી નીચે મૂજબ રોકાણની મૂળભુત બાબતોને ધ્યાનમાં રાખવી હંમેશા સલાહભર્યું છે.

૧ . શિક્ષણ મેળવો : જ્યારે આ પ્રકારનો રોકાણ વ્યૂહ નિષ્ફળ જાય ત્યારે રોકાણકાર કોને દોષ આપે. મોટાભાગે રોકાણકાર કોઈ વ્યક્તિ અથવા કોઈ બાબતને દોષ આપે છે, જેનું મુખ્ય કારણ તેની પાસે નાણાકીય સાધનો અંગેની પૂરતી જાણકારી અથવા સમજણ નથી અને તેથી જ નુકશાન વેઠવાનો વારો આવ્યો હોય છે. ઉદાહરણરુપે રોકાણકારો ઓછી મૂડી સાથે જંગી લાભ ઉઠાવવા ડેરિવેટિવ ઈન્સ્ટ્રુમેન્ટમાં ટ્રેડિંગ કરે છે, પરંતુ તેઓ હકીકતને અવગણે છે કે ડેરિવેટિવ મોટાભાગે હેજિંગ ટુલ છે. આમ છતાં રોકાણકાર જોખમ લે છે અને યોગ્ય સંચાલનના અભાવે નાણા ગુમાવે છે. રોકાણકારોએ પોતાની જાતને પ્રશ્ન કરવો જોઈએ કે તેઓ માર્કેટ વિશે જાણકારી હાંસલ કરવામાં કેટલો અભ્યાસ કરે છે અથવા શીખવા માટે કેટલો સમય ફાળવે છે. આધુનિક સ્ટોક માર્કેટમાં વ્યૂહ ઝડપથી બદલાતા હોય છે.

૨. એકદમ ધનાઢ્ય થવાની માનસિકતા ટાળો : પ્રથમવાર રોકાણ કરનારાઓને હંમેશા એવું થાય છે કે શેર માર્કેટ એક મેજિક મશીન છે, જે તેમની મૂડી સામે ટૂંક સમયમાં મોટું વળતર આપશે. હકીકતમાં જો માર્કેટ ઝડપથી ધનાઢ્ય બનાવે તો તે ઝડપથી તમારી મૂડીનું ધોવાણ પણ કરી શકે છે. આથી શેરબજારમાં પ્રથમવાર રોકાણ કરનારાઓએ સમજવું જોઈએ કે સારું વળતર મેળવવા માટે તેમની મૂડી લાંબા સમય સુધી માર્કેટમાં રોકાયેલી રહેશે.

૩. લક્ષ્ય અને જોખમ : મોટાભાગના રોકાણકારોનું ચોક્કસ લક્ષ્ય હોતું નથી. જો તેમને ખબર પણ હોય તો પણ તેઓ ઝડપથી ભુલી જાય છે. લક્ષ્ય હાંસલ કરવા માટે સમય આપવો આવશ્યક છે કારણકે તે રોકાણકારોની જોખમ ઉઠાવવાની ક્ષમતા સાથે સંકળાયેલું છે. તેનાથી રોકાણકારને એસેટ ક્લાસ અંગે નિર્ણય લેવામાં મદદ મળે છે કે તેઓ કયા પ્રકારની એસેટ ક્લાસને અપનાવી શકે છે. આથી રોકાણકારોએ તેમની જોખમ લેવાની ક્ષમતા તથા ઈન્સ્ટ્રુમેન્ટ ઉપર સંભવિત વળતર અને સંકળાયેલા જોખમોને હંમેશા

Cont...

ધ્યાનમાં રાખવી જોઈએ. ઉદાહરણરુપે રોકાણકારો ઈન્ડેક્સ ફંડ અને ઈટીએફનો ઉપયોગ કરી શકે છે અને ત્યારબાદ ઈક્વિટી શેર્સમાં સીધું રોકાણ કરવાને બદલે સક્રિયપણે મેનેજ કરાતા મ્યુચ્યુઅલ ફંડ્સને અપનાવી શકે છે.

૪. ખર્ચને સમજો : રોકાણ કરવા સાથે બ્રોકર્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સ વગેરેને વિવિધ પ્રકારે ફી પણ ચૂકવવાની રહે છે. બ્રોકરેજ ખર્ચ રોકાણકારના વળતરને પ્રભાવિત કરે છે અને હાલમાં ડિસ્કાઉન્ટ બ્રોકર્સનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. આજ પ્રકારે રોકાણના કદ અને નફા ઉપર ટેક્સ પણ લાગુ પડે છે.

૫. વૈવિધ્યતા : વૈવિધ્યસભર રોકાણ દ્વારા જોખમનું યોગ્ય પ્રકારે સંચાલન કરી શકાય છે. એસેટ ક્લાસિસ, ફાઈનાન્સિયલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, સેક્ટર્સ અને ઈન્ડસ્ટ્રીઝ, ઈનવેસ્ટમેન્ટ સ્ટાઈલ વગેરેમાં વૈવિધ્યસભર રોકાણ કરી શકાય છે. યોગ્ય અભ્યાસ અને વૈવિધ્યસભર રોકાણથી સંતુલન જાળવવામાં મદદ મળે છે અને નોંધપાત્ર નુકશાન થવાની સંભાવનાઓ ઘટાડી શકાય છે.

૬. ખોટી માન્યતા : વિશેષ કરીને રોકાણ કરવા બાબતે કોઈપણ વ્યક્તિ અને એક લેખક તરીકે મારી ઉપર પણ આંધળો વિશ્વાસ કરવો યોગ્ય નથી. રોકાણ મુખ્યત્વે વ્યક્તિગત પ્રવૃત્તિ છે અને તે બધા રોકાણકારો માટે સમાન હોતું નથી. રોકાણકારને તેના સિવાય અન્ય કોઈ વ્યક્તિ સંપૂર્ણ પ્રકારે સમજી શકે નહીં. આથી હંમેશા યોગ્ય અભ્યાસ અને વિશ્લેષણ કર્યા બાદ જ રોકાણ કરવું સલાહભર્યું છે. ઉદાહરણરુપે ભારતમાં મ્યુચ્યુઅલ ફંડ માટે મીડ અને સ્મોલકેપમાં આલ્ફા અને બીટા સારા હોઈ શકે છે, પરંતુ પહેલેથી જ પુખ્ય કામગીરી ધરાવતા યુએસ માર્કેટમાં તે મૂશ્કેલ છે. આથી ભારતીય પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને રોકાણનો નિર્ણય કરવો જોઈએ.

૭. પેની સ્ટોક અસર કરી શકે : જે સ્ટોકની વર્તમાન બજાર કિંમત ઓછી હોય તેને પેની સ્ટોક કહેવામાં આવે છે. મોટાભાગે રૂ. ૧૦થી ઓછી કિંમત ધરાવતા શેર્સને પેની સ્ટોક તરીકે ઓળખવામાં આવે છે. આ સ્ટોકમાં પ્રાઈઝ મૂવમેન્ટને કારણે રોકાણકારો સરળતાથી તેના તરફ આકર્ષાઈ જાય છે, જેના પરિણામે રોકાણકારો સારા નફાની આશાએ મોટું રોકાણ કરે છે. જોકે, બજારના ફંડામેન્ટલની જગ્યાએ માર્કેટ ઓપરેટર્સના પ્રભાવને કારણે પેની સ્ટોકમાં પ્રાઈઝ મૂવમેન્ટ વધુ રહે છે. રોકાણકારોએ આ પ્રકારના સ્ટોકથી દૂર રહેવું સલાહભર્યું છે.


SMART INVESTMENT

Hard Copy is available on Every Sunday Morning at your nearest book-stall


City	Agent's Name	Mobile No.	Landline No.
Ahmedabad	Pocket Book Centre	098240 77668	079-25508732
	Vinod Agency	098982 18921	079-25510104
	Mohsin Mansuri	098250 35928	079 - 25350794
Anand	Mistry News Agency	098251 73432	02692 - 251032
	Iliyas Book Stall	091733 95801	
Akola	Vishnu Book Seller	072424 39444	
Baroda	Shreenath News paper	098982 40228	9106956769
Bhuj	Modern Book Centre	9427434752	--
Baroda	A.G. Vora & Co.	098240 95716	--
Bhavnagar	Prem News Agency	094289 90615	
Bharuch	Falgun News Agency	098792 37236	
Gandhidham	A.H. Pandya	098252 37212	02836-220212
Jodhpur	Sarvoday Book Stall	8107589141	0291-26533734
Jamnagar	Paras News Agency	9426453636	2679597
Mehsana	Mahalaxmi Pustak Bhandar	098256 36988	9428458678
	Prakash Book Stall	8849416545	
Mumbai	Ashokbhai	9833831803	
Mumbai -Matunga	Alengo Book Stall	9870277195	--
Navsari	Jaydeep News Agency	098983 59235	
Nadiad	Nadiad Rly. Book Stall	087349 55156	
Rajkot	Thakkar News Aghency	099241 33518	0281-2233518
Surat	Surat Book Centre	0 98790 44220	0261-2431158
Udaipur	Kailash Book Center	098291 36695	0294-2561145
VAPI	Om News Agency	099242 84109	
Valsad	Paresh News Agency	091733 59444	

More detail about Subscription

http://www.smartinvestment.in/subscribe.php?typ=subscribe



SMART BUY OF THE WEEK



Dark Horse

Dark Horse-1

BDH INDUSTRIES LTD (524828) (75.6) (Face Value Rs.10)

Particulars	Qtr. Ended		
	Q4FY20	Q4FY19	% Var.
Sales	12.49	8.13	54
PBT	1.46	0.61	139
PAT	1.15	0.55	109

બીડીએચ ઈન્ડસ્ટ્રીઝ એક સ્મોલકેપ ફાર્માસ્યુટિકલ કંપની છે. કંપની ઓરલ સોલીડ ડોસેજ, ડ્રગ્સ અને મેડીકલ પ્રોડક્ટ્સનું સંપૂર્ણ રેંજનું ઉત્પાદન કરે છે. કંપનીનો પ્લાન્ટ ૪૨૫૦૦ સ્ક્વેર ફીટમાં ફેલાયેલો છે. કંપનીનો પ્લાન્ટ કાંદિવલી ખાતે આવેલો છે અને કંપની પાસે પ્લાન્ટ પાસે મોટા પાયે લેન્ડ બેંક છે જે કાંદીવલી બીગ બજાર પાસે પ્રાઈમ લોકેશન ઉપર છે જેની માર્કેટ વેલ્યુ ખુબજ મોટી થવા જાય છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૫.૭૬ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૩૦.૯૪ કરોડનું જંગી રીઝર્વ છે જે તેની ઈક્વિટી કરતા ઓલમોસ્ટ ૫ ઘણું વધારે છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૫.૫૬ ટકા અને પબ્લિક ૪૪.૪૪ ટકા સ્ટેક ધરાવે છે.

માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો નફો ૧૦૯ ટકા વધીને રૂ.૧.૧૫ કરોડ થયો છે જયારે વેચાણ ૫૪ ટકા વધીને રૂ.૧૨.૪૯ કરોડ થયું છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ.૨ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો ૨૩ ટકા વધીને રૂ.૫.૯૪ કરોડ થયો છે જયારે વેચાણ પણ વધીને રૂ.૫૯.૪૮ કરોડ થયું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૧૦.૩૨ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે સ્ટોક માત્ર ૭.૩ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઇ રહ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૨૫ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે અને હાલમાં આ સ્ટોક ડીવીડન્ડના હક સાથે મળી રહ્યો છે.

વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૬૪ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Cont....

Dark Horse-2

SHIVA GLOBAL AGRO INDUSTRIES LTD (530433) (28.6) (Face Value Rs.10) (BSE Symbol: SHIVAAGRO)

Particulars	Year Ended		
	FY20	FY19	% Var.
Sales	489.63	499.62	-2
PAT	6.36	3.76	69
EPS	6.37	3.76	69

Month of Latest High	January 2020
High price	120
CMP	28.6
Discount from high	76%

૧૯૯૩માં સ્થપાયેલી નાંદેડ બેઈઝ શિવા ગ્લોબલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ તેની સબસીડીયરીઓ સાથે મળીને ફર્ટીલાઈઝર, સોઇલ, ક્રોપ હેલ્થ પ્રોડક્ટ્સ, ઓઈલ અને હાઈબ્રીડ સીડ્સ સેગ્મેન્ટમાં કાર્યરત છે. કંપની સિંગલ સુપર ફોસ્ફેટ, ગ્રેન્યુલેટેડ એસએસપી અને એનપીકે મિક્સ ફર્ટીલાઈઝર ઉપરાંત કોટન, પેડી, મેઈઝ, બાજરા અને વેજીટેબલ્સ માટે સીડ્સ પ્રોવાઈડ કરે છે. કંપની સોયાબીન અને સનફ્લાવર સીડ ઓઈલનું ઉત્પાદન પણ કરે છે અને ડીઓઈલડ કેકનું પોલ્ટ્રી ફીડ માટે વેચાણ કરે છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૯.૯૯ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૭૩.૧૯ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૬૦.૬૭ ટકા અને પબ્લિક ૩૯.૩૩ ટકા હિસ્સો ધરાવે છે. **પ્રમોટરોએ કંપનીમાં જુલાઈ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ વચ્ચે ૩ ટકા સ્ટેક વધાર્યો છે જે ખુબજ પોઝીટીવ વાત કહી શકાય.** કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૮૩.૨૫ જેટલી મોટી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૦.૩૪ના સાવજ નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઇ રહ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો ૬૯ ટકા વધીને રૂ.૬.૩૬ કરોડ થયો છે જયારે કંપનીનું વેચાણ રૂ.૪૮૯.૬૩ કરોડ થયું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૬.૩૭ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૪.૫ના સાવજ નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઇ રહ્યો છે.

શેરનો બાવન સપ્તાહનો ઉંચો ભાવ રૂ.૧૨૦ છે જે ૧૫ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ જોવાયો હતો જેની સામે આ સ્ટોક હાલમાં ૭૬ ટકા નીચે ક્વોટ થઇ રહ્યો છે. કંપનીની માર્કેટકેપ માત્ર રૂ.૨૮.૬ કરોડ છે જયારે કંપનીનું વાર્ષિક વેચાણ રૂ.૪૮૯.૬૩ કરોડ જેટલું ઊંચું છે.

વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૨૩ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Hidden Gems

Nitin Singh Bhati
MBA Finance (Mumbai)

T & I GLOBAL LTD (522294) (86.85) (Face Value Rs.10)

લોકડાઉનના સમયમાં ખાવા પીવાની વસ્તુઓ સાથે સંકળાયેલી કંપનીઓ ઘણો સારો દેખાવ કરી રહી છે અને ચા-કોફી પણ એક જરૂરી પ્રોડક્ટ છે. ચાના ભાવ ઓલરેડી ૪૦-૬૦ ટકા વધી ગયા હોવાના અહેવાલ છે જે ચા બનાવતી અને આ સેક્ટરની કંપનીઓ માટે પોઝીટીવ ન્યુઝ છે.

ટીએન્ડઆઈ ગ્લોબલ લીમીટેડ એક અગ્રણી ટી પ્રોસેસિંગ મશીનરી બનાવતી કંપની છે. કંપનીના સીટીસી, ઓર્થોડોક્સ અને ગ્રીન ટી ઈક્વિપમેન્ટ બનાવે છે. કંપનીના પ્લાન્ટ કોલકતા અને કોઈમ્બતુર ખાતે આવેલા છે. કંપની એક માત્ર ટી મશીનરી કંપની છે કે જે ૧૦૦૦ એકરના એસ્ટેટ ધરાવે છે. કંપની એક માત્ર ટી મશીનરી કંપની છે જે ૮ લાખ કિલો ચાનું ઉત્પાદન પણ કરે છે.

આ કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૫.૦૭ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૩૭ કરોડનું રીઝર્વ છે અને કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૮૨.૪૮ જેટલી ઉંચી છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૩.૩૦ ટકા અને પબ્લિક ૪૬.૭૦ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીમાં પ્રમોટરોએ જાન્યુઆરી થી જુન ૨૦૨૦ વચ્ચે ૧.૫૬ ટકા સ્ટેક માર્કેટમાંથી શેર ખરીદીને વધાર્યો છે જે કંપનીના શેર હોલ્ડરો માટે વિશ્વાસ વધારનારી વાત કહી શકાય.

Performance Review

Quarterly & nine monthly (Rs.in crore)

Particulars	Q3FY20	Q3FY19	9MFY20	9MFY19
Total Income	21.95	26.68	76.15	84.26
Operating Profit	3.98	-0.66	12.09	6.66
PAT	2.72	1.36	11.52	9.18
EPS (Rs.)	5.36	2.68	22.73	18.11

Performance Review

Yearly basis (Rs.in crore)

Particulars	FY16	FY17	FY18	FY19
Total Income	101	138	114	132
PAT	1	2	4	7
EPS (Rs.)	2.28	4.18	8.04	14.05



ડીસેમ્બર ક્વાર્ટરમાં કંપનીનો નફો ૧૦૦ ટકા વધીને રૂ.૨.૭૨ કરોડ થયો છે જ્યારે વેચાણ રૂ.૨૧.૯૫ કરોડ રહ્યું છે. કંપનીએ ડીસેમ્બર ક્વાર્ટરમાં રૂ.૫.૩૬ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો ૨૫.૪૯ ટકા વધીને રૂ.૧૧.૫૨ કરોડ થયો છે જ્યારે વેચાણ ૭૬.૧૫ કરોડ રહ્યું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ના પહેલા નવ મહિનામાં રૂ.૨૨.૭૩ની ઈપીએસ હાંસલ કરી છે. આ સ્ટોક હાલમાં માત્ર ૪.૬ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે જે ચા સેક્ટરની કંપનીઓમાં સૌથી નીચો કહી શકાય. કંપનીના ફન્ડામેન્ટલ અને ટેકનીકલ જોતા આ સ્ટોક રોકાણ માટે ખુબજ આર્કષક લાગી રહ્યો છે. સ્ટોક રોકાણકારો માટે હિડન જેમ્સ સાબિત થઈ શકે છે. સ્ટોકમાં રૂ.૮૭-૮૦ વચ્ચે રૂ.૬૯ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય. આવનાર ૧૨ થી ૧૫ મહિનામાં આ સ્ટોક રૂ.૧૫૦-૧૭૫ના લેવલ્સ દર્શાવી શકે છે.

Stock Buzz

Subramanian Mahadevan
dolphincapital@gmail.com



Aditya Birla Capital Limited (Rs.59)

EvolvingAssets!

આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ (રૂ. ૫૯) – આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ (એબીસીએલ) ભારતના પ્રતિષ્ઠિત કારોબારી સમૂહ પૈકીના એક આદિત્ય બિરલા ગ્રુપ સાથે સંકળાયેલી છે. આ કંપની સપ્ટેમ્બર ૨૦૧૭માં શેરદીઠ રૂ. ૨૫૦ના ભાવે લિસ્ટ થઇ હતી, જે અંતર્ગત આદિત્ય બિરલા નુવો ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ સાથે મર્જ થઇ હતી અને ફાઇનાન્સિયલ સર્વિસિસ બિઝનેસ ડિમર્જ કરીને એક કંપની આદિત્ય બિરલા કેપિટલ હેઠળ લાવવામાં આવ્યો હતો. આદિત્ય બિરલા કેપિટલમાં હાઉસિંગ ફાઇનાન્સ, બ્રોકિંગ, કોર્પોરેટ લેન્ડિંગ, સ્ટ્રક્ચર્ડ ફાઇનાન્સ, વેલ્થ મેનેજમેન્ટ, પ્રાઇવેટ ઇક્વિટી સાથે લાઇફ અને હેલ્થ ઇન્સ્યોરન્સ બિઝનેસ સામેલ છે.

તે ભારતની અગ્રણી ફાઇનાન્સિયલ સર્વિસિસ કંપની પૈકીની એક છે તથા પ્રોટેક્શન, ઇનવેસ્ટમેન્ટ અને સેવિંગ્સ બિઝનેસમાં કાર્યરત છે. ધિરાણના બિઝનેસમાં તે મોટી એનબીએફસી પૈકીની એક છે તથા તેની એયુએમ રૂ. ૫૦,૦૦૦ કરોડથી પણ વધુ છે. એસેટ મેનેજમેન્ટ સેગમેન્ટમાં તે ટોચની પાંચ એએમસી પૈકીની એક છે તથા નાણાકીય વર્ષ ૨૦૧૯માં એસેટ અન્ડર મેનેજમેન્ટ રૂપિયા બે ટ્રિલિયનને પાર કરી ગઇ હતી. એબીસીએલ હેઠળ નીચે મૂજબના મોટા બિઝનેસ છે તથા તમામ ત્રણ વર્ષના સમયગાળામાં ડિમર્જ કરાશે, જેમ એચડીએફસીએ એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઇફ, એચડીએફસી એએમસી બિઝનેસ સાથે કર્યું તેમજ આઇસીઆઇસીઆઇ બેન્કે – આઇસીઆઇસીઆઇ સિક્યુરિટીઝ, આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ લાઇફ ઇન્સ્યોરન્સ, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યોરન્સ વગેરેમાં કર્યું. જેથી સમર્પિત મેનેજમેન્ટની રચના થઇ શકે તથા ટકાઉ વૃદ્ધિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકાય.

Name	Business	Potential Demerger Candidate?
Aditya Birla Finance	NBFC	
Birla Sun Life Insurance Company	Life Insurance	
Birla Sun Life Asset Management Company	Asset Management	YES
Aditya Birla Health Insurance	Health Insurance	
Aditya Birla Housing Finance	Housing Finance	

એબીસીએલ માટે મહત્વપૂર્ણ બાબત એ છે કે પ્રમોટર ૭૦.૪ ટકા હિસ્સો ધરાવે છે, જે બાદ વિપ્રોના અઝીમ પ્રેમજી તેમની ફેમિલિ ઓફિસ પ્રેમજી ઇનવેસ્ટમેન્ટ દ્વારા ૪.૧૧ ટકા તથા સરકારની માલીકીની એલઆઇસી ઓફ ઇન્ડિયા ૨.૪ ટકા હિસ્સો ધરાવે છે. તાજેતરમાં પ્રમોટર્સે પ્રાઇવેટ ઇક્વિટી ક્ષેત્રે અગ્રણી એડવેન્ટ ઇન્ટરનેશનલ પાસેથી મૂડી ઉભી કરી છે તેમજ પ્રમોટર ગ્રુપ કંપનીઝને પ્રેફરેન્શિયલ એલોટમેન્ટ કર્યું છે, જેનાથી કંપનીમાં વિશ્વાસ વધ્યો છે. આઇએલએન્ડએફએસ કટોકટીની કેટલાંક અંશે અસર એબીસીએલ ઉપર પણ વર્તાઇ છે. ધિરાણ અને એસેટ મેનેજમેન્ટ બિઝનેસમાં મજબૂત કામગીરીને ધ્યાનમાં લેતાં નાણાકીય વર્ષ ૨૦૨૦થી ૨૩ દરમિયાન વાર્ષિક ૨૫ ટકાથી વધુ પીએટી હાંસલ કરે તેવી સંભાવના છે. ભારતના પ્રતિષ્ઠિત બિઝનેસ સમૂહની કંપની સાથે ડેલોઇટ, પ્રાઇઝ વોટરહાઉસ એન્ડ કંપની તથા બીએનપી એન્ડ એસોસિયેટ્સ જેવા મોટા ઓડિટર્સ તેના બુક્સનું મેનેજમેન્ટ કરે છે. એબીસીએલ પાસે બહુવિધ ફાઇનાન્સિયલ રિલેશનશીપ્સનો લાભ છે તથા અન્યોની તુલનામાં સરળતાથી તરલતા પ્રાપ્ત કરી શકે છે. આ સ્ટોકમાં આગામી છ થી નવ મહિનામાં રૂ. ૧૦૦ સ્તર સુધી પહોંચવાની ક્ષમતા છે તથા પીછેહઠની સંભાવના મર્યાદિત છે.

Technical Trading Trends

- Parag Salot
(SEBI Registered Research Analyst)
M. : 91-9930011789



Nifty Overview : In Last Trading Session, Nifty closed at 11170. As informed in last session, Nifty resistance to be at 11200/11300 levels and you can see that Nifty is finding difficult to cross those levels. Nifty is already at resistance and thus we suggest to avoid buy in Nifty, rather sell at rise or wait for selling opportunity based on intra-day charts. We will review our levels only if Nifty closes above 11300. If Nifty closes above 11300 then it can open upside till 11600 else we would like to sell Nifty at rise.

Bank Nifty Overview : In Last Trading Session, Bank Nifty closed at 22614. Bank Nifty support is at 22300/21800. If Nity has to go up then Bank Nifty needs to participate in rally. Bank Nifty more bullish if closes above 23100 levels and targets could be till 24500 levels.

Trading Results

Scrip Name	BSE Code	Buy / Sell	Enter at	Did High/ Low	Remarks
Concor	531344	Buy	445	467	Target Achieved
Just Dial	535648	Buy	363	388	Target Achieved
Tata Motors	500570	Buy	104	110	Did High
Infy	500209	Sell	950	903	Target Achieved

Trading Buy

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Adani Ent	512599	168	160/165	175	185	155
(Trade in Cash as Scrip in Ban Period in FNO)						
Coal India	533278	131	125/131	140	150	120
Exide	500086	157	150/155	165	175	145
Sun Pharma	524715	484	475/480	490	510	467
Tata Motors	500570	103	94/98	110	120	89

Trading Sell

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Auro Pharma	524804	809	865/875	850	830	890
Biocon	532523	414	430/435	425	410	445
Tata Consumer	500800	408	430/435	425	410	445
Wipro	507685	270	290/295	280	270	302

Note: All calls are momentum calls based on technical analysis and all levels as per future prices (If scrip not available in futures then BSE Cash price). All these calls are given based on daily charts but intra-day signals are equally important to enter the trade in a timely manner. Timing is very important and we at shareinfoline.com give you timely calls based on intra-day charts. Read Disclaimer at ***ShareInfoline.com***


Smart Education - Yog Joshi



Technical Analysis From Basic to Advance

Dow Theory - (2)

There Are Three Primary Kinds of Market Trends



મિત્રો, આશા રાખું છે કે આપ સર્વે આનંદ મા અને સ્વસ્થ હશો,

ગયા અંક થી આપણે " Dow Theory " ના સિદ્ધાંતો સમજવા બાબતે વિગતવાર અભ્યાસ શરુ કર્યો અને પ્રથમ સિદ્ધાંત " Price Discount Everything " બાબતે વિસ્તારપૂર્વક ચર્ચા કરી

આશા રાખું છુ કે "Dow Theory" પર નો તે આર્ટિકલ આપ સર્વે ને પસંદ આવ્યો હશે


The 6 tenets of Dow Theory" નીચે મુજબ છે :-

1. The Market Discounts Everything
2. There Are Three Primary Kinds of Market Trends - (માર્કેટ માં મુખ્યત્વે ત્રણ પ્રકાર ના Trend(વલણ) જોવા મળે છે)
3. Primary Trends Have Three Phases - (Primary Trend માં ત્રણ તબક્કા હોય છે)
4. Indices Must Confirm Each Other - Indices એકબીજા સાથે સુસંગત (Confirm) હોવા જોઈએ
5. Volume Must Confirm the Trend - Volume ટ્રેન્ડ સાથે કોન્ફીર્મ થવું જોઈએ
6. Trends Persist Until a Clear Reversal Occurs - કોઈ પણ Trend Reversal Signal ના મળે ત્યાં સુધી કાયમ રહે છે

આજે વાત કરીશું સિદ્ધાંત નંબર -૨ બાબતે

There Are Three Primary Kinds of Market Trends - (માર્કેટ માં મુખ્યત્વે ત્રણ પ્રકાર ના Trend(વલણ) જોવા મળે છે


ઉપરના સિદ્ધાંત થી Charles Dow સમજાવવા માંગતા હતા કે સ્ટોક માર્કેટ માં સામાન્ય રીતે ત્રણ પ્રકાર ના Trend જોવા મળે છે



1) Primary Tred - જેને આપણે Long Term trend તરીકે પણ ઓળખીયે છીએ (Long Term Trend)

2) Secondary Trend Correction Phase (Primary Trend થી વિરુદ્ધ દિશા માં)

Cont...



3) Sideways (Noise) - અનિશ્ચિતતા - જેને આપણે કોન્સોલિડેશન (Range Bound Market) તરીકે પણ ઓળખીયે છીએ, જયારે માર્કેટ માં કોઈ નિશ્ચિત દિશા કે Trend જોવા ના મળે)

Primary Trend fu Long Term Trend એટલે કે લાંબા ગાળા નો Trend જે Trend સામાન્ય રીતે એક વર્ષ કે એક વર્ષ થી વધારે સમય સુધી ચાલી શકે છે, Primary Trend , Up Trend અથવા તો Down Trend હોઈ શકે છે, જેની વિગતવાર ચર્ચા આપણે પાછળ ના અંકો માં કરી છે પણ માત્ર Reference માટે વાત કરીયે તો જો આપણે Long Term Price Chart મા Higher High અને Higher Low મળે તો તેને આપણે Up Trend તરીકે ઓળખીશુ અને Long Term Price Chart મા આપણે જો Lower High અને Lower Low મળે તો તેને આપણે Down Trend તરીકે ઓળખીશુ.

Secondary Trend : Secondary Trend સામાન્ય રીતે Primary Trend ની વિરુદ્ધ દિશા માં શરુ થતો હોય છે અને તે કેટલાક સપ્તાહ થી લઈ ને કેટલાક મહિનાઓ સુધી ચાલતો હોય છે, આ સેકન્ડરી ટ્રેન્ડ ને આપણે Correction Phase તરીકે પણ જાણીયે છીએ,Secondary Trend એટલે કે સરળ શબ્દો માં વાત કરીયે તો Primary Trend ની વિરુદ્ધ દિશા માં શરુ થતી પ્રાઈસ ચાર્ટ ની મૂવમેન્ટ, જો Primary Trend, Up Trend હોય તો Secondary Trend, Down Swing હોઈ શકે છે (અહી Swing એટલે ચાર્ટ નો અમુક નાનો ભાગ) અને જો Primary Trend જો Down Trend હોય તો Secondary Trend Up Swing હોય શકે છે

જેને આપેલ Picture માં જોવા થી વધારે સારી રીતે સમજી શકાશે

Sideways (Noise) :- આ પ્રકાર ના ટ્રેન્ડ ને Consolidation પણ કહેવાય છે, આ પ્રકાર નો તબક્કો સામાન્ય રીતે બે થી ત્રણ સપ્તાહ સુધી ચાલતો હોય છે, આ પ્રકાર ના તબક્કા માં માર્કેટ સામાન્ય રીતે દિશા નક્કી નથી કરી શકતું અને બંને બાજુ ની સામાન્ય વધ ઘટ સાથે એક ચોક્કસ Price Range માં જ રહે છે

Primary Trend ના આ ત્રણેય તબક્કા દર્શાવેલ Picture માં જોવા થી વધારે સારી રીતે સમજી શકાશે

આશા રાખું છુ આજ નો આ આર્ટિકલ આપ સૌ વાચક મિત્રો ને માહિતીસભર લાગ્યો હશે

આવતા અંક મા આપણે વાત કરીશું " Dow Theory " સિદ્ધાંત - ૩. Primary Trends Have Three Phases - (Primary Trend માં ત્રણ તબક્કા હોય છે)

TECHNICAL TALK Dhananjay Kadam

TECHNICAL ANALYST, M. 7588622374



Corrections Are Temporary, Growth Is Permanent

માર્કેટ મૂડ ઈન્ડેક્સ ૬૦.૯૨ના સ્તરે સકારાત્મક અભિગમ દર્શાવે છે
ઈન્ડિયા વીઆઈએક્સ ૨૪.૫૩ના સ્તરે બંધ રહ્યો
યુએસ ડોલરની સામે ભારતીય રૂપિયો ૭૪.૩ના સ્તરે
ડબલ્યુટીઆઈ ક્રૂડ ૪૧.૩૬ / બ્રેન્ટ ક્રૂડ ૪૩.૫૫૩ / નેચરલ ગેસ ૧.૭૫૯૬ / ઓપેક બાસ્કેટ ૪૪.૨૪

- સોનામાં અવિરત તેજી બાદ કોન્સોલિડેશન અથવા પ્રોફિટ બુકિંગની સંભાવનાને નકારી શકાય નહીં. જાણકારોના મતે સોનામાં ૫૦૯૫૦-૫૧૨૦૦ ઉપર રેઝિસ્ટન્ટને ધ્યાનમાં રાખી શકાય. વૈશ્વિક બજારોમાં હાજર સોનુ ઔંસદીઠ ૧,૯૦૦ ડોલરની નજીક છે.
- વિશ્લેષકોનું માનવું છે કે કોવિડ-૧૯ રસીની વધતી આશાઓ વચ્ચે વૈશ્વિક ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પુનઃધમધમતી થઇ રહી છે, જેના કારણે ચાંદીના ભાવને બળ મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે છેલ્લાં કેટલાંક દિવસોમાં સોનાના સ્થિર ભાવ વચ્ચે ચાંદીમાં ઝડપી વધારો થયો છે. આ ઉપરાંત મોટાભાગની ઔદ્યોગિક ધાતુઓના ભાવ પણ મજબૂત છે. યુએસ ડોલરમાં નબળાઇથી કોમોડિટીને વ્યાપક સ્તરે લાભ થયો છે.
- રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)એ તેના ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી રિપોર્ટ (એફએસઆર)માં કહ્યું છે કે માર્ચ ૨૦૨૧ સુધીમાં શિડ્યુલ્ડ કમર્શિયલ બેન્કની ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ (જીએનપીએ) ઉછળીને ૧૪.૭ ટકા થઇ શકે છે. બેઝ કેસ સ્થિતિમાં જીએનપીએ માર્ચ ૨૦૨૧ સુધીમાં વધીને ૧૨.૫ ટકા સ્પર્શી શકે છે.

J.K. Cement Ltd (Last close Rs 1503.65)

આ કંપની સિમેન્ટ અને સિમેન્ટ પ્રોડક્ટ્સના ઉત્પાદનમાં કાર્યરત છે. તેના પોર્ટફોલિયોમાં ગ્રે સિમેન્ટ, વ્હાઇટ સિમેન્ટ અને વોલ પુટ્ટી સામેલ છે.



૫૨ સપ્તાહની ટોચની સપાટી - ૩૯૧.૮૪

૫૨ સપ્તાહની નીચલી સપાટી – ૭૯૫.૨૫

બુક વેલ્યુ – ૩૯૧.૮૪

સ્ટોક પીઇ – ૨૩.૭૨, ડિવિડન્ડ ઉપજ – ૦.૪૯ ટકા, આરઓસીઇ – ૧૨.૮૧ ટકા

આરઓઇ – ૧૧.૪૦ ટકા

વેચાણ વૃધિ (ત્રણ વર્ષ) – ૬.૪૩ ટકા

કંપનીએ છેલ્લાં પાંચ વર્ષમાં નફામાં ૨૮.૧૪ ટકાની વૃદ્ધિ નોંધાવી છે

કંપની ૨૮.૩૧ ટકાનું ડિવિડન્ડ પેઆઉટ જાળવી રાખ્યું છે

ટેકનીકલ્સ – દૈનિક ચાર્ટ્સ ઉપર ફ્લેગ બ્રેકઆઉટ જોવા મળી રહ્યું છે. આ સ્ટોકમાં રૂ. ૧૬૭૦-૧૭૦૦ના ટાર્ગેટ, રૂ. ૧૪૭૨ના સ્ટોપ લોસ સાથે વ્યૂહ અપનાવી શકાય. સમયગાળો ૧૯ દિવસ છે.

Cont...

ITI Ltd (Last close Rs 138.25)

આઈટીઆઈ લિમિટેડ ટેલીકમ્યુનિકેશન ઉપકરણોના ઉત્પાદન ટ્રેડિંગ અને સર્વિસિંગ તથા અન્ય સંલગ્ન પ્રોડક્ટ્સમાં કામગીરી ધરાવે છે. તેની ઓર્ડર બુક રૂ. ૨૦૦૦૦ કરોડથી વધુ છે, એટલેકે આઈટીઆઈની માર્કે કેપ કરતાં ત્રણથી ચાર ગણા વધુ. આઈટીઆઈ ભારત સરકારના મેક ઈન ઈન્ડિયા અને સ્કિલ ઈન્ડિયા પહેલમાં યોગદાન આપવા માટે કટીબદ્ધ છે. તે મજબૂત ઈનહાઉસ આરએન્ડડી સુવિધા ધરાવે છે.



- આઈટીઆઈ ભારત સરકારના ઓર્ડરના મુખ્ય લાભાર્થી હોઇ શકે છે. ટેલિકોમ મંત્રાલયે બીએસએનએલ, એમટીએનએલ અને અન્ય ખાનગી કંપનીઓને ચાઈનિઝ કંપનીઓ સાથે સોદા અને ઉપકરણો ઉપર પ્રતિબંધ મૂકવાનો આદેશ કર્યો છે. તેમણે અપગ્રેડેશનમાં ચાઈનિઝ ઉપકરણોનો ઉપયોગ ટાળવાનું પણ સૂચન કર્યું છે. ટેલીકોમ મંત્રાલયના નિર્ણયથી ૪જી અપગ્રેડેશનની ખરીદી ઉપર વ્યાપક અસરો થવાની સંભાવના છે.

- કંપનીએ કહ્યું છે કે તેણે બેંગ્લોર યુનિટમાં ફેસ શિલ્ડનું ઉત્પાદન શરૂ કર્યું છે. કંપની માસિક ૫ લાખ ફેસ શિલ્ડનું ઉત્પાદન કરવા સક્ષમ છે અને તેને આગામી દિવસોમાં વધારીને ૧૫ લાખ સુધી કરી શકાશે. આઈટીઆઈએ પીપીકી કીટ, વેન્ટિલેટર્સ વગેરેનું પણ ઉત્પાદન શરૂ કર્યું છે.

- આઈટીઆઈએ અગાઉ સંખ્યાબંધ સંરક્ષણ ઓર્ડર્સ પણ મેળવ્યાં છે. અગાઉના પ્રોજેક્ટ્સમાં વિવિધ સાઈટ્સ ઉપર સંપૂર્ણ માળખાકીય સુવિધાઓ અને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક સામેલ છે. તે આઈપી-એનપીએલએસ રાઉટર્સ, માઈક્રોવેવ રેડિયો, સેટેલાઈટ ટર્મિનલ્સ, એનએમએ, મોબાઈલ નોડ્સ અને ટેસ્ટ ઈક્વિપમેન્ટ જેવા ટેલીકોમ ઉપકરણોના સપ્લાય, કામગીરી અને જાળવણીમાં પણ કાર્યરત છે. હાલમાં ભુરાજકીય તણાવ વચ્ચે આઈટીઆઈનને ઘણો લાભ થઇ શકે છે.

- આઈટીઆઈ લિમિટેડે ૫જી ટેક માટે ટેક મહિન્દ્રા સાથે જોડાણ કર્યું છે. આઈટીઆઈ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર આર એમ અગ્રવાલે જણાવ્યું હતું કે, આ ભાગીદારીથી વિદેશો ઉપર ટેલિકોમ ઉપકરણોની આયાત ઉપરની નિર્ભરતા ઘટવાની સાથે-સાથે ડિફેન્સ કમ્યુનિકેશન માટે વ્યૂહાત્મક નેટવર્ક વિકસાવવાની ચિંતાઓનો પણ ઉકેલ મળી રહેશે.

વર્તમાન સમયમાં મોટાભાગની કંપનીઓ કટોકટીનો સામનો કરી રહી છે ત્યારે આઈટીઆઈ જેવી કંપનીઓ માટે કારોબાર વિસ્તારવાની ઉજ્જવળ તકો છે.

ટેકનીકલ્સ – દૈનિક ચાર્ટ ઉપર ફ્લેગ બ્રેકઆઉટ જોવા મળી રહ્યું છે. આ શેર્સમાં રૂ. ૧૩૦-૧૩૮ની રેન્જમાં ખરીદી તથા રૂ. ૧૫૯-૧૬૮ના ટાર્ગેટને ધ્યાનમાં રાખી શકાય. આભાર - નિહારીકા રવિયા

TRADNICAL STRATEGY

Email: nimesh@nimeshthaker.com, M. 9228237373
NIMESH THAKER, BARODA
Sebi Registered NO. : INH000005874



શું માર્કેટ ની તેજી ને બ્રેક લાગશે ?

ગયા અઠવાડિયે મેં કહ્યું હતું કે "લિક્વિડિટી એ મારી તાકાત છેઃ બુલ્સ" અને મેં નિફ્ટીમાં ૧૧૨૨૦ ના લક્ષ્યાંક સાથે ખરીદીની ભલામણ કરી હતી, જે લક્ષ્ય પ્રાપ્ત થયું છે. નબળી કમાણીને કારણે વૈશ્વિક બજારો ઉચ્ચ સ્તરે સંઘર્ષ કરી રહ્યા છે. જ્યારે ભારતીય અર્થવ્યવસ્થાના દ્દષ્ટિકોણ થી આરબીઆઈનો નાણાકીય સ્થિરતા રિપોર્ટ ચિંતાના સંકેતને સૂચવે છે. મને લાગે છે કે આ બંને ડેટા નિફ્ટી ને ૧૧૨૨૦-૧૧૩૦૦ ઝોન વચ્ચે તેજીવાળા ને પડકાર આપશે.

ટેક્નિકલ ચાર્ટ ના દ્દષ્ટિકોણ પર, એકંદર માળખું મજબૂત છે અને દૈનિક અથવા સાપ્તાહિક ચાર્ટ પર ટ્રેન્ડ રિવર્સલ થવાના સંકેત જોવા મળ્યા નથી. નીચેની તરફ ૧૧૯૫૦-૧૧૮૪૦ મજબૂત સપોર્ટ ઝોન તરીકે કામ કરશે . જ્યારે ૧૧૨૨૦-૧૧૩૦૦ બજાર માટે પ્રતિકાર ઝોન રહેશે. ૧૧૩૦૦ ના સ્તરની ઉપર, હું આશા રાખું છું કે નિફ્ટી આગામી દિવસોમાં ૧૧૪૫૦ ના સ્તરે પહોંચી શકે.

ઓપ્શન ના દ્દષ્ટિકોણ થી, નિફ્ટી ૧૧૦૦૦ કોલ ઓપ્શન સૌથી વધારે ઓપન ઇન્ટરેસ્ટ ની સ્થિતિ દર્શાવે છે. જેનો અર્થ છે કે આગલા અઠવાડિયા માટે ૧૧૦૦૦ તેજીવાળા માટે મજબૂત આધાર અથવા સપોર્ટ ઝોન બનશે.

ઉપરના તમામ ડેટાને ધ્યાનમાં રાખીને, મને લાગે છે કે આર્થિક ડેટા કેટલાક ચિંતાજનક નિશાનીઓ દર્શાવે છે પરંતુ જો આપણે છેલ્લા ત્રણ મહિનાના આર્થિક ડેટાના વલણને તપાસીએ, તો નબળા ડેટા આવ્યા પછી માર્કેટ માં પ્રારંભિક નબળી પ્રતિક્રિયા પછી તેજી થઈ છે. તેથી,ચાલો જોઈએ કે બજાર આ સમયે કેવી પ્રતિક્રિયા આપશે.! હું માનું છું કે ટૂંકા ગાળાના વલણ માટે સોમવારનો બંધ ભાવ ખૂબ જ નિર્ણાયક છે, જો માર્કેટ ડાઉન ઓપનિંગ પછી સુધરશે તો આપણે ૧૧૯૫૦ ના સ્તરની નીચે સ્ટોપલોસ સાથે ૧૧૪૫૦ ના લક્ષ્યાંક માટે નિફ્ટી ખરીદી શકીશું.

તમારા રોકાણ અથવા ટ્રેડ સંબંધિત પ્રશ્નો માટે તમે ૯૨૨૮૨૩૭૩૭૩ પર સંપર્ક કરી શકો છો.

Techno Funda sound stocks



Sachin Shah : (Mumbai)
growyourwealthwithsachin@gmail.com

DEEPAK NITRITE LTD
(506401 & NSE) (593.55) (FV 2)

દીપક નાઈટ્રાઈટ કેમિકલ્સ બનાવતી કંપની છે. કંપનીના પ્રોડક્ટ્સ ડાઈઝ, પીગમેન્ટ, એગ્રો કેમિકલ, ફાર્માસ્યુટિકલ, પ્લાસ્ટિક, ટેકસટાઈલ, પેપર, હોમ અને પર્સનલ કેર સેગ્મેન્ટમાં વપરાય છે. કંપની ટોટલ ૫ પ્લાન્ટ ધરાવે છે.

FY20		FY19	
Sales	4229.71 crore	Sales	2699.92 crore
PAT	611.03 crore	PAT	173.66 crore
Sales Growth	56.66%	PAT Growth	251.85%



Technical Observations :

સ્ટોક હાલમાં ૫૯૩.૫૫ પાસે ક્વોટ થઈ રહ્યો છે અને ૫, ૧૦, ૨૦, ૫૦, ૨૦૦ દિવસની સિમ્પલ અને એક્સપોનેન્શીયલ મુવિંગ એવરેજીસ ઉપર ટ્રેડ કરી રહ્યો છે. ડેઈલી, વીકલી અને મંથલી ચાર્ટમાં એડીએક્સ, એમએસીડી, પેરાબોલિક એસએઆર અને સુપર ટ્રેન્ડ બાય મોડમાં છે. સ્ટોકમાં વર્તમાન ભાવે અને કોઈ પણ ઘટાડામાં ૧૮ થી ૨૧ મહિનાના ૭૬૦ના ટાર્ગેટ માટે રોકાણ કરી શકાય.

Cont...

ALEMBIC PHARMACEUTICALS LTD
(533573 & NSE) (980) (FV 2)

એલેમ્બિક ફાર્મા ૧૯૦૭થી ફાર્માસ્યુટિકલ સેગ્મેન્ટમાં કાર્યરત છે. કંપની જેનરિક અને બ્રાન્ડેડ દવાઓનું ઉત્પાદન કરે છે અને વિશ્વભરમાં વેચાણ પણ કરે છે. કંપની અમેરિકામાં પણ મોટા પાયે નિકાસ કરે છે.

Q1FY21		Q1FY20	
Sales	1341.32 crore	Sales	948.91 crore
PAT	301.46 crore	PAT	123.72 crore
Sales Growth	41.35%	PAT Growth	143.66%



Technical Observations :

સ્ટોક હાલમાં ૯૮૦ પાસે ક્વોટ થઇ રહ્યો છે અને ૫, ૧૦, ૨૦, ૫૦, ૨૦૦ દિવસની સિમ્પલ અને એક્સપોનેન્શીયલ મુવિંગ એવરેજીસ ઉપર ટ્રેડ કરી રહ્યો છે. ડેઈલી, વીકલી અને મંથલી ચાર્ટમાં એડીએક્સ, એમએસીડી, પેરાબોલિક એસએઆર અને સુપર ટ્રેન્ડ બાય મોડમાં છે. સ્ટોકમાં વર્તમાન ભાવે અને કોઈ પણ ઘટાડામાં ૧૮ થી ૨૧ મહિનાના ૧૨૫૦ના ટાર્ગેટ માટે રોકાણ કરી શકાય.

શ્યોર શોટ્સ

- Dilip K. Shah

Galaxy Surfactants (રૂ. ૧૬૨૯.૦૦) (કોડ : ૫૪૦૯૩૫) :-

બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૭૯૦ અને ઘટીને રૂ.૯૭૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૫૭૭૬ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૭૦.૯૩ ટકા અને પબ્લિક ૨૯.૦૭ ટકા હિસ્સો ધરાવે છે. ખાસ કરીને કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૨.૮૨ ટકા અને એફઆઈઆઈ ૩.૦૯ ટકા હિસ્સો ધરાવે છે જયારે બાકીનો હિસ્સો પબ્લિક પાસે છે. ૧૯૮૬માં સ્થપાયેલી આ કંપની સર્ફેકટેન્ટ અને અન્ય સ્પેશીયાલીટી ઈન્ગ્રીડીએન્ટ્સનું ઉત્પાદન કરે છે જે પર્સનલ કેર અને હોમ કેરમાં વપરાય છે. કંપની રૂ.૧૪૮૦ના ભાવે ફેબ્રુઆરી ૨૦૧૮માં આઈપીઓ લાવી હતી અને લીસ્ટીંગ બાદ સારો ગેઈન મળ્યો હતો જોકે માર્કેટને ખરાબ સેન્ટિમેન્ટમાં સ્ટોક એક રેંજમાં જ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ સ્ટેબલ પરિણામો આપ્યા છે. કંપનીનું વેચાણ રૂ.૧૯૯૬ કરોડથી ઘટીને રૂ.૧૭૯૩ કરોડ થયું છે જયારે નફો રૂ.૧૬૮ કરોડથી વધીને રૂ.૧૮૨ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૫૧.૩૮ની ઈપીએસ હાંસલ કરી છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૫.૪૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૮૫૪ કરોડનું રીઝર્વ છે. મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડીંગમાં ખાસ કરીને એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ પાસે ૬.૮૦ ટકા હિસ્સો છે. માર્કેટના કરેકશનની સરખામણીમાં આ સ્ટોકમાં કરેકશન આવ્યું નથી અને જે રીતે કેમિકલ સ્ટોક્સમાં વેલ્યુબાઈંગ જોવાઈ રહ્યું છે એ જોતા આ સ્ટોકમાં કોઈ પણ ઘટાડામાં તબકકાવાર રોકાણ કરી લેવાય. સ્ટોક લાંબાગાળે ખુબજ સુંદર રીટર્ન આપી શકે છે.

Reliance Industries (રૂ. ૧૯૯૫.૦૦) (કોડ : ૫૦૦૩૨૫)

ઈન્ટીગ્રેટેડ ઓઈલ એન્ડ ગેસ ક્ષેત્રે કાર્યરત A ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૨૦૧૦ અને ઘટીને રૂ. ૮૫૭ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૦.૨૯ ટકા અને પબ્લિકનું હોલ્ડિંગ ૪૯.૭૧ ટકા છે. ભારતીય કોર્પોરેટ જગતમાં અગ્રગણ્ય - ફોર્ચ્યુન-૫૦૦ માં પણ સ્થાન ધરાવે છે. આ કંપની ટેક્ષ્ટાઈલ્સ અને પોલીએસ્ટરથી લઈને એનર્જી, મટીરીયલ્સ, રીટેલ, એન્ટરટેઈનમેન્ટ, ડીજીટલ સર્વિસીસ ઈન્ટીગ્રેટેડ પ્લેયર તરીકે કાર્યરત છે. કંપનીએ હાલમાં જીઓ પ્લેટફોર્મ ઉપર ૨૦ બીલીયન ડોલરથી વધુ રકમ માત્ર ચાર મહિનામાં જ એકત્રિત કરેલ છે. ફેસબુક અને ગુગલ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. જીઓ પ્લેટફોર્મ ઉપર ૩૩ ટકા સ્ટેક ડાયવેસ્ટ કરીને ૫૮ મીલીયન યુ.એસ. ડોલર મૂલ્ય એકત્રિત કરેલ છે. નેટ બેઝિસ ઉપર આ કંપની ડેબ્ટ ફ્રી બની ચુકેલ છે. કંપની આગામી સમયમાં રીટેલ સેગ્મેન્ટ ઉપર વધુ ફોકસ આપી રહી છે અને ૧૨૦૦૦ થી વધુ રીટેલ સ્ટોર્સ ધરાવે છે જેમાં કન્ઝયુમર ઈલે. ચેન સ્ટોર્સ, સુપર માર્કેટ, ફાસ્ટ ફેશન આઉટલેટસ અને જીઓમાર્ટ, ઓનલાઈન ગ્રોસરી સ્ટોર્સ પણ સમાવેશ થાય છે. આગામી સમયમાં સાઉદી અરામ્કો સાથે પેટ્રો કેમિકલ્સના બિઝનેસમાં સ્ટેક સેલની યોજના બનાવી છે. વર્તમાન ટ્રેડિશન કંપની બિઝનેસને બદલે રીટેલ અને ટેકનોલોજી સાથેનું ઉચ્ચુ વેલ્યુએશન ધરાવતા બિઝનેસ ઉપર ધ્યાન આપી રહી છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના અંતે ૬૧૧૬૪૫ કરોડનું વેચાણ તેમજ ૧૩૯૫૬ કરોડની અન્ય આવક, ૩૯૭૭૩ કરોડનો નેટ પ્રોફિટ અને ૬૩૩૯ કરોડની ઈક્વિટી ઉપર રૂ. ૬૩.૪૯ નો ઈપીએસ નોંધાવ્યો છે. કેશ ઈપીએસ ૯૭.૭૭ છે. ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૧૫.૯૮ ટકા અને નેટ પ્રોફિટ માર્જીન ૬.૫૦ ટકા જોવાયા છે. કંપનીએ ૬૫ ટકા ડિવિડંડ જાહેર કર્યું છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના ક્વાર્ટરમાં કંપનીએ ૧૩૯૨૮૩ કરોડની આવક તેમજ ૪૧૩૩ કરોડની અન્ય આવક ઉપર રૂ. ૬૫૭૫ કરોડનો નેટ પ્રોફિટ અને ક્વાર્ટલી ૧૦.૦૧ નો ઈપીએસ નોંધાવ્યો છે. બુકવેલ્યુ રૂ. ૬૩૦ છે. પ્રમોટર્સ સ્ટેક ૫૦.૦૭ ટકા છે. કંપની ચાલુ વર્ષના અંતે EPSમાં ૩૫ ટકાનો ગ્રોથ હાંસલ કરે તેવી મજબુત સંભાવનાએ આ સ્ટોક આગામી વર્ષમાં ૨૪૦૦ ની સપાટીને ટચ કરતો જોવાય. આ કંપની ક્વાર્ટલી રીઝલ્ટ માટેની બોર્ડ મીટીંગ તા. ૩૦ જુલાઈના રોજ મળી રહી છે.

SUN TV Network (રૂ. ૩૮૦.૦૦) (કોડ : ૫૩૨૭૩૩)

બ્રોડકાસ્ટીંગ એન્ડ કેબલ ટીવી ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૫ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૫૫૧ અને ઘટીને રૂ. ૨૬૦ જોવાયો છે. કંપની દક્ષિણના માર્કેટમાં મજબુત હાજરી ધરાવે છે. લોકડાઉનમાં પણ તેના રેટિંગ અને બજાર હિસ્સામાં સુધારો થયો હતો અને મોટાભાગની ચેનલ્સની વ્યુઅરશિપ લોકડાઉન દરમ્યાન ૭.૧૦ ટકા વધી હતી. સ્થિતિ થાળે પડશે

Cont...

ત્યારે તેની એડ રેવન્યુમાં જોરદાર ઉછાળો આવશે. કંપનીના સબસ્ક્રાઈબરની સંખ્યા ઝડપથી વધી રહી હોવાથી ૨૦૨૦-૨૧ માં સબસ્ક્રિપ્શનના રેવન્યુમાં બે આંકડામાં વૃધ્ધિ કરે તેવી ધારણા છે એટલે એડવર્ટાઈઝમેન્ટ રેવન્યુમાં ઘટાડાની અસર સરભર થઈ જશે. કંપનીનું ઓટીટી પ્લેટફોર્મ ''સન નેક્સ્ટ'' પર સારો પ્રતિસાદ મેળવી રહ્યુ છે તેના સબસ્ક્રાઈબરની સંખ્યા ૧.૫ કરોડને પાર થઈ છે. ખર્ચ કાપને કારણે નફો જાળવી રહ્યો છે. આવક ઘટાડા છત્તા કંપનીના તેના EBITDA માર્જિન બચાવવામાં કંપની સફળ રહી છે. આ સેક્ટરની અન્ય કંપનીઓ નાણાંભીડનો સામનો કરી રહી છે ત્યારે સનટીવીની બેલેન્સશીટ મજબુત હોવાથી એનાલીસ્ટોમાં તેનું આકર્ષણ વધ્યું છે. મજબુત ફ્રી કેશ ફ્લો ધરાવતી આ કંપની સંપુર્ણ દેવામુક્ત છે. કંપની રૂ. ૨૪૦૦ કરોડની રોકડ બચાવીને વૃદ્ધિ માટે રોકાણ કરવા સક્ષમ છે અત્યારે કંપની ઓછા ભાવે સારો મુવી કન્ટેન્ટ ખરીદી શકે છે અને પુરતુ ભંડોળ પણ છે. કંપની કપરા સમયમાં મજબુતાઈથી સામનો કરી રહી છે. ૩૧ માર્ચ ક્વાર્ટરમાં આવકમાં ૧૭ ટકા અને નેટ નફામાં ૧૨ ટકાનો ઘટાડો જોવાયો છે. કંપનીએ સબસ્ક્રિપ્શન આવકમાં ૨૫ ટકા વૃધ્ધિ કરી હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષાંતે કંપનીએ રૂ. ૩૪૦૪.૪૨ કરોડની આવક ઉપર રૂ. ૧૩૭૧.૮૩ કરોડનો નેટ પ્રોફિટ અને ૩૪.૮૧ નો ઈપીએસ નોંધાવ્યો છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં રૂ. ૭૩૫.૧૬ કરોડની આવક ઉપર રૂ. ૨૫૦ કરોડનો નેટ પ્રોફિટ અને ૬.૩૪ નો EPS દર્શાવ્યો છે. એનાલિસ્ટો આ કાઉન્ટર માટે બુલિશ છે. મોટાભાગની કંપનીઓએ એડવર્ટાઝમેન્ટ ખર્ચ ઘટાડી દીધો છે. વર્ષના બાકીના ૬ મહિનામાં કંપનીઓ ખર્ચ વધારશે અને ફરી નોર્મલ સ્થિતિ સ્થપાશે એટલે સન ટીવીની એડવર્ટાઝમેન્ટ રેવન્યુ પણ વધશે પરિણામે કેટલાક સાનુકુળ પરિણામોથી ફાયદો થશે.

Alkyl Amines (રૂ. ૨૩૩૨.૦૦) (કોડ : ૫૦૬૭૬૭)

આલ્કીલ એમાઈન્સ ખાસ કરીને એમાઈન્સ અને એમાઈન્સ બેઈઝ કેમિકલ્સનું ઉત્પાદન કરતી સ્મોલકેપ સેક્ટરની કંપની છે. કંપની તેની પ્રોડક્ટોને ફાર્માસ્યુટિકલ, એગ્રો કેમિકલ્સ, રબર કેમિકલ અને વોટર ટ્રીટમેન્ટ ઈન્ડસ્ટ્રીઝને સપ્લાય કરે છે. કંપની મહારાષ્ટ્રમાં વિવિધ જગ્યાએ કુલ ૯ પ્રોડક્શન પ્લાન્ટ ધરાવે છે આ સિવાય પુણે ખાતે આરએન્ડડી સેન્ટર પણ ધરાવે છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૫ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૮૩૩ અને ઘટીને રૂ.૬૫૩ જોવાયો છે. કંપની તેના શેરો હોલ્ડરોને રેગ્યુલર મજબુત ડિવિડન્ડ ચૂકવતી આવી છે ને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૪૦૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૦.૨૧ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૨૬ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૭૪.૧૯ ટકા અને પબ્લિક ૨૫.૭૫ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ના માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૨૩૭ કરોડથી ઘટીને રૂ.૨૩૫ કરોડ થઇ છે જયારે ૩ મહિનામાં કંપનીનો નફો રૂ.૧૯ કરોડથી વધીને રૂ.૪૯ કરોડ થયો છે. કંપનીએ ૩ મહિનામાં રૂ.૨૪.૧૩ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૯૯૩ કરોડની આવક ઉપર રૂ.૨૦૧ કરોડનો નફો અને રૂ.૯૮.૬૬ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે માર્કેટકેપ રૂ.૪૭૫૮ કરોડ છે. કંપનીને પ્રમોટરોનું મજબુત બેકિંગ છે અને આ સેક્ટરમાં ડીમાંડ પણ ઘણી સારી છે એ જોતા આ સ્ટોક હાલમાં રોકાણ માટે આર્કષક છે અને લોંગ રનમાં રૂ.૩૦૦૦નો આંક કુદાવતો જોવાઈ શકે છે. તબક્કાવાર રોકાણ વધારી શકાય.

Fine Organics (રૂ. ૨૦૩૨.૦૦) (કોડ : ૫૪૧૫૫૭)

BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપની ૭૮૩ના ભાવે IPO લઈને આવી હતી અને હાલમાં આ સ્ટોક હાલમાં રૂ.૨૦૩૨ની સપાટીની ઉપર ટ્રેડ કરી રહ્યો છે. શેરની ફેસ વેલ્યુ રૂ.૫ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૫૪૮.૩ અને ઘટીને રૂ.૧૩૫૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૬૨૩૨ કરોડ છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૫ ટકા અને પબ્લિક ૨૫ ટકા હિસ્સો ધરાવે છે. પબ્લિક હોલ્ડીગમાં પણ મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે ૧૩.૮૯ ટકા અને FII પાસે ૫.૭૬ ટકા હિસ્સો છે. એટલે કે રીટેઈલ ઇન્વેસ્ટર્સ પાસે તો માત્ર ૪.૨૪ ટકા હિસ્સો જ છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૨૮૪ કરોડથી ઘટીને રૂ.૨૪૭ કરોડ થયું છે જયારે નફો રૂ.૨૭ કરોડથી વધીને રૂ.૩૪ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ની વાત કરીએ તો કંપનીએ રૂ.૧૦૩૮ કરોડની આવક ઉપર રૂ.૧૬૫ કરોડનો નફો હાંસલ કર્યો છે. કંપનીએ ૧૨ મહિનામાં રૂ.૫૩.૭૫ની EPS હાંસલ કરી છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૫.૩૩ કરોડ છે. કંપની વિવિધ પ્રકારના કેમિકલ્સ બનાવે છે અને ઓર્ગેનિક કેમિકલ સેગ્મેન્ટમાં કંપની ૪૫થી વધારે પ્રોડક્ટ્સ ડેવલોપ કરી ચુકી છે. કંપની નવી મુંબઈ ખાતે અંબરનાથમાં પ્લાન્ટ ધરાવે છે અને નવી મુંબઈમાં જ આરએન્ડડી ફેસીલીટી પણ ધરાવે છે. ફ્લોટિંગ સ્ટોક ઓછો હોવાના કારણે સ્ટોકમાં વોલ્યુમ ઘણું ઓછું હોય છે પણ નીચા મથાળે મળે તો લાંબાગાળા માટે સ્ટોકને ધ્યાન રાખી શકાય.

Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

ઈન્ડેક્સ ૩૭૪૭૮ અને નિફ્ટી ફ્યુચર ૧૧૦૦૦ મહત્વના સપોર્ટ

BSE Index (૩૮૧૨૮.૯૦) :- ૩૨૩૪૮.૧૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૩૮૨૩૫ ઉપર ૩૮૬૩૫, ૩૯૧૫૦ સુધીની શકયતા. નીચામાં ૩૭૬૦૦, ૩૭૪૭૮ સપોર્ટ ગણાય.



Bank Nifty Future (૨૨૬૧૪.૯૫) :- ૧૯૪૩૫.૮૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૨૯૦૧ ઉપર ૨૩૧૫૦ કુદાવે તો, ૨૩૩૫૦, ૨૩૫૫૦ સુધીની શકયતા. નીચામાં ૨૨૫૪૫, ૨૨૩૭૦, ૨૨૦૫૦ સપોર્ટ ગણાય.

Nifty Future (૧૧૧૭૦.૦૦) :- ૯૫૮૧.૯૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે ચે. ઉપરમાં ૧૧૨૨૮ કુદાવે તો, ૧૧૩૫૦, ૧૧૫૫૦ સુધીની શકયતા. નીચામાં ૧૧૦૫૦, ૧૧૦૦૦ સપોર્ટ ગણાય.

Apollo Hospitals (૧૫૧૨.૦૦) :- ૧૩૧૧ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૫૩૫ ઉપર ૧૫૭૩, ૧૬૨૨ સુધીની શકયતા. નીચામાં ૧૪૯૨ નીચે ૧૪૭૮ સપોર્ટ ગણાય.

Havells India (૬૦૬.૭૦) :- ૫૬૨.૨૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ પોઝીશન તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૬૧૨ ઉપર ૬૨૭, ૬૪૫, ૬૬૫ સુધીની શકયતા. નીચામાં ૫૯૦ સપોર્ટ ગણાય.

Reliance Ind. (૨૧૪૬.૧૫) :- ૧૩૯૩ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૧૬૩ ઉપર ૨૧૯૦, ૨૨૩૮, ૨૨૮૩ સુધીની શકયતા. નીચામાં ૨૦૦૦ સપોર્ટ ગણાય.

SBI (૧૯૧.૯૫) :- ૧૬૯.૨૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૦૩ ઉપર ૨૧૨, ૨૨૫ સુધીની શકયતા. નીચામાં ૧૯૦ નીચે ૧૮૬ સપોર્ટ ગણાય.

Titan (૧૦૫૭.૦૦) :- ૯૪૧.૮૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૦૮૩ ઉપર ૧૧૦૯, ૧૧૪૭ સુધીની શકયતા. નીચામાં ૧૦૪૨ નીચે ૧૦૩૦ સપોર્ટ ગણાય.

(ડિસક્લેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)

ઈર્શાદ :- "તો તો જરાય અણગમો દુઃખ પ્રત્યે ના રહે આવે જો એ જણાવીને સૌ જિરવી શકે" -'ભાવેશ શાહ'



Dilip Davda
e-mail
dilip_davda@rediffmail.com

Expert's Eye

રિલાયન્સના નેતૃત્વમાં બજારની મજબૂત કામગીરી જુલાઇ ૨૦૨૦ના સતત ચોથા સપ્તાહમાં બજારની સકારાત્મક કામગીરી

ગત સપ્તાહે બજારની શરૂઆતના પ્રથમ બે સેશનમાં નોંધપાત્ર સુધારાને પરિણામે બજારની કામગીરી સકારાત્મક રહી હતી. વિશ્વભરમાં કોરોના પોઝિટિવની સંખ્યામાં સતત વધારા વચ્ચે શેરબજારમાં સતત આગેકૂચથી બજારના ખેલાડીઓ પણ આશ્ચર્યમાં હતાં. તેમના મત અનુસાર એવું લાગે છે કે સૂચકાંકો અને કોરોના પોઝિટિવના આંકડા નવી ઉંચાઇઓ હાંસલ કરવા સ્પર્ધા કરી રહ્યાં છે. જુલાઈ ૨૦૨૦ના સતત ચોથા સપ્તાહમાં બજારે સુધારાનું વલણ જાળવી રાખ્યું અને સતત છઠ્ઠા સપ્તાહે બજાર વધ્યાં સ્તરે બંધ આવ્યું.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સફળતાપૂર્વક રાઇટ્સ ઇશ્યૂ પૂર્ણ કરનાર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ રૂ. ૨૧૬૨.૮૦ની નવી ઉંચી સપાટી હાંસલ કરીને રૂ. ૨૧૪૬.૨૦ના સ્તરે બંધ આવ્યો હતો. બીજી તરફ યસ બેન્કનો પણ મેગા ઇશ્યૂ આવ્યો છે. તે રૂ. ૧૩.૬૫ના સ્તરે બંધ આવ્યો હતો, જ્યારે કે અગાઉના શુક્રવારે તે રૂ. ૧૯.૮૦ના સ્તરે બંધ આવ્યો હતો. આમ રિલાયન્સ એક સપ્તાહમાં ૧૨.૨૯ ટકા વધ્યો છે, જ્યારે કે યસ બેન્ક ૩૧.૦૬ ટકા ઘટ્યો છે. પ્રાઇમરી માર્કેટની આ સ્થિતિમાં રોસારી બાયોએ દરેકના સરપ્રાઇઝ આપી અને ૬૫ ટકા પ્રીમિયમ સાથે બજારમાં પ્રવેશ કર્યો તથા ઇન્ટ્રાડે રૂ. ૮૦૪ની ટોચની સપાટી હાંસલ કરી હતી તથા ઓફર પ્રાઇઝ સામે આશરે ૭૦ ટકાનો વધારો નોંધાવ્યો હતો. કોવિડ-૧૯ મહામારી બાદ આ પ્રથમ મેઇનબોર્ડ આઇપીઓ હતો.

ગત સપ્તાહે બંન્ને સૂચકાંકો ૧૧૧૦૦ અને ૩૮૧૦૦ના મહત્વપૂર્ણ સ્તરોની ઉપર બંધ આવતા તમામને આશ્ચર્ય થયું હતું. એફઆઇઆઇ મુખ્ય ખરીદદારો અને ડીઆઇઆઇ મુખ્ય વેચાણકર્તાહતાં.

ગત સપ્તાહે નિફ્ટી ૧૧૨૩૯.૮૦-૧૦૯૫૩.૦૦ તથા સેન્સેક્સ ૩૮૨૩૫.૭૩-૩૭૧૮૫.૭૮ની રેન્જમાં જળવાઇ રહ્યાં હતાં.

સપ્તાહના અંતે નિફ્ટી ૨૯૨.૪૫ પોઇન્ટ્સ અને સેન્સેક્સ ૧૧૦૮.૭૬ પોઇન્ટ્સ વધીને બંધ આવ્યાં હતાં. આમ સતત છઠ્ઠા સપ્તાહે બજારમાં આગેકૂચ નોંધાઇ તથા જુલાઇ ૨૦૨૦નો ચોથો સપ્તાહ પણ સકારાત્મક બંધ રહ્યો હતો.

Cont....

During the week Add-Shop turned ex-bonus (3 for 4).
Gautam Gems has convened board meet on 27.07.20 to consider bonus issue.

During the week dividend announcement

During the week dividend announcement came in from Dynamic Cables (2.5%), IFGL Refractories (25%), Inv & Preci (1%), Ishan Dyes (10%), BDH Ind (25%), CSL Fin (25%), Hatsun Agro (400% + 400%), Hind Unilever (950%), CRISIL (600%), Himadri Spei (15%), TTK Health (30%), Alankit (20%), Indo Borax (20%), Repco Home (2.5%), Sarthak Metals (5%), Swastik Safe (10%), ITL Ind (5%), KCP Sugar (10%), Tips Ind (15%) etc.

સોમવારે બજારની મજબૂત શરૂઆત થઇ હતી અને નિફ્ટી ૧૨૦.૫૦ પોઇન્ટ્સ વધીને ૧૧૦૨૨.૨૦ તથા સેન્સેક્સ ૩૯૮.૮ પોઇન્ટ્સ વધીને ૩૭૪૧૮.૯૯ના સ્તરે બંધ આવ્યો હતો. બેન્કિંગ અને આઇટી કાઉન્ટર્સના નેતૃત્વમાં બજારની આગેકૂચને ટેલીકોમ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ કાઉન્ટર્સને ટેકો મળ્યો હતો. ફાર્મા સેક્ટરમાં ઉંચા સ્તરે પ્રોફિટ બુકિંગ આવ્યું હતું. કેટલાંક મીડ અને સ્મોલ કેપમાં વેલ્યુ બાઇંગ નોંધાયું હતું. મહત્વપૂર્ણ છે કે બજારે મહામારીની ચિંતાઓને બાજૂમાં રાખીને આગળ વધ્યું છે. મીડ અને સ્મોલ કેપ સૂચકાંકોની નબળી કામગીરી વચ્ચે માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહી હતી. એફઆઇઆઇ મુખ્ય ખરીદદાર અને ડીઆઇઆઇ મુખ્ય વેચાણકર્તા હતાં.

મંગળવારે પણ બજાર વધ્યાં સ્તરે ખુલ્યું હતું અને નોંધપાત્ર વધારા સાથે બંધ આવ્યું. નિફ્ટી ૧૪૦.૦૫ પોઇન્ટ્સ વધીને ૧૧૧૬૨.૨૫ અને સેન્સેક્સ ૫૧૧.૩૪ પોઇન્ટ્સ વધીને ૩૭૯૩૦.૩૩ના સ્તરે બંધ આવ્યો હતો. ઓટો, બેન્કિંગ, પાવર તથા

Cont....

Nifty & Sensex Movement during the last week

Nifty	Open	High	Low	Close	Diff
20-Jul-20	10999.45	11037.9	10953	11022.2	120.5
21-Jul-20	11126.1	11179.55	11113.25	11162.25	140.05
22-Jul-20	11231.2	11238.1	11056.55	11132.6	-29.65
23-Jul-20	11135	11239.8	11103.15	11215.45	82.85
24-Jul-20	11149.95	11225.4	11090.3	11194.15	21.3
		Net	Weekly	GAINs	292.45

Sensex	Open	High	Low	Close	Diff
20/07/2020	37,409.03	37,478.87	37,185.78	37,418.99	398.85
21/07/2020	37,823.61	37,990.55	37,742.05	37,930.33	511.34
22/07/2020	38,178.07	38,199.27	37,601.62	37,871.52	-58.81
23/07/2020	37,814.92	38,225.03	37,738.59	38,140.47	268.95
24/07/2020	37,949.59	38,235.73	37,748.41	38,128.90	-11.57
		Net	Weekly	GAINs	1,108.76

ઓઈલ અને ગેસ કાઉન્ટર્સે બજારની આગેવાની લીધી હતી તથા તેને મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સનો ટેકો મળ્યો હતો. ફાર્મા અને એફએમસીજી કાઉન્ટર્સ ઉપર પ્રોફિટ બુકિંગ આવ્યું હતું. સતત બીજા દિવસે માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહી. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.


બુધવારે પણ પોઝિટિવ ઓપનિંગ બાદ બે તરફી વધઘટ નોંધાઈ હતી અને સુસ્ત કામગીરી સાથે બજાર બંધ આવ્યાં હતાં. નિફટી માત્ર ૨૯.૬૫ પોઈન્ટ્સ ઘટીને ૧૧૧૩૨.૬૦ તથા સેન્સેક્સ ૫૮.૮૧ પોઈન્ટ્સ ઘટીને ૩૭૮૭૧.૫૨ના સ્તરે બંધ આવ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં મજબૂતાઈ નોંધાઈ હતી. જોકે, યુએસ અને ચાઈના વચ્ચે ટ્રેડ વોરની અસર સ્થાનિક બજારો ઉપર પણ વર્તાઈ છે. કેટલાંક બેન્કિંગ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ કાઉન્ટર્સ વધ્યાં હતાં, પરંતુ ઓટો, આઈટી કાઉન્ટર્સમાં ઉંચા સ્તરે વેચવાલી જોવા મળી હતી. મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં પણ વેચવાલી આવી હતી, જેના કારણે માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ બની. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

ગુરુવારે બજાર ઘટ્યાં સ્તરે ખુલ્યાં બાદ સત્રને અંતે સકારાત્મક બંધ આવ્યું હતું. નિફટી ૮૨.૮૫ પોઈન્ટ્સ વધીને ૧૧૨૧૫.૪૫ તથા સેન્સેક્સ ૨૬૮.૯૫ પોઈન્ટ્સ વધીને ૩૮૧૪૦.૪૭ના સ્તરે બંધ આવ્યો હતો. કેટલાંક કોર્પોરેટ્સના પ્રથમ ત્રિમાસિકગાળાના સારા પરિણામો પાછળ ચોક્કસ શેર્સમાં વેલ્યુ બાઈંગ નોંધાયું હતું. બજારે યુએસ અને ચીન વચ્ચેના ટ્રેડ વોર અને મહામારીની ચિંતાઓને પાછળ રાખીને સુધારાની દિશામાં કૂચ જાળવી રાખી હતી. બીજી તરફ રિલાયન્સમાં વધારા સાથે ફાર્મા, ઓટો અને બેન્કિંગ કાઉન્ટર્સ પણ વધ્યાં હતાં. આઈટી કંપનીઓમાં ઉંચા સ્તરે પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. કેટલાંક મીડ અને સ્મોલ કેપ સ્ટોકમાં લેવાલી થઈ હતી. માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહ્યું હતું. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

શુક્રવારે બજારમાં સાવચેતીભર્યા વલણ અને નેગેટિવ ઓપનિંગ બાદ બે તરફી વધઘટ સાથે નિરસ કામગીરી નોંધાઈ હતી. નિફટી માત્ર ૨૧.૩૦ પોઈન્ટ્સ ઘટીને ૧૧૧૯૪.૧૫ અને સેન્સેક્સ ૧૧.૫૭ પોઈન્ટ્સ ઘટીને ૩૮૧૨૮.૯૦ પોઈન્ટ્સના સ્તરે બંધ આવ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની રિટેઈલ બિઝનેસ માટે એમેઝોન સાથેની વ્યૂહાત્મક ભાગીદારીની ચર્ચાઓ પાછળ તે ૨૧૬૨.૮૦ની ઈન્ટ્રા-ડે ટોચ ઉપર પહોંચ્યો હતો અને ૨૧૪૬.૨૦ના સ્તરે બંધ આવ્યો. તેનાથી બજારમાં નોંધપાત્ર ઘટાડાને રોકવામાં મદદ મળી હતી. બેન્કિંગ સેક્ટરમાં મિશ્ર વલણ નોંધાયું હતું. મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સ ઉપર નબળી કામગીરી સાથે માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ રહી હતી. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

યુએસ ડોલરની સામે ભારતીય રૂપિયો ૭૪.૮૩ના સ્તરે રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂ ઓઈલ વધીને બેરલદીઠ ૪૪.૫ ડોલરે સ્પર્શ્યું હતું. નવા સપ્તાહમાં ડેરિવેટિવ એક્સપાયરી તથા ૬૨૫થી વધુ કોર્પોરેટ્સના પરિણામોથી માર્કેટ ભારે વોલેટાઈલ રહી શકે છે ત્યારે સ્ટોક કેન્દ્રિત વલણ અપનાવી શકાય. ચોમાસાની પ્રગતિ પણ બજારની કામગીરીને પ્રભાવિત કરશે.

વર્તમાન સ્થિતિને જોતાં નિફ્ટી ૧૧૫૦૦-૧૦૬૦૦ તથા સેન્કેસ્ ૩૯૦૦૦-૩૬૫૦૦ની રેન્જમાં જળવાઈ રહેવાની સંભાવના છે.



A. K. Asnani
(M) 9893512098
Smart Verc (Bhopal)
Author of Book
Way to Billionaire

નાણાકીય નુકશાન કેવી રીતે રોકશો - ૨

શેરબજારમાં રોકાણ કરવું એ રોલર કોસ્ટર રાઈડ જેવું છે, જેમાં જ્યારે માર્કેટ એકદમ નીચે આવે ત્યારે તેમાંથી બહાર નીકળી જવાનો વિચાર આવે છે, પરંતુ મન કહે છે કે ધીરજ રાખો અને કંઈ જ થશે નહીં. આમ જ્યારે બજારમાં કડાકો બોલે ત્યારે ગભરાઈ ગયા વિના સમજી વિચારીને વ્યૂહ અપનાવવો જોઈએ તથા મોટા કડાકાને પચાવવો જોઈએ.

માર્જિન મની અથવા ડેરિવેટિવ્સ સાથે રમવું જોખમી સાબિત થઈ શકે છે. હું ઘણાં રોકાણકારોને ઓળખું છે કે જોઓ હોમ લોન પ્રી-પે કરે છે અને બ્રોકર્સ દ્વારા અપાયેલા માર્જિન મની ઉપર શેરમાં રોકાણ કરે છે. આજ પ્રકારે રોકાણકારોનો મોટો સમૂહ ફ્યુચર અને ઓપ્શન્સની માફક ડેરિવેટિવ્ઝમાં રોકાણ કરે છે. શેરબજારમાં કંઈપણ ફ્રી નથી. એક સામાન્ય રોકાણકાર માર્જિન મની ઉપર રોકાણ કરે ત્યારે ઘણીવાર તેને ભારે નુકશાન વેઠવાનો વારો આવે છે.

જોડાણ : સ્ટોકમાં ઘણાં વર્ષો સુધી રોકાણ જાળવી રાખ્યા બાદ રોકાણકાર તેનાથી અનુકૂળ થઈ જાય છે કારણકે તેને સારું મેનેજમેન્ટ પસંદ પડે છે અને નિયમિત ડિવિડન્ડ પણ મેળવી રહે છે. અચાનક ચિત્ર બદાલય તો રોકાણકાર મૂશ્કેલીમાં મૂકાઈ જાય છે, તેમ છતાં તે શેરમાં વિશ્વાસ જાળવી રાખે છે. સમય જતાં તેનો સંચિત નફો પણ ધોવાઈ જાય છે.

ઉંચી કિંમત : રોકાણકારો ચોક્કસ કિંમતે શેર ખરીદે છે. જોકે, નબળા નાણાકીય પ્રદર્શનને કારણે શેરના ભાવમાં ઘટાડો થાય છે, પરંતુ રોકાણકાર એક દિવસ સારી કિંમત મળવાની આશાએ હોલ્ડિંગ જાળવી રાખે છે તથા નવેસરથી ખરીદી પણ કરે છે. રોકાણકારની ઈચ્છા મૂજબ ભાગ્યે જ થતું હોય છે અને આખરે તેને જંગી ખોટ સહન કરવાનો વારો આવે છે.

તક : રોકાણકાર ત્રણ-ચાર વર્ષ સુધી સ્ટોકનું હોલ્ડિંગ જાળવી રાખે છે અને તેણે તેના ઉપર કોઈપણ વળતર મેળવ્યું હોતું નથી. કંપનીના નબળા ફંડામેન્ટલ વચ્ચે પણ તે બેન્ક એફડીના વળતર સાથે તુલના કરીને હોલ્ડિંગ જાળવી રાખે છે.

Happy Investing!

A. K. Asnani
Author > Advisor > Coach > Mentor >
09893512098
smartasn@gmail.com

(investors are advised to act as per their own conviction. Above are only the views of the Author)

ધ્યાનમાં રાખવા જેવા શેરો...

- Siddharth Shah

M&M (Rs. 598.00) (Code : 500520)

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના સ્ટોકમાં માર્ચ મહિનામાં કરેક્શન પછી સ્માર્ટ રિકવરી જોવા મળી છે. સ્ટોક બાવન સપ્તાહની ટોચે છે. ગ્રામીણ અને અર્ધ-શહેરી બજારોમાં વ્યાપક લોકપ્રિયતા અને ગ્રાહકોની વફાદારીના પગલે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (એમએન્ડએમ)એ મુશ્કેલ સમયમાં પણ મજબૂત યુટિલિટી વાહનો સ્કોર્પિયો અને બોલેરો પર દાવ લગાવ્યો છે જ્યારે એકંદર પેસેન્જર કાર સેગ્મેન્ટમાં સુધારો નરમ રહ્યો છે. સ્કોર્પિયો અને બોલેરોનું ૫૦ ટકાથી વધુ વેચાણ અર્ધ-શહેરી અને ગ્રામીણ બજારોમાં થાય છે. કોવિડ કટોકટી છતાં બોલેરો, સ્કોર્પિયો અને પીકઅપની માગ જૂન ૨૦૧૯ જેટલી રહી છે. અટકેલી માગ ફરી વધતાં, વાવેતરની ખૂબ જ સારી સિઝન, સરકારી ખર્ચ, જળાશયોના સારા સ્તર અને અપેક્ષા કરતાં ખરીફ વાવેતર વધુ સારું થવાના પગલે મે અને જૂનમાં ગ્રામીણ બજારોમાં મજબૂત સુધારો જોવા મળ્યો છે. એમએન્ડએમે જૂનમાં તેના ટ્રેક્ટરના વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. એમએન્ડએમનું કુલ વેચાણ મે મહિનામાં ૯,૦૭૬ ડીસ્પેચ યુનિટથી વધીને બમણું થયું છે. ખરીદો.

Titan (Rs.1057.00) (Code : 500114)

ટાઈટન કં. લિ.ની જૂનમાં રિકવરી સકારાત્મક હતી. કોવિડ-૧૯ લૉકડાઉનના કારણે એપ્રિલમાં સંપૂર્ણપણે બિઝનેસ ગુમાવ્યા પછી અને મેમાં રીટેલ જ્વેલરીના વેચાણમાં ૮૦ ટકાના ઘટાડા પછી કંપનીએ જણાવ્યું હતું કે, જૂનમાં જ્વેલરી આવકમાં વાર્ષિક ધોરણે ૩૦ ટકાનો ઘટાડો થયો હતો. જ્વેલરી ટાઈટનનો મુખ્ય બિઝનેસ છે અને ૨૦૧૯-૨૦માં તેની આવકમાં ૮૩ ટકા હિસ્સો આ સેગ્મેન્ટનો હતો. જૂન ક્વાર્ટરમાં રીટેલ જ્વેલરીની આવકમાં વાર્ષિક ધોરણે ૭૦ ટકાનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. જોકે, આ સેગ્મેન્ટે વધારાની ઈન્વેન્ટરીમાંથી છૂટકારો મેળવવા બજાર દરે બુલીયન માર્કેટમાં રૂ. ૬૧૦ કરોડના મૂલ્યનું સોનુ વેચ્યું હતું. ટાઈટને જણાવ્યું હતું કે, અનેક લગ્નો રદ થવા છતાં લગ્નના ઘરેણાંના વધુ વેચાણના કારણે જૂનમાં રિકવરી જોવા મળી છે. જીનમાં ગોલ્ડન હાર્વેસ્ટ સ્કીમમાં સોનાના વેચાણ અને સોનાના સિક્કાની માગ કરતાં પણ ઘરેણાંની માગ સારી રહી છે. ટાઈટનનો શૅર ૨૦૨૦ના તળીયેથી નોંધપાત્ર સુધારો થવા છતાં તે હજી ફેબ્રુઆરીમાં જોવા મળેલી ટોચ કરતાં ૨૫ ટકા નીચા સ્તરે છે. એકત્ર કરો.

Kaveri Seeds (Rs. 583.00) (Code : 532899)

કાવેરી સીડ્સ : કાવેરી સીડ્સનો સ્ટોક માર્ચમાં રૂ. ૨૭૪ના તળીયેથી બમણો થયો છે. ગયા સપ્તાહે સ્ટોકે રૂ. ૬૩૮ના સ્તરે બાવન સપ્તાહની નવી ટોચ બનાવી હતી અને ત્યાર બાદ તેમાં કરેક્શન જોવા મળ્યું હતું. આ શૅરને એકત્ર કરવાની સારી તક છે. આ નાણાકીય વર્ષમાં કાવેરી સીડ્સની આવકમાં ૧૫-૨૦ ટકા વધારાની અપેક્ષા છે, જેનો મુખ્ય આધાર તેના કોટન હાઈબ્રીડ સીડ્સના કારોબારમાં ૧૦-૧૫ ટકાની વૃદ્ધિ અને નોન-કોટન સીડ્સ બિઝનેસ રેવન્યુમાં ૨૦-૨૫ ટકાની વૃદ્ધિ છે. કાવેરી સીડ્સની આવકમાં લગભગ અડધો હિસ્સો કોટન સીડ્સના બિઝનેસનો છે. છેલ્લા નાણાકીય વર્ષમાં કોટન સીડ્સનું વોલ્યુમ ૧૭ ટકા વધ્યું હતું અને કોન્સોલિડેટેડ રેવન્યુ ૪૮ ટકા થઈ હતી. કપાસના પાકના વધારા સમયે ખરીફ વાવેતરની મોસમ માટે વાતાવરણ સાનુકૂળ હોવા સાથે મેનેજમેન્ટને ગ્રોથ ટેમ્પો જાળવી રાખવાની અપેક્ષા છે, જેથી ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર ભારતમાં બજાર હિસ્સો વધશે. વધુમાં કોટન સીડ્સ માટે રોયલ્ટીમાં કાપ સાથે હેલ્ધી વોલ્યુમ વૃદ્ધિ સકારાત્મક ઓપરેટિંગ લીવરેજ આધારિત કમાણીમાં પરિવર્તિત થઈ શકે છે. સરકારે મોનસાન્ટોને ચૂકવવાની રોયલ્ટી સ્ક્રેપ કરી હોવાથી નાણાકીય વર્ષ ૨૧માં કોટન ઈબીઆઈટીડીએ/પેકેટમાં રૂ. ૨૦ના વધારાની સંભાવના છે. આ કૃષિ સ્ટોક એકત્ર કરો.

Natco Pharma (Rs. 729.00) (Code : 524816)

નેટકો ફાર્મા એક મધ્યમ કદની ફાર્માસ્યુટીકલ કંપની છે, જે લગભગ બધી જ ફાર્મા વેલ્યુ ચેઈનમાં હાજરી ધરાવે છે. તે ચાર ફોર્મ્યુલેશન ફેસિલિટીસ અને બે એપીઆઈ ફેસિલિટી સહિત છ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ધરાવે છે. કંપની મેનેજમેન્ટે તાજેતરમાં જ

Cont...

અન્ય ભૌગોલિક સ્થળો અને બિઝનેસીસ (એગ્રોકેમિકલ્સ) પર ફોકસ વધારવા સાથે નવો ગ્રોથ રોડમેપ રજૂ કર્યો છે. નવી વ્યૂહરચના મુજબ ભારત, બ્રાઝિલ, કેનેડા, ચીન જેવા ચોક્કસ બજારો અને એગ્રોકેમિકલ સેગ્મેન્ટ આગામી બેથી ત્રણ વર્ષમાં કંપનીની આવકમાં ૭૦-૮૦ ટકા યોગદાન આપે તેવી સંભાવના છે. નેટકો માટે ખૂબ જ સારી બાબત તેની મજબૂત બેલેન્સ શીટ ઉપરાંત ઉપલબ્ધ તકોનો લાભ મેળવવાની મેનેજમેન્ટની ક્ષમતા છે. કંપનીએ નવી સ્ટ્રેટેજી અમલમાં મૂકી હોવાથી નાણાકીય વર્ષ ૨૨થી ગ્રોથ ટ્રેજેક્ટરીમાં સુધારાની સંભાવના છે. આ સ્ટોક એકત્ર કરવો મૂલ્યવાન છે.

Cadila HC (Rs. 363.00) (Code : 532321)

ઝાયડસને કેન્સરના દર્દીઓને અપાતી કીમોથેરેપીમાં ડેસીડુસ્ટેટ માટે પ્રારંભિક ક્લિનિકલ ટ્રાયલ્સને અમેરિકન ડ્રગ નિયમનકારોએ મંજૂરી આપતા ગયા સપ્તાહે કેડિલા હેલ્થકેરના શૅરમાં તેજી આવી હતી. અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને કીમોથેરેપી-ઈન્ડ્યુસ્ડ એનેમિયા (સીઆઈએ)માં ડેસીડુસ્ટેટ માટે ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવા મંજૂરી આપી છે. ઝાયડસે પણ કોવિડ-૧૯ના દર્દીઓના મેનેજમેન્ટ માટે મેક્સિકોમાં ડેસિડુસ્ટેટનું ફેઝ-૨ (બી) ટ્રાયલ શરૂ કર્યું છે. ડેસિડુસ્ટેટ વિશેષરૂપે હિમોગ્લોબિન વધારવા, હેપ્સિડિન અને તે રીતે એનેમિયાની સારવાર ઘટાડવા ડીઝાઈન કરાઈ છે. અન્ય એક ઘટનાક્રમમાં કેડિલાએ જણાવ્યું હતું કે તે કોવિડની બે રસીઓ પર કામ કરી રહી છે. એક અગ્રણી કેન્ડિડેટ છે, જે એનિમલ સ્ટડીસમાં સલામતી દર્શાવે છે, પરંતુ તેના હ્યુમન ટ્રાયલની માત્ર શરૂઆત થઈ છે. આ ટ્રાયલ્સને ત્રણ મહિના જેટલો સમય લાગશે. કદાચ વધુ સમય પણ લાગી શકે છે. ખરીદો, આ ફાર્મા સ્ટોક વધુ સારું વળતર આપશે.

__Disclosures__ : At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.

__Disclaimer__ : Investing in any equity is risky. Our recommendations are based on reliable & authenticated sources believed to be true & correct, and also is technical analysis based on & conceived from charts. Investors should take their own decisions. We assume no responsibility for any transactions undertaken by them. The author won't be liable or responsible for any legal or financial losses made by anybody.

માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો....

- Het Zaveri

Agro Tech Foods (Rs. 623.00) (Code : 500215)

એગ્રોટેક ફૂડ્સે પહેલા ક્વાર્ટરમાં સારા પરિણામો દર્શાવ્યા છે. જૂન ૨૦૨૦માં તેનું નેટ વેચાણ ૨.૮૮ ટકા વધીને રૂ. ૨૦૩.૩૯ કરોડ થયું હતું, જે જૂન ૨૦૧૯માં રૂ. ૧૯૭.૬૯ કરોડ હતું. જૂન ૨૦૨૦માં નેટ પ્રોફિટ ૭૮.૪૯ ટકા વધીને રૂ. ૧૨.૫૩ કરોડ થયો હતો, જે જૂન ૨૦૧૯માં રૂ. ૭.૦૨ કરોડ હતો. ઓપરેટિંગ પ્રોફિટ રૂ. ૨૧.૪૬ કરોડ થયો હતો, જે જૂન ૨૦૧૯માં રૂ. ૧૫.૭૮ કરોડની સરખામણીમાં ૩૫.૯૯ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. એગ્રો ટેક ફૂડ્સ ઈપીએસ જૂન ૨૦૨૦માં વધીને રૂ. ૫.૩૦ થયો હતો, જે જૂન ૨૦૯૧માં રૂ. ૨.૯૮ હતો. દરમિયાન અગ્રણી ઈન્વેસ્ટર રાકેશ ઝુનઝુનવાલા અને તેમનાં પત્ની રેખા ઝુનઝુનવાલાએ જૂન ક્વાર્ટરમાં એગ્રો ટેક ફૂડ્સમાં તેમનો હિસ્સો ૫.૧૪ ટકા ઘટાડ્યો છે. એક બાબત ધ્યાનમાં રાખો તેમણે નફો મેળવ્યો છે અને હજી પણ તેઓ કંપનીમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. લાંબા સમયના આશયથી તેમની સાથે જોડાઓ.

MCX (Rs. 1501.00) (Code : 534091)

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ. (એમસીએક્સ) એક કોમોડિટી ડેરિવેટીવ્સ એક્સચેન્જ છે, જે સમગ્ર દેશમાં કોમોડિટીસ ડેરિવેટીવ્સના ઓનલાઈન ટ્રેડિંગ, ક્લિયરિંગ અને સેટલમેન્ટ ઓપરેશન્સની સુવિધા પૂરી પાડે છે. નાણાકીય વર્ષ ૨૦માં કોમોડિટી ફ્યુચર કોન્ટ્રાક્ટ્સના સોદાઓની વેલ્યુના સંદર્ભમાં ૯૪ ટકા બજાર હિસ્સા સાથે કંપની કોમોડિટી ડેરીવેટિવ્સમાં લીડર છે. કોમોડિટી મુજબ એમસીએક્સ કિંમતી ધાતુઓમાં ૯૮.૫૭ ટકા હિસ્સો, ઊર્જામાં ૯૯.૯૫ ટકા હિસ્સો અને બેઝ મેટલ્સમાં ૧૦૦ ટકા હિસ્સો ધરાવતું એકમાત્ર એક્સચેન્જ છે. સોના અને ક્રૂડ સહિત કોમોડિટીના ભાવમાં વોલેટિલિટીના પગલે આગળ જતાં વોલ્યુમ વધશે. મજબૂત ઓપરેશનલ કાર્યક્ષમતા ઈબીઆઈટીડીએ માર્જિનમાં સુધારો લાવવા સક્ષમ છે. એક્સચેન્જનું ઈબીઆઈટીડીએ માર્જિન નાણાકીય વર્ષ ૧૯માં ૩૧.૬ ટકાથી સુધરીને નાણાકીય વર્ષ ૨૦માં ૪૧.૩ ટકા રહ્યું હતું. ટર્નઓવર અને ખર્ચ નિયંત્રણમાં વધારાથી ઈબીઆઈટીડીએ માર્જિન નાણાકીય વર્ષ ૨૨માં સુધરીને ૪૬.૪ ટકાની અપેક્ષા છે. ખરીદો.

MindTree (Rs. 1022.00) (Code : 532819)

માઈન્ડટ્રી : મધ્યમ કદની આઈટી સર્વિસ પ્રોવાઈડર માઈન્ડ ટ્રી વેન્ડર એકત્રીકરણની તકમાં વૃદ્ધિનો લાભ મેળવી રહી છે, કારણ કે વૈશ્વિક ક્લાયન્ટ્સ ટેક્નોલોજી પર વધુ ખર્ચ કરી રહ્યાં છે તેવી પરિસ્થિતિમાં કંપનીએ તેનો બિઝનેસ વધારવાની વ્યૂહરચના અમલમાં મૂકી છે. કંપની કન્ઝ્યુમર સક્સેસ, ડેટા અને ઈન્ટેલિજન્સ, ક્લાઉડ અને એન્ટરપ્રાઈઝ આઈટી જેવા સર્વિસ સેગ્મેન્ટ પર ફોકસ કરશે, કારણ કે કોવિડ-૧૯ મહામારી વચ્ચે કંપનીઓ ટકી રહેવા અથવા ફરીથી બેઠી થવા પર નજર દોડાવી રહી હોવાથી તેમણે આ બાબતો તરફ નજર દોડાવી છે. માઈંડટ્રીએ ગ્રાહકોની ખરીદીની પેટર્ન, તેઓ કેવી રીતે તેમના બિઝનેસીસમાં પરિવર્તન લાવી રહ્યા છે તથા ક્લાયન્ટ્સ ક્યારે કોન્સોલિડેશનનો વિચાર કરી રહ્યા છે તે બાબતોનો અભ્યાસ કર્યો છે. જૂન ૩૦ના અંતે ક્વાર્ટરમાં માઈક્રોસોફ્ટમાંથી માઈન્ડટ્રીની આવક વધી છે. તે કંપનીની સૌથી મોટી ક્લાયન્ટ છે. કંપનીએ સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી ફાટી નીકળવાના સંજોગોમાં વીડિયો કોન્ફરન્સિંગ ટૂલ્સનો ઉપયોગ કરવામાં યુઝર્સને મદદ કરી હતી. પહેલા ક્વાર્ટરમાં માઈન્ડટ્રીની ૨૫૩.૨ મિલિયન ડોલરની આવકમાં માઈક્રોસોફ્ટનું યોગદાન ૩૦ ટકા જેટલું હતું. જૂન ક્વાર્ટરમાં કંપનીના બોર્ડ પર છ નવા ક્લાયન્ટ્સ આવ્યા છે, જે તેની નવી વ્યૂહરચનામાં ફીટ થાય છે. આ સ્ટોક એકત્ર કરવો મૂલ્યવાન છે.

Disclosures : At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.

Disclaimer : Investing in any equity is risky. Our recommendations are based on reliable & authenticated sources believed to be true & correct, and also is technical analysis based on & conceived from charts. Investors should take their own decisions. We assume no responsibility for any transactions undertaken by them. The author won't be liable or responsible for any legal or financial losses made by anybody.

સ્માર્ટ ટીપ્સ

Smita N. Zaveri

Motherson Sumi(રૂ. ૯૬.૦૦) (કોડ : ૫૧૭૩૩૪)

ઓટોપાર્ટસ એન્ડ ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૧૫૧ અને ઘટીને રૂ. ૪૮ જોવાયો છે. આ કંપની દેશની સૌથી મોટી ઓટો એન્સીલરી કંપની છે. નવી દિલ્હી ખાતે હેડ ક્વાર્ટર ધરાવતી મધરસન સુમી ઓટોમોટીવ સેક્ટરને કોમ્પોનન્ટ, મોડ્યુલ્સ અને સિસ્ટમ્સ સપ્લાય કરતી અગ્રણી કંપની છે. કંપનીના બિઝનેસ પોર્ટફોલિયોમાં ઈનકોમ્પીસ ઈલેક્ટ્રીકલ ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ્સ (ઈડીએસ) પોલીરમ પ્રોડકટસ અને કમ્પ્લીટ મોડ્યુલ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે. કંપની ઈન્ડિયન ઓટોમોટીવ સેક્ટરને ઈડીએસ સપ્લાય કરતી સૌથી મોટી કંપની ગણાય છે. કંપની ૨૫૦ મેન્યુફેકચરીંગ ફેસીલીટી સાથે ૪૧ દેશોમાં મજબુત હાજરી ધરાવે છે. કંપનીના મુખ્ય ક્લાયન્ટોમાં વોક્સવેગન, હ્યુંડાઈ, જનરલ મોટર્સ, તાતા મોટર્સ, વોલ્વો, મહિન્દ્રા-મહિન્દ્રા અને ટોયેટોનો સમાવેશ થાય છે. કંપની ઈન્વેસ્ટર ફ્રેન્ડલીનું સ્ટેટસ ધરાવે છે અને રેગ્યુલર ડિવિડંડ ચુકવવાની સાથે કંપનીએ ૧૯૯૭ ની સાલથી અત્યારસુધીમાં ૧૦ વાર બોનસ શેર પણ આપ્યા છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૬૧.૭૩ ટકા અને પબ્લિક ૩૮.૨૭ ટકા છે. બુકવેલ્યુ રૂ. ૧૯.૭૭ છે. ગત વર્ષે કંપનીએ ૧૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું હતું. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડટ બેઝ ઉપર રૂ. ૧૫૭૭૪.૧૮ કરોડની આવક ઉપર રૂ. ૧૪૪.૪૦ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૭૨૩૭.૬૪ કરોડની આવક ઉપર રૂ. ૪૦૮ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. આમ માર્ચ ૨૦૨૦ ના ક્વાર્ટરમાં કંપનીની આવક અને નેટનફામાં નબળા પરિણામો જોવાયા હતા. કોવિડ-૧૯ ની મહામારીને પગલે કંપનીના પરિણામો ઉપર વિપરીત અસર જોવાઈ છે. ચાલુ વર્ષે સારા ચોમાસાને પગલે અને હવે લોકડાઉન હળવુ થતા ઓટો સેક્ટરમાં તેજી જોવાતા આ સ્ટોકમાં પણ કરંટ જોવાય.

Mishra Dhatu Nigam Ltd. (રૂ. ૨૧૦.૦૦) (કોડ : ૫૪૧૧૯૫)

આર્યન એન્ડ સ્ટીલ પ્રોડકટસ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૨૭૮ અને ઘટીને રૂ. ૧૦૮ જોવાયો છે. જાહેર ક્ષેત્રની આ કંપની હૈદ્રાબાદ સ્થિત છે. એલોયનું ઉત્પાદન કરતી કંપની છે. કંપની માર્ચ ૨૦૧૮માં આઈપીઓ લાવી હતી અને શેરદીઠ રૂ. ૯૦ ના ભાવે શેર ઓફર કર્યા હતા. ૧૯૭૩માં સ્થપાયેલ આ કંપની સ્પેશ્યલ સ્ટીલ સુપર એલોયનું ઉત્પાદન કરે છે. સ્પેસ પ્રોગ્રામ પર સરકારના ફોકસને કારણે કંપનીને મોટો લાભ થઈ રહ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં સ્પેસ પ્રોગ્રામ માટે સરકારે આશરે ૧૭ ટકા ખર્ચ વધાર્યા છે. સ્પેસ પ્રોજેક્ટના કુલ ખર્ચમાં મટીરીયલની ખરીદી ઘણી ઓછી હોય છે તેની મિશ્ર ધાતુ ઉંચા ભાવે મળે છે. આની સરખામણીમાં ડિફેન્સ સેક્ટરના ઓડર્સમાં તેના નીચા ભાવે મળે છે. સ્પેસ સેગ્મેન્ટની આવક ૨૦૧૮-૧૯ માં વધીને રૂ. ૩૧૦ કરોડ થઈ હતી જે અગાઉના વર્ષમાં રૂ. ૩૫ કરોડ હતી. સ્પેસ સેગ્મેન્ટની આવકનો હિસ્સો કંપનીની કુલ આવકના પાંચ ટકાથી વધીને ૪૦ ટકા થયો છે. કંપનીની ઓર્ડરબુક રૂ. ૧૮૦૦૦ કરોડ રહી છે. આ કંપનીએ ઈસરો ''ગંગાયાન'' માટે પ્રથમ કન્સાઈનમેન્ટ ડીસ્પેચ કર્યા છે. રૂ. ૩૯૫૧ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ ગત વર્ષે ૨૫.૬૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. બુકવેલ્યુ રૂ. ૫૧.૧૬ છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૨૧૭.૮૨ કરોડની આવક ઉપર રૂ. ૪૦.૩૯ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૩૪૮.૭૯ કરોડની આવક ઉપર રૂ. ૮૦.૨૯ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષાંતે કંપનીએ ૭૧૨.૮૮ કરોડની આવક ઉપર રૂ. ૧૫૯.૭૩ કરોડનો નેટ નફો, ઈપીએસ ૮.૫૩ જોવાયો છે. ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૩૨.૦૧ ટકા અને નેટ પ્રોફિટ માર્જીન ૨૨.૪૧ ટકા જોવાયા છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૪ ટકા અને પબ્લિ હોલ્ડિંગ ૨૬ ટકા છે. ટુંકાથી મધ્યમગાળે આ સ્ટોક રૂ. ૨૫૫ થી ૨૬૦ ના લેવલને સ્પર્શતો જોવાય.

Cochin Shipyard (રૂ. ૩૩૧.૦૦) (કોડ : ૫૪૦૬૭૮)

શીપીંગ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૪૯૧ અને ઘટીને રૂ. ૨૦૯ જોવાયો છે. ભારત સરકારની સંપૂર્ણ માલિકીની આ કંપનીની સ્થાપના ૧૯૭૨માં થઈ હતી. કંપની ૨૦૧૭માં આઈપીઓ અને વર્ષ ૨૦૧૮માં બાયબેક ઓફર લાવી હતી. ચાર દાયકાથી અસ્તિત્વ ધરાવતી આ કંપની ભારતીય શિપનિર્માણ અને શિપ રીપેર ઉદ્યોગમાં અગ્રેસર હોવા સાથે વૈશ્વિક શિપ નિર્માણમાં જાણીતી સાહસિક કંપની છે. કોચીન શિપયાર્ડ દ્વારા ભારત બહાર વિવિધ કોમર્શિયલ ગ્રાહકો નેશનલ પેટ્રોલિયમ કોર્પોરેશન કંપની અબુધાબી, ધ ક્લિયર ગ્રુપ (બ્રહ્માસ), વરૂણ ઓફશોર નેધરલેન્ડ અને

Cont...

એસઆઈજીબીએ એ.એસ (નોર્વે) સહિતના ગ્રાહકોને ૪૫ જહાજો - શિપની નિકાસ કરી ચુકી છે. કંપની ભારતમાં ઘણા કેટલાક મોટા જહાજોનું નિર્માણ અને રીપેરીંગ કર્યું છે અને અત્યાર કંપની ઈન્ડિયન નેવી માટે પ્રતિષ્ઠિત સ્વદેશી એરક્રાફ્ટ કેરિયરનું નિર્માણ કરી રહી છે. કોચીન શિપયાર્ડ દ્વારા નવું ડ્રાય-ડોક કોચી ખાતે રૂ. ૧૭૯૯ કરોડના ખર્ચે સ્થપાઈ રહ્યું છે જે નાણાંકીય વર્ષ ૨૦૨૨ ના અંતે સુધીમાં કાર્યરત થવાની શકયતા છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૨.૮૬ ટકા છે. બુકવેલ્યુ રૂ. ૨૮૩.૭૦ છે. કંપનીએ વર્ષ ૨૦૧૮માં ૧૨૦ ટકા, ૨૦૧૯માં ૧૪૬ ટકા અને ૨૦૨૦ માં ૧૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ આવકમાં ૪ ટકા વૃધ્ધિ સાથે રૂ. ૮૧૬.૬૯ કરોડ અને નેટ નફામાં ૪૨ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૩૮.૭૭ કરોડ તેમજ ઈપીએસ ૧૦.૫૫ દર્શાવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષાંતે કંપની આવકમાં ૧૫ ટકા વૃધ્ધિ સાથે રૂ. ૬૩૭.૬૯ કરોડ અને ઈપીએસ ૪૮.૪૮ દર્શાવ્યો છે. કંપની માર્ચ ૨૦૨૧ ના પુરા થતા વર્ષાંતે ૩૫૧૭.૨૩ કરોડની આવક ઉપર ચોખ્ખો નફો રૂ. ૫૭૪.૪૫ કરોડ મેળવેલ છે ઈપીએસ ૪૩.૬૭ મેળવવાની મજબુત સંભાવના છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૭.૬૬ ના પીઈ મલ્ટીપલથી મળી રહ્યો છે.

RCF (રૂ. ૫૦.૦૦) (કોડ : ૫૨૪૨૩૦)

એ ગ્રુપની ફર્ટીલાઈઝર ક્ષેત્રે કાર્યરત આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનોભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૬૦ અને ઘટીને રૂ. ૨૨ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૫ ટકા છે અને પબ્લિક હોલ્ડિંગ ૨૫ ટકા છે. રાષ્ટ્રીય કેમીકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર્સ લીમીટેડ એ ભારત સરકાર દ્વારા પ્રમોટ કરાયેલી આ મીનીરત્ન કંપની દેશમાં યુરિયાના ઉત્પાદનમાં ૧૦ ટકા માર્કેટ હિસ્સો ધરાવે છે. ઉપરાંત કંપની અન્ય કેમીકલ પણ બનાવે છે. કોર બિઝનેસ સિવાય કંપની મુંબઈમાં વડાલા ચેમ્બુર ખાતે ૭૮૫ એકર સરપ્લસ લેન્ડ ધરાવે છે. આ એરિયામાં પ્રતિ એકરભાવ ૮૦ કરોડની આસપાસ ચાલે છે. આ સરપ્લસ લેન્ડની ઉંચી વેલ્યુ થવા જાય છે. સરકારના એગ્રી ક્ષેત્રે ફોકસને કારણે કંપનીને લાભ થતો જોવાય. રૂ. ૨૬૬૪.૬૫ કરોડની માર્કેટકેપ ધરાવતી આ કંપનીની બુકવેલ્યુ રૂ. ૫૭.૭૫ છે. જે વર્તમાન બજારભાવ કરતા વધુ છે. કંપનીએ ગત વર્ષે ૨૮.૪૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૫.૮૮ ટકા જેટલુ આકર્ષક થવા જાય છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર આવકમાં ૧૫ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૬૦૬ કરોડ અને નેટ નફામાં ૨૦૧.૮૪ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૪૨.૩૮ કરોડ નોંધાવ્યો છે. ઈબીઆઈટીડીએ ૧૭૦.૬૮ ટકા વધીને રૂ. ૪૨૪.૩૨ કરોડ અને ઈપીએસ વધીને રૂ. ૨.૫૮ જોવાયો છે જે ગત વર્ષના સમાનગાળામાં (માર્ચ ૨૦૧૯) રૂ. ૨૨૬૬.૯૮ કરોડની આવક ઉપર રૂ. ૪૭.૧૭ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. કંપનીની ઈક્વિટી રૂ. ૫૫૧.૬૯ કરોડ અને રીઝર્વ સરપ્લસ રૂ. ૨૬૨૭.૩૫ કરોડ જેટલુ જંગી છે. ચાલુ વર્ષે સારા ચોમાસાને કારણે અને સરકારના એગ્રીકલ્ચર સેક્ટર ઉપર ફોકસને પગલે આ સ્ટોક ટુંકાથી મધ્યમગાળે બાવન સપ્તાહની સપાટી ક્રોસ કરતો જોવાય.

MRPL (રૂ. ૩૬.૦૦) (કોડ : ૫૦૦૧૦૯)

એ ગ્રુપની આ કંપની રીફાઈનરી અને પેટ્રો પ્રોડકટસ ક્ષેત્રે કાર્યરત છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૬૨ અને ઘટીને રૂ. ૨૧ જોવાયો છે. મેંગ્લોર રિફાઈનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે કાર્યરત આ કંપની HPCL અને BPCL પછી ત્રીજા ક્રમે આવે છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ્સ ૮૮.૫૮ ટકા અને પબ્લિક ૧૧.૪૨ ટકા છે. કર્ણાટકા મેંગ્લોર ખાતે ઓફિસ ધરાવતી આ કંપનીને એન્વાર્યમેન્ટ કલાયન્ટ બેઝ ૫ પ્રોજેક્ટ મળેલ છે. કંપનીને BS-4 પ્રોજેક્ટ માટે પર્યાવરણની મંજુરી મળી છે. માર્કેટકેપ રૂ. ૬૪૨૩.૨૭ કરોડ અને બુકવેલ્યુ રૂ. ૪૪.૫૦ છે. કંપનીએ ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં આવકમાં ૧૫.૭૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૭૫૪૫.૦૭ કરોડ અને ૬૦૦.૬૬ ટકા ઘટાડા સાથે રૂ. ૧૫૯૬.૪૪ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૫૧૫૨.૪૭ કરોડની આવક ઉપર રૂ. ૩૧૮.૮૭ કરોડનો નેટ નફો દર્શાવ્યો હતો. કંપનીમાં ઈક્વિટી ૧૭૫૨.૬૬ કરોડ અને રીઝર્વ અને સરપ્લસ રૂ. ૬૦૪૬.૮૭ કરોડ છે. MRPL તેની Mangaluru અને Padur ફેસીલીટીઝને ISPRLને ભુગર્ભ ક્રુડ ઓઈલ કેવરન ભારતમાં સક્રિય ભુમિકા ભજવી રહી છે. કેન્દ્રિય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ISPRL સહિતના જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે મળીને કામ કરવા આદેશ આપ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના પ્રર્વતમાન નીચા ભાવોનો લાભ લઈ શકાય. વર્તમાન ભાવથી આ સ્ટોકમાં રોકાણ કરતા ત્રણ થી ચાર ક્વાર્ટરમાં ૬૫ થી ૭૦ ના લેવલને સ્પર્શતો જોવાય.

સ્માર્ટ સુપર ડુપર

- Het Zaveri

Hindustan Zinc (રૂ. ૨૦૦.૦૦) (કોડ : ૫૦૦૧૮૮)

જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૪૯૮૭ કરોડથી ઘટીને રૂ.૩૯૮૯ કરોડ થઇ છે જયારે નફો રૂ.૧૭૬૫ કરોડથી ઘટીને રૂ.૧૩૫૯ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૩.૨૨ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૨૧૧૧૮ કરોડથી ઘટીને રૂ.૧૭૫૬૩ કરોડ થઇ છે જયારે નફો રૂ.૭૯૫૬ કરોડથી ઘટીને રૂ.૬૩૯૯ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય ૨૦૨૦ માં રૂ.૧૫.૧૫ની ઈપીએસ હાંસલ કરી છે. માર્ચ ૨૦૨૦ના અંતે કંપની પાસે રૂ.૩૯૪૬૫ કરોડનું જંગી રીઝર્વ હતું અને કંપની ટોટલ દેવામુક્ત છે. કંપનીનો મેનેજમેન્ટ સ્ટેક વેદાંતા પાસે છે જયારે ભારત સરકાર આ કંપનીમાં ૨૯.૫૪ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીમાં પ્રમોટરો પાસે ૬૪.૯૨ ટકા અને પબ્લિક પાસે ૫.૫૪ ટકા સ્ટેક ધરાવે છે. સરકાર આવનાર સમયમાં વેદાંતાને પોતાનો સ્ટેક વેચતી જોવા મળી શકે છે અને ત્યાર બાદ આ કંપનીના માઈનોરીટી શેર હોલ્ડરો પાસે સારી જાહેરાત પણ થઇ શકે છે. ફન્ડામેન્ટલી આ સ્ટોક વર્તમાન ભાવે ખુબજ સસ્તો લાગી રહ્યો છે અને આ સ્ટોકમાં આવનાર દિવસોમાં મોટા પાયે સુધારો જોવા મળી શકે છે. કંપનીએ મે ૨૦૨૦માં રૂ.૧૬.૫૦ પ્રતિ શેર નું ડિવિડન્ડ ચુકવ્યું હતું. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૨૬.૧૫ અને ઘટીને રૂ.૧૨૨ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૮૪૬૫૪ કરોડ છે. કંપની ચાંદીની ખાણ ધરાવે છે અને જે રીતે ચાંદી ભાવો વધ્યા છે એનો ફાયદો આ કંપનીને આવનાર દિવસોમાં જોવા મળશે.

Rallis India (રૂ. ૨૯૭.૦૦) (કોડ : ૫૦૦૩૫૫)

રાલીસ ઇન્ડિયા ખાસ કરીને ટાટા ગ્રુપની કંપની હોવાથી અને જાણીતા ઇન્વેસ્ટર રાકેશ ઝુનઝુનવાલાની પસંદગીની સ્ક્રીપ્ટ હોવાથી રોકાણકારોમાં ખાસી લોકપ્રિય છે. કંપની એગ્રી બિઝનેસ, ઇન્સ્ટીટ્યુશનલ બિઝનેસ, ઇન્ટરનેશનલ બિઝનેસ અને કોન્ટ્રાક્ટ સર્વિસીસ જેવા સેગમેન્ટ ધરાવે છે. કંપની એગ્રીકલ્ચર બિઝનેસમાં પેસ્ટીસાઇડ, સીડ્સ, ફર્ટિલાઇઝર, હાઉસ હોલ્ડ પ્રોડક્ટ અને સીડ્સ ટ્રીટમેન્ટ કેમિકલ્સ પુરા પાડે છે. ઇન્સ્ટીટ્યુશનલ બિઝનેસમાં કંપની જાણીતી કંપનીઓ જેવી કે બાયર, સીન્જેનટા, એક્સેલ, યુનાઇટેડ ફોસ્ફરસ, ધાનુંકા અને નાગાર્જુના વગેરેને ટેકનીકલ અને વિવિધ મોલેકુલસનાં બલ્ક પુરા પાડે છે. જયારે કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ સેગમેન્ટમાં કંપની વિશ્વની અગ્રણી કંપનીઓ માટે કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગનું કાર્ય કરી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના જુન ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૬૨૩ કરોડથી વધીને રૂ.૬૬૩ કરોડ થયુ છે જયારે કંપનીનો નફો રૂ.૬૮ કરોડથી વધીને રૂ.૯૨ કરોડ થયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૫૭૭૭ કરોડ છે. શેરનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ.૩૨૪.૬૦ અને લો ભાવ રૂ.૧૨૭.૧૦ છે. કંપનીમાં પ્રમોટરો ૫૦.૦૯ ટકા અને પબ્લિક ૪૯.૯૧ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ રૂ.૨.૫નું ડિવિડન્ડ ચુકવ્યું છે. કંપનીની ઇક્વિટી રૂ.૧૯.૪૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૩૯૦ કરોડનું જંગી રીઝર્વ છે. લોકડાઉનમાં પણ સરકારનું ફોકસ ખેડૂતો ઉપર રહ્યું હતું અને હવે ચોમાસું સીઝન પણ સારી જઈ રહી છે અને સરકાર લોકડાઉન બાદ પણ ખેડૂતો માટે વધારે રાહતો આપી રહી છે જેનો ફાયદો આ સેક્ટરની કંપનીઓને મળી શકે છે. સ્ટોક હાલમાં મજબુત ટ્રેડ કરી રહ્યો છે અને ઘટાડે રોકાણ માટે ધ્યાન રાખી શકાય.

Deepak Fertilizers (રૂ. ૧૩૩.૬૦) (કોડ : ૫૦૦૬૪૫)

દીપક ફર્ટીલાઈઝર એન્ડ પેટ્રોકેમિકલ્સ લીમીટેડ દેશની અગ્રણી ફર્ટીલાઈઝર અને પેટ્રોકેમીકલ્સ કંપની છે બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ સ્ટોકની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૩૬.૩૫ અને ઘટીને રૂ.૫૭ જોવાયો છે. કંપની એગ્રી બિઝનેસ, ફાર્મ સોલ્યુશન, માઈનીગ કેમિકલ્સ, ઇન્ડસ્ટ્રીયલ કેમિકલ્સ અને વેલ્યુ એડેડ રીયલ એસ્ટેટ જેવા સેગમેન્ટ ધરાવે છે. ખાસ કરીને કંપનીએ રીયલ એસ્ટેટ સેગમેન્ટમાં કંપની પુણે ખાતે મોલ ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૮૮.૨૦ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૦૦૮ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૫૨.૨૦ ટકા અને પબ્લિક ૪૭.૮૦ ટકા સ્ટેક ધરાવે છે. થોડા સમય પહેલા કંપનીએ માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે જે મજબુત રહ્યા છે જેમાં કંપનીની આવક રૂ.૧૨૯૪ કરોડથી ઘટીને રૂ.૧૨૯૩ કરોડ થઇ છે જયારે નફો રૂ.૫ કરોડથી વધીને રૂ.૨૨ કરોડ થયો છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ.૨.૫૩ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૧૯૩ કરોડ છે. કંપની તેના શેર હોલ્ડરોને સુંદર ડિવિડન્ડ ચુકવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૭ માટે કંપનીએ ૬૦

Cont....

ટકા ડિવિડન્ડ ચુકવ્યું હતું નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે ૬૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૧૯માં કંપનીના પરિણામો નબળા રહ્યા હોવા છતાં કંપનીએ ૩૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૨૦માં પણ ૩૦ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે. લોકડાઉન બાદ ફર્ટીલાઈઝર સેક્ટર સુંદર દેખાવ કરતુ જોવા મળી રહ્યું છે અને કંપની જે કેમિકલ્સ બનાવે છે એની માંગ પણ વધી રહી છે ત્યારે આ સ્ટોકમાં રોકાણ માટે ધ્યાન રાખી શકાય.

REC (રૂ. ૧૦૬.૦૦) (કોડ : ૫૩૨૯૫૫)

રૂરલ ઈલેક્ટ્રીફીકેશન કોર્પોરેશન લીમીટેડ પાવર સેક્ટરમાં ફાયનાન્સ કરતી દેશની અગ્રણી એનબીએફસી કંપની છે. ભારત સરકાર દ્વારા પ્રમોટ કરાયેલી આ કંપનીના પ્રમોટર હવે પીએફસી છે અને પીએફસી ૫૨.૬૩ ટકા અને પબ્લિક ૪૭.૩૭ ટકા સ્ટેક ધરાવે છે. કંપની સ્ટેટ ઈલેક્ટ્રીસીટી બોર્ડ,પાવર યુટીલીટીસ,સ્ટેટ ગવર્મેન્ટ,રૂરલ ઈલેક્ટ્રીક કોપરેટીવ્સ,એનજીઓ અને પ્રાઈવેટ પાવર ડેવલોપર્સને ધિરાણ કરે છે. કંપની નવરત્ન સ્ટેટસ ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૩૦૧૦૫ કરોડની આવક ઉપર રૂ.૪૯૭૨ કરોડનો નફો અને રૂ.૨૫.૧૮ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક ૪.૨ના નીચા પીઈથી ક્વોટ થઇ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે કંપનીએ ૯૧.૫ ટકાનું અતિસુંદર ડિવિડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૧૧૦ ટકાનું આર્કષક ડીવીડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૧૧૦ ટકાનું એટલે કે રૂ.૧૧ પ્રતિ શેરનું ડીવીડન્ડ ચુકવ્યું છે. સ્ટોકમાં વર્તમાન ભાવે ૧૦ ટકાથી વધારેનું ડીવીડન્ડ યીલ્ડ છૂટે છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ.૨૧૦૩૨ કરોડ છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૯૭૪.૯૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૩૩૪૨૨ કરોડનું રીઝર્વ છે. પાવર સેક્ટર ઘણા સમયથી દબાણમાં રહ્યું છે પણ આવનાર સમયમાં આ સેક્ટરમાં થઇ રહેલ રીફોર્મનો આરઈસી અને પીએફસીને મોટો લાભ મળી શકે છે. સ્ટોક છેલ્લા ૩ મહિનાની તેજીમાં પણ વધ્યો નથી અને નીચા મથાળે જ ટ્રેડ કરી રહ્યો છે ત્યારે કોઈ પણ ઘટાડામાં રોકાણ કરી શકાય. કંપનીમાં એફઆઈઆઈ પાસે ૨૬.૫૯ ટકા અને મ્યુચ્યુઅલ ફંડો પાસે ૯.૩૦ ટકા સ્ટેક છે.

IRB Infra (રૂ. ૧૨૨.૦૦) (કોડ : ૫૩૨૯૪૭)

BSE ખાતે A ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૨૮.૪૫ અને ઘટીને રૂ.૪૬ જોવાયો છે. કંપની તેની સબસીડીયરીઓ સાથે મળીને રોડ ડેવલોપમેન્ટ અને મેનેજમેન્ટનું કામ કરી રહી છે. દેશના બે મહત્વના એક્સપ્રેસ હાઈવે એટલે કે મુંબઈ પુના અને અમદાવાદ બરોડા બંનેનું સંચાલન આ કંપની કરે છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૫૧.૪૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૬૩૩૧ કરોડ કરતા વધુનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૫૭.૬૯ ટકા અને પબ્લિક ૪૨.૩૧ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઓર્ડર બુક તગડી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ના માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૧૯૪૮ કરોડથી ઘટીને રૂ.૧૫૮૪ કરોડ થઇ છે જયારે કંપનીનો નફો રૂ.૨૦૮ કરોડથી ઘટીને રૂ.૧૫૪ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૬૭૦૭ કરોડથી વધીને રૂ.૬૮૫૨ કરોડ થઇ છે જયારે કંપનીનો નફો રૂ.૮૫૦ કરોડથી ઘટીને રૂ.૭૨૧ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૧૯.૨૯ની ઈપીએસ હાંસલ કરી છે. કંપની તેના શેર હોલ્ડરોને સુંદર ડિવિડન્ડ ચુકવે છે અને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૫૦ ટકાના ડીવીડન્ડની જાહેરાત કરી છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૪૩૦૭ કરોડ છે. આવનાર સમયમાં રોડ અને હાઈવે સેક્ટરમાં હજુ મોટું રોકાણ થવાનું છે જેનો ફાયદો આ કંપનીને મળશે. સ્ટોકમાં વર્તમાન ભાવે રોકાણ કરી લેવાય. આવનાર દિવસોમાં મજબુત સુધારો જોવા મળી શકે છે. તબક્કાવાર ખરીદી વધારી શકાય. સ્ટોક હાલમાં ૪ ટકાના આકર્ષક ડીવીડન્ડ યીલ્ડ સાથે મળી રહ્યો છે.

Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future " *(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152*

દિવાને-ખાસ

A.J. Diwan (Mumbai)
E-mail : divanconsultancy@rediffmail.com



લાંબાગાળાનું રોકાણ સલાહભરેલુ

"થીંક બીગ યુ વીલ ગ્રો બીગ"

લાંબાગાળાનું રોકાણ કરવું સલાહ ભરેલું છે. જે શેરોના ફંડામેન્ટલ સારા હોય તેમાં રોકાણ કરવું એ સલાહ ભરેલુ છે અમે એવું નથી કહેતા. શેરો ઘટશે નહીં પણ ઘટશે તો પણ ઉપર જવાની ક્ષમતા સાથે ઘટશે.

રિલાયન્સ :- ૨૦૧૭ના જુનમાં જ્યારે રિલાયન્સે ૧:૧ ના પ્રમાણમાં બોનસ આપ્યું ત્યારે ભાવ રૂ. ૧૭૬૦ હતો. આ પછી ૧૫ રાઈટ પછી ભાવ ૨૦૬૦ છે. કંપનીના શેર ધારકોના નાણાં ત્રણ વર્ષમાં બમણાથી પણ વધારે થયા. મુકેશભાઈએ પિતાની વાત "થીંક બીગ યુ વીલ ગ્રો બીગ" પર ખરેખર સારા પગલા લીધા. હજી એમેઝોન સાથે કરાર નક્કી થશે ત્યારે ભાવ વધુ ઉપર જશે.

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ :- રૂ. ૧૦ શેર રૂ. ૪૪૦.૫૦ વચ્ચે રોકાણ માટે સારો લાગે છે. છેલ્લાં એક વર્ષમાં શેરનો ભાવ રૂ. ૫૩૭ જઈ આવ્યો છે. રૂ. ૧૦ શેર પર ૭.૫૦ જેટલી શેરદીઠ કમાણી કરે છે. પીઈ ૬૦.૪૨ છે. આઈસીઆઈસીઆઈ બેન્કનો સપોર્ટ ધરાવે છે. આ શેરમાં એસઆઈપીની નજરે પણ રોકાણ સલાહભર્યું છે.

એસબીઆઈ લાઈફ :- રૂ. ૧૦ ની ફેસવેલ્યુ વાળો શેર રૂ. ૮૭૦માં રોકાણ માટે ઘણો જ સારો છે. કંપનીની બુકવેલ્યુ ૮૭ છે. કંપનીનો રેવન્યુ શેરદીઠ રૂ. ૪૩૭ છે. આ શેર લગભગ ૧૪ ટકાથી ૧૫ ટકાનો ગ્રોથ બતાવે છે. આમાં પણ એસબીઆઈ જેવી મોટી બેન્કનો સાથ છે.

એક્સીસ બેન્ક કે પેટ્રોનેટની તમારા પોર્ટફોલિયોમાં હોય તો એને વેચીને ઉપરના કોઈપણ શેરમાં લાંબાગાળાનું રોકાણ થાય. લાર્સન તથા આઈટીસીના પરિણામો જોતા પોર્ટફોલિયોમાં રખાય નહીં.

શેરબજારની ભાવી ચાલ

નયન પટેલ : Mob. : 98795 26525

સતત ૬ સપ્તાહની તેજી બાદ.....
.........હવે ઉપરમાં સાવચેતી રાખવી

ગત સપ્તાહે સતત છટ્ઠા સપ્તાહે નિફ્ટીમાં પોઝીટીવ ક્લોઝિંગ જોવા મળ્યું છે. વૈશ્વિક બજારોમાં પણ લીક્વીડીટીની જોરદાર રેલી જોવાઈ રહી છે અને નિફ્ટી પણ ૧૧૧૦૦ની સપાટીની ઉપર આવી ગઈ છે. સતત ૬ સપ્તાહની તેજી બાદ હવે નિફ્ટી ઓવરબોટ લાગી રહી છે. શુક્રવારના ઘટાડા બાદ પુટ કોલ રેશિયો (પીસીઆર) ૧.૯૦ ટકાથી ઘટીને ૧.૭૨ ટકા આવ્યો છે છતાં પીસીઆર પણ ઓવરબોટ માર્કેટના સંકેત આપે છે ત્યારે એક્સપાયરીના આ સપ્તાહમાં ઉપરના મથાળે સાવચેતી રાખીને જ કામકાજ કરવા હિતાવત રહેશે.

નિફ્ટીમાં ૧૧૦૫૦ અને ૧૧૨૫૦ મહત્વના લેવલ્સ રહેશે અને જે તરફ બ્રેકઆઉટ આવશે એ તરફ બીજા ૧૫૦ થી ૨૦૦ પોઈન્ટની મુવમેન્ટ જોવાશે.

પાછલી ભલામણો ઉપર એક નજર

ગત સપ્તાહે જણાવેલ ઇન્ડો કાઉન્ટ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડમાં એક જ સપ્તાહમાં ૫૯ ટકાનું અધધધ વળતર મળ્યું.

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
27th April 20	SMS Pharma	36	80.4	123%
18th May 20	Amines & Plast	27	50	85%
	Laurus Labs	437.25	741.75	70%
25th May 20	Alufluoride	98	159.5	63%
29th June 20	AVT NATURAL	40	47.6	19%
20th July 20	Indo Count Industries	40	63.45	59%
	Surya Roshni	116	126.05	9%

Cont...

L G BALKRISHNAN & BROS LTD
(500250 & NSE) (225) (Face Value Rs.10)

એલ જી બાલક્રિશ્નન એન્ડ બ્રધર્સ લીમીટેડ ઓટોમોટીવ પાર્ટ્સનું ઉત્પાદન કરે છે. કંપનીની પ્રોડક્ટ્સ રોલોન બ્રાંડથી વેચાય છે જે ખુબજ જાણીતી બ્રાંડ છે. કંપની ઓરીજીનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સને પ્રોડક્ટ્સ સપ્લાય કરે છે સાથે મોટા પાયે નિકાસ પણ કરે છે. કંપનીના પ્રોડક્ટ્સમાં ચેઈન, સ્પ્રોકેટસ, ટેન્સનર્સ, બેલ્ટ, બ્રેક શો વગેરેનો સમાવેશ થાય છે. કંપનીના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ તામિલનાડુ, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, કર્નાટક, હરિયાણા અને રાજસ્થાનમાં આવેલા છે.

કંપનીની ઈક્વિટી રૂ.૩૧.૩૯ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૬૭૪.૭૫ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૪૭.૧૪ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૫.૨૦ ટકા, એઆઈએફ ૨.૭૧ ટકા અને પબ્લિક ૩૪.૯૫ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૨૨૪.૯૪ જેટલી ઉંચી છે અને હાલમાં આ સ્ટોક માત્ર ૧ના સાવજ નીચા પ્રાઈઝ ટુ બુક વેલ્યુથી ક્વોટ થઈ રહ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ રૂ.૧૫૪૨.૮૩ કરોડ થયું છે જ્યારે કંપનીનો નેટ પ્રોફિટ રૂ.૯૧.૬૩ કરોડ રહ્યો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૨૯.૧૯ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૭.૭૦ના સાવજ નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઈ રહ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૫૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે. શેરનો ઓલટાઈમ હાઈ ભાવ રૂ.૬૭૦ હતો જે એપ્રિલ ૨૦૧૮માં જોવાયો હતો જેની સામે આ સ્ટોક હાલમાં ૬૬ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે અને રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૨૦૦ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

ALPA LABORATORIES LTD
(532878 & NSE) (20.70) (Face Value Rs.10)

અલ્પા લેબોરેટરી એક સ્મોલકેપ ફાર્મા કંપની છે જે એથીકલ ડ્રગ્સ, જેનરિક ડ્રગ અને ઓટીસી સેગ્મેન્ટમાં પોતાની પ્રોડક્ટ્સ ધરાવે છે. કંપની ટોચની ફાર્મા કંપનીઓ માટે જોબવર્કનું કામકાજ પણ કરે છે અને પોતાની પ્રોડક્ટ્સની અનેક દેશોમાં નિકાસ પણ કરે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૪.૦૪ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૭૯.૩૩ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૬.૬૬ ટકા અને પબ્લિક ૪૩.૩૪ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૮૫.૯૭ કરોડના વેચાણ ઉપર રૂ.૧.૮૫ કરોડનો નફો હાંસલ કર્યો છે. જાન્યુઆરી ૨૦૧૮માં શેરનો ભાવ રૂ.૫૬.૪૫ની સપાટીને સ્પર્શ્યો હતો જેની સામે હાલમાં સ્ટોક ૬૩ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે. ફાર્મા સેક્ટર હાલમાં ફેન્સીમાં છે ત્યારે આ સ્ટોક વેલ્યુએશનની દ્રષ્ટીએ આર્કષક લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૧૮ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

પ્રાયમરી માર્કેટ

- *Dilip K. Shah*

ભારતીય શેરબજારોમાં સતત પાંચમાં સપ્તાહે તેજીની આગેકુચથી કોમામાં સરકી પડેલ પ્રાયમરીમાર્કેટ જીવંત બન્યું

Reliance Right Issue ઈસ્યુ, Rossari Biotechના IPO અને Yes Bank ના FPOને ભારે સફળતા મળતા આઈપીઓ માર્કેટમાં સળવળાટ

Rossari Biotechનો IPO ૫૮ ટકાના ધમાકેદાર લિસ્ટીંગ,

૭૫ ટકા પ્રિમિયમે બંધ આવતા રોકાણકારો માટે જેકપોટ બન્યો

Yes Bankના FPOના ૨૭ જુલાઈ-સોમવારે લિસ્ટીંગ પર બજારની નજર

ગ્રે માર્કેટ પ્રિમિયમમાં ભારે અફડા-તફડી

MindSpace Business Park REITનો ઈસ્યુ રૂ. ૨૭૪થી ૨૭૫ ના પ્રાઈસબેન્ડથી ૨૭ જુલાઈએ ખુલશે

આ સપ્તાહે ત્રણ રાઈટ ઈસ્યુઓ

Shriram Trans. Fin., PVR અને M&M Fin. પ્રાયમરીમાર્કેટના મેદાનમાં

ભારતીય શેરબજારોમાં તેજીના વાવાઝોડાની આગેકુચ સતત જારી છે અને સતત પાંચમાં સપ્તાહે પોઝીટીવ વલણ નોંધાવવા સાથે જુલાઈ મહિનામાં તેજીની હેટ્રીક લાગી ચુકી છે અને આ સાથે નિફટી ટેકનિકલી ૧૧,૨૦૦ ની તેમજ સેન્સેક્સ ૩૭,૮૦૦ની પ્રતિકારક સપાટી કુદાવવામાં સફળ રહેલ છે.

ખાસ કરીને Reliance Ind. ની આગેવાની હેઠળ સેકન્ડરી માર્કેટમાં જળવાઈ રહેલ તેજીની સકારાત્મક અસર ધીમે-ધીમે પ્રાયમરીમાર્કેટ પર પણ જોવા મળી રીહ છે. ગત સપ્તાહો દરમ્યાન Reliance Ind. ના Partly Paid ના રૂ. ૫૩,૦૦૦ કરોડના રાઈટ ઈસ્યુને સફળતા મળ્યા બાદ, Rossari Biotech ના ભરણાંને મળેલ અદ્વિતિય પ્રતિસાદ તથા તેનું ધમાકેદાર લિસ્ટીંગ અને ત્યારબાદ Yes Bankનો રૂ. ૧૫૦૦૦ કરોડનો FPO પણ ફંડ મેળવવામાં સફળ રહ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે IPO મારફતે માત્ર રૂ. ૧૦,૮૫૧ કરોડ જ એકત્ર થયા છે જેની સામે આગલા વર્ષે રૂ. ૧૨,૮૬૩ કરોડ એકત્ર થયા હતા. જો કે, સેબી સાત IPOને મંજુરી આપી હોવા છત્તાં છેલ્લાં છ મહિનામાં એક જ IPO માર્કેટમાં પ્રવેશ્યો હતો. ચાલુ કેલેન્ડર વર્ષમાં માર્કેટમાં પ્રવેશેલ SBI Cards નો IPO ખાસ્સો ડિસ્કાઉન્ટમાં ખુલ્યા પછી ફરીથી ઓફરભાવની ઉપર ટ્રેડ થઈ રહ્યો છે જે માર્કેટના અંડર કરંટમાં સુધારો સૂચવે છે તાજેતરમાં rossari Biotech ના IPOની જવલંત સફળતાને ધ્યાનમાં લઈ એમ કહી શકાય કે, કોમામાં સરકી પડેલ પ્રાયમરીમાર્કેટ જીવંત બની ચુક્યું છે. એમ માનવામાં આવે છે કે, ઓગસ્ટ મહિનામાં UTI AMC સહીત ત્રણ કંપનીઓ IPO લાવવા સજ્જ બની છે.

SME IPOs

કોરોનાની સૌથી ખરાબ અસર SME પ્લેટફોર્મ પર લિસ્ટ થતી કંપનીઓને પણ થઈ છે. ૨૦૨૦માં SME પ્લેટફોર્મ પર ૧૪ IPO થકી રૂ. ૮૨.૮૨ કરોડ જ એકત્ર થઈ શક્યા છે જે છેલ્લાં ૮ વર્ષમાં SME પ્લેટફોર્મ પર ઉભી થયેલ સૌથી ઓછી રકમ છે. ૨૦૧૯માં પ્રાયમરી માર્કેટની સ્થિતિ નબળી હોવા છત્તાં ૫૧ કંપનીઓ દ્વારા રૂ. ૬૫૭.૨૫ કરોડ ઉભા થયા હતા.

જો કે, SME પ્લેટફોર્મ પર સ્ટાર્ટઅપ લિસ્ટીંગનો આરંભ થઈ ચુક્યો છે અને દેશના સ્ટાર્ટ અપ ટુંક સમયમાં કેપિટલ માર્કેટમાંથી સરળતાથી ફંડ એકત્ર કરી શકશે. સ્ટાર્ટઅપ લિસ્ટીંગને પ્રોત્સાહિત કરતા IIT Alumni Council માં કરાર થયા છે જેની પોઝીટીવ અસર SME પ્લેટફોર્મ પર પણ જોવાશે.

Cont...

Rossari Biotech ના IPOના લિસ્ટીંગ બાદ શેરને હોલ્ડ કરવો કે વેચવો ?
MindSpace REITના ઈસ્યુમાં ન્યુનત્તમ રૂ. ૫૫,૦૦૦ ની અરજી રહેશે : ભરણું ભરાય ?
M&M Fin., Shriram Fin. અને PVRના રાઈટ્સ ઈસ્યુમાં કયો ઈસ્યુ સૌથી વધુ આકર્ષક ?
ઓગસ્ટ મહિનામાં UTI AMC સહિત કુલ ત્રણ IPO માર્કેટમાં પ્રવેશવા સજ્જ
Yes Bank નું લિસ્ટીંગ કેવું રહેશે ? : ગ્રે માર્કેટમાં પ્રિમિયમ-સબ્જેક્ટ ટુ ભાવોમાં મોટી ઉથલ-પાથલ

Main - line IPO (Non SME)

Sr	Company	Issue Open Dt. Issue Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Min. App.	Listing	Lead Manager	Rating (Out of 50)	Remark
1	MindSpace Business Park REIT (Book Building)	27-7-2020 29-7-2020	Fresh Issue : Rs. 1000 Cr. OFS : Rs. 35000 Cr. Total Issue Size : Rs. 4500 Cr.	274 to 275	200 Shares (Rs. 55000)	BSE NSE	Ambit Private Ltd., Axis Capital BoA Meriill Lynch, Citigroup, CLSA India, HDFC Bank ICICI Sec., IDFC Bank, J.M. Fin., Kotak Mah. Capital, Morgan St., Nomura Fin., UBS Securities	37% : RISKY	(Apply for Long - Term)

UTI AMC IPO Dates & Price Band (Tentative)

IPO Date	--
IPO Size	Rs. 3800 - 4800 Cr.
Face Value	Rs. 10
Price Band	Rs. 835 - 840
Listin	BSE & NSE
Retail Portion	35%
Equity	3,89,87,081 Shares
Discount	Rs. 10/- Employees

NCDs ઈસ્યુઓ

હાલમાં NCDsથી નાણાં ઉભા કરવામાં કંપનીઓનો રસ ઘટી રહ્યો છે કેમ કે, વ્યાજદર ખુબજ નીચા છે અને મોટાભાગની ડેટની સ્થિતિ ચિંતાજનક હોવાથી તેમના રેટિંગને પણ અસર થઈ રહી છે. આ સંજોગોમાં કંપનીઓ ડેટથી નાણાં મેળવવાના બદલે રાઈટ્સ ઈસ્યુ દ્વારા ભંડોળ પ્રાપ્ત કરવાનું સરળ લાગે છે.

Right Issues

કોરાના વાઈરસ વચ્ચે Reliance Ind. એ દેશનો સૌથી મોટો રૂ. ૫૩,૦૦૦ કરોડનો રાઈટ ઈસ્યુ લોંચ કર્યો હતો. આ સાથે ગત સપ્તાહોમાં Arvind Fashion અને Aditya Birla Fashion ના રાઈટ્સ ઈસ્યુ માર્કેટમાંથી પાર ઉતરી ચુક્યા છે જ્યારે હાલમાં Shriram Transport Finance અને PVRના રાઈટ્સ ઈસ્યુઓ ખુલી ચુક્યા છે જેની વિસ્તૃત વિગત આ કોલમમાં દર્શાવેલ છે. આ સાથે Mahindra - Mahindra Finance પણ રાઈટ્સ ઈસ્યુ સાથે માર્કેટમાં પ્રવેશી રહેલ છે. આમ આગામી સમય રાઈટ્સ ઈસ્યુઓની લાંબી વણઝાર જોવા મળે તો આશ્ચર્ય નહીં કહેવાય. રાઈટ્સ ઈસ્યુ દ્વારા નાણાં એકત્ર કરવાનું માર્કેટમાં વલણ વધી રહ્યું છે તેની વિગત પણ આ કોલમમાં અલગ દર્શાવેલ છે.

Cont...

Listing Information of Rossari Biotech

BSE Code	543213
Listing Date	23-7-2020
Offer Price	Rs. 425.00
Listing Price	Rs. 670.00
Listing Day High	Rs.804.00
Listing Day Low	Rs.663.35
Listing Day Close	Rs.742.35
CMP (24-7-20)	Rs.731.00

Tentative Timetable for Various IPOs

	Yes Bank (FPO)	MindSpace REIT
Issue Closes	17-7-2020	29-7-2020
Finalisation of Basis of Allotment	22-7-2020	6-8-2020
Refund / Unblocking of Fund from ASBA	23-7-2020	7-8-2020
Credit of Equity Shares to Demat A/c.	24-7-2020	7-8-2020
Listing on BSE / NSE	27-7-2020	12-8-2020

મેઈનબોર્ડ IPOની ભિતરમાં

વિતેલ સપ્તાહ દરમ્યાન માર્કેટમાં પ્રવેશેલ Rossari Biotech ના IPOની જોરદાર લિસ્ટીંગ સાથે પ્રાયમરીમાર્કેટમાંથી વિદાય થઈ ચુકી છે. આ સાથે આગામી સપ્તાહે વધુ એક મેઈનબોર્ડ IPO - Mindspace Business Park REIT બિઝનેસ નું આગમન પણ થઈ રહ્યું છે. આ ઉપરાંત Yes Bank નો FPO પણ આવી ચુક્યો હતો.

Rossari Biotech નું લિસ્ટીંગ (૫૪૩૨૧૩)

રૂ. ૪૨૫ ના ઓફરભાવના IPOનું તા. ૨૩ જુલાઈના રોજ ૫૮ ટકાના માતબર પ્રિમિયમે એટલે કે રૂ. ૬૭૦ ના ભાવે લિસ્ટ થયા બાદ શેરનો ભાવ ઉછળીને રૂ. ૮૦૪ થઈ ઘટીને રૂ. ૬૬૩ થઈ રૂ. ૭૪૨ ના ભાવે એટલે કે, લગભગ ૭૪ ટકા પ્રિમિયમે બંધ થયો હતો. શુક્રવારે તા. ૨૪ જુલાઈના રોજ શેરનો ભાવ ઘટીને રૂ. ૭૩૧ આવ્યો હતો.

બજારમાંથી પ્રાપ્ત અહેવાલો અનુસાર એક વિદેશી બ્રોકેરજ લિસ્ટીંગ સમયે આક્રમક ખરીદી કરતા ભાવમાં મોટો ઉછાળો નોંધાયો હતો. હાલના ભાવે શેર નાણાંકીય વર્ષ ૨૦૨૦ની અર્નિંગ કરત ૫૮ ગણાએ ટ્રેડ થાય છે. આમ હરીફોની તુલનામાં શેર વર્તમાનભાવે મોંઘો છે. હરીફ કંપનીઓ Vinati Organics, Fine Chemical, Galaxy Surfactants ૧૨ થી ૩૫ ના PE થી ટ્રેડ થઈ રહી છે. રોકાણકારોએ વધુ સારા રીર્ટન માટે એક વર્ષ જાળવી રાખવાની જરૂર છે. જોખમ ન લેવા માંગતા ઈન્વેસ્ટરો ફરી એકવાર ૭૫૦ થી ૮૦૦ની વચ્ચેના ભાવે ૫૦ ટકા માલ વેચી નફો બુક કરી લેવો જોઈએ.

Yes Bank (FPO)

તા. ૧૫ જુલાઈએ રૂ. ૧૨ થી ૧૩ ના પ્રાઈસબેન્ડથી રૂ. ૧૫૦૦૦ કરોડના FPO કુલ ૦.૯૩ ગણો ભરાવા સાથે ૧૭ જુલાઈના રોજ બંધ થયો હતો. આ ઈસ્યુનું એલોટમેન્ટ તા. ૨૨ જુલાઈના રોજ જાહેર થઈ ચુક્યું છે અને રીટેલર્સને ફુલ એન્ડ ફર્મ એલોટમેન્ટ પ્રાપ્ત થયેલ છે ઉપરાંત શેર્સ ડીમેટ એકાઉન્ટમાં તા. ૨૪ જુલાઈના રોજ જમા આવેલ છે તેમજ શેરનું લિસ્ટીંગ તા. ૨૭ જુલાઈને સોમવારના રોજ થશે. ઉલ્લેખનીય છે કે, ગત દિવસો દરમ્યાન Yes Bank ના ગ્રે માર્કેટના પ્રિમિયમ – સબ્જેક્ટ ટુ ના ભાવોમાં મોટાપાયે અફરા-તફરી જોવા મળી હતી. એક તબક્કે પ્રિમિયમભાવ રૂ. ૦.૨૫ થી ૦.૩૦ હતો જે ઉછળીને રૂ. ૨.૪૫ જોવાયો હતો અને હાલમાં એક તબક્કે ૨ લાખની અરજી માટે રૂ. ૨૫૦૦ થી ૩૦૦૦ હતો તે ગત દિવસોમાં જંગી ઉછાળા સાથે રૂ. ૧૧૦૦૦ થી ૧૩૦૦૦ ના લેવલે સબ્જેક્ટ ટુના ભાવ જોવાયા હતા. હાલમાં Yes Bank ના લિસ્ટેડ શેરનો ભાવ તુટીને રૂ. ૧૩.૬૫ આવી ચુક્યો છે. આ FPOનું સોમવારે રૂ. ૧૨ થી ૧૩ ની આસપાસના ભાવે લિસ્ટીંગ થવાની શકયતા છે.

આ સપ્તાહનો મેઈનબોર્ડ IPOs

ગત સપ્તાહે Rossari Biotech ના IPOની વિદાય બાદ આ સપ્તાહે MindSpace Business Park REIT ના IPOનું આગમન થઈ રહ્યું છે.

MindSpace REIT

પ્રાયમરીમાર્કેટમાં લગભગ સવા વર્ષ અગાઉ પ્રવેશેલ Embassy Office Park REIT ના ઈસ્યુ બાદ વધુ એક MindSpace REIT ઈસ્યુનું આગમન તા. ૨૭ જુલાઈના રોજ રૂ. ૨૭૪ થી ૨૭૫ ના પ્રાઈસબેન્ડથી થઈ રહ્યું છે શેરનું લિસ્ટીંગ BSE NSE ખાતે થસે. Black Stone તેમજ K.Raheja નું જોઈન્ટ વેન્ચર છે.

ઉલ્લેખનીય છે કે, Embassy Office Park REIT ઈસ્યુ રૂ. ૩૦૦ ના ઓફરભાવે માર્કેટમાં આવ્યો હતો અને તા. ૧ અપ્રિલ ૨૦૧૯ ના રોજ રૂ. ૩૪૧ ના ભાવે લિસ્ટેડ થયો હતો. અત્યાર સુધીમાં શેર તેની ૩૦૦ ની ફેસવેલ્યુની નીચે એટલે કે ક્યારેય ડિસ્કાઉન્ટમાં નથી ગયો અને તેનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ.૫૧૮ છે. કંપનીનું માર્કેટકેપ રૂ. ૨૭૫૭૦ કરોડ અને બુકવેલ્યુ રૂ. ૨૮૮.૫૬ જોતા P/BV ૧.૨૫ છે. P/E ૨૪.૫૦ છે. જેની સામે MindSpace REIT નો ઓફરભાવ રૂ. ૨૭૪ થી ૨૭૫ છે. ઈસ્યુ બાદ માર્કેટકેપ રૂ. ૨૩૬૭૫ કરોડ થશે. બુકવેલ્યુ રૂ. ૩૧૯.૫૦ છે. P/BV ૦.૮૬ છે. જો કે, કંપનીના નેટ નફામાં ઘટાડો જોવાયો છે. Covid-19 ની પ્રતિકુળ અસરને પગલે રિયલ્ટી ક્ષેત્ર સાથે સંકલાયેલ આ કંપનીનો ઈસ્યુ જોખમી બની રહેશે. આ IPOનું વિસ્તૃત એનાલીસીસ અલગ ટેબલમાં દર્શાવવામાં આવેલ છે. આ IPOનું લિસ્ટીંગ તા. ૧૨ ઓગસ્ટે પ્રિમિયમ ભાવે થવા વકી છે.

Cont...

Right Issues

Sr	Company	Issue Open Dt. Issue Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Ratio & Record Dt.	Listing	Lead Manager	Recommedation
1.	Shriram Transport Finance	16-7-2020 to 30-7-2020	2,61,78,777 Eq. Shares (Rs. 1492.19 Cr.)	570 Per Shares	3 Shares for every 26 shares held as on record date of 10-7-2020	NSE BSE	ICICI Securities, BNP Paribas, Citi Group Global India, Credit Suisse, HSBC Securities, Capital Market (I) Pvt. Ltd. J.P. Morgan India, Axis Capital, SBI Capital Markets	Apply for Mid - Term
2.	PVR Ltd.	17-7-2020 To 31-7-2020	38,23,872 Eq. Shares (Rs. 299.79 Cr.)	784 Per Shares	7 Shares for every 94 shares held as on record date of 10-7-2020	BSE NSE	Axis Capital	Apply for Long - Term
2.	Mahindra & Mahindra Financial	28-7-2020 To 11-8-202	61,77,64,960 Eq. Shares (Rs. 3088.83 Cr.)	50 Per Shares	1 Shares for every 1 shares held	BSE NSE	Kotak, Axis Sec., BNP Paribas Citi Group, HDFC Bank, HSBC Securities ICICI Sec., Nomura Fin, SBI Capital	Attractive Apply blindly

Rights Issues ની ભિતરમાં

હાલમાં ત્રણ Right ઈસ્યુઓ હયાતી ધરાવે છે જેની વિગત નીચે દર્શાવેલ છે.

Shriram Transport Finance - Right Issue

Shriram ગ્રુપની આ કંપની કોમર્શિયલ વ્હીકલ્સ ફાયનાન્સીંગ કરી રહી છે. હાલમાં કંપની લગભગ દેશભરમાં ૧૭૫૦ થી પણ વધુ બ્રાન્ચો ધરાવે છે. ૮૪૦ થી વધુ રૂરલ સેન્ટર હયાતી ધરાવે છે.

કંપની રૂ. ૧૦ ની ફેઈસવેલ્યુના પ્રતિ શેર રૂ. ૫૭૦ ના ભાવે વર્તમાન શેરહોલ્ડરોને ૩:૨૬ ના પ્રમાણમાં ૨,૬૧,૭૮,૭૭૭ ઈક્વિટી શેર્સ ઓફર કરશે. રેકોર્ડ ડેટ તા. ૧૦ જુલાઈ છે. આઈસ્યુ ૧૬ જુલાઈએ ખુલી ૩૦ જુલાઈના રોજ બંધ થશે. શેરહોલ્ડરોએ અરજી સાથે પુરી રકમ ભરવાની રહેશે. આ ઓફર દ્વારા રૂ. ૧૪૯૨.૧૯ કરોડનું ભંડોળ કંપની મેળવશે. કંપનીની પેઈડઅપ ઈક્વિટી ૨૨૬.૮૮ કરોડ થી વધીને ૨૫૩.૦૭ કરોડ થશે. છેલ્લાં ત્રણ વર્ષની કામગીરી ધ્યાનમાં લેવામાં આવે તો, આવકનો ગ્રોથ જળવાઈ રહ્યો છે પરંતુ કંપનીના નેટ પ્રોફિટમાં અસ્થિરતા જોવાઈ છે. NAV ૭૯૯.૬૪ છે. શેરનો વર્તમાન ભાવ રૂ. ૭૦૯ છે.

ઈસ્યુના લીડમેનેજર ICICI Securities, City Group, BNP Paribas, HSBC Securities, J.P. Morgan, SBI Capital છે જ્યારે રજીસ્ટ્રાર KFin Techno છે. શેરનું લિસ્ટીંગ બીએસઈ - એનએસઈ ખાતે થશે.

ભલામણ **:- Shriram ગ્રુપની આ કંપનીનો શેર વર્તમાન બજારભાવની તુલનામાં ૨૧ ટકા ડિસ્કાઉન્ટમાં ઓફર થઈ રહ્યો છે. મધ્યમગાળામાં સારા રીટર્નની શકયતાએ ભરાય.**

PVR - Right Issue

એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રે કાર્યરત આ કંપનીના સ્કીન સંખ્યાને ધ્યાનમાં લેતા માર્કેટલીડર છે અને મલ્ટીપ્લેક્સ સ્કીન ધ્યાનમાં લેતા કંપની ૨૮ ટકા માર્કેટ હિસ્સો ધરાવે છે. કંપની હાલમાં અમદાવાદ, બેંગ્લોર, ચેન્નાઈ, દિલ્હી, મુંબઈ, પુને, હૈદ્રાબાદ ખાતે સ્કીનની દ્રષ્ટિએ માર્કેટલીડર છે.

કંપની રૂ. ૧૦ની ફેઈસવેલ્યુના ૩૮,૨૩,૮૭૨ ઈક્વિટી શેર્સ પ્રતિ શેર રૂ. ૭૮૪ ના ભાવે વર્તમાન શેરહોલ્ડરોને ૭:૯૪ ના રેશિયોથી રાઈટ્સ તરીકે ઓફર કરી રહી છે. તા. ૧૭ જુલાઈએ ખુલી ૩૧ જુલાઈના રોજ બંધ થશે. અરજી સાથે સંપૂર્ણ રકમ ભરવાની રેહશે. આ ઓફર દ્વારા રૂ. ૨૯૯.૭૯ કરોડનું ભંડોળ એકત્ર કરાશે જેનો ઉપયોગ લોન તેમજ વ્યાજના રીપેમેન્ટ માટે કરાશે. ઈક્વિટી ૫૧.૩૫ થી વધીને ૫૫.૧૭ કરોડ થશે. છેલ્લાં બે વર્ષની કંપનીની કામગીરીમાં ટર્નઓવર નાણાંકીય વર્ષ ૨૦૧૯માં ૩૧૧૮.૭૦ કરોડ હતુ તે નાણાંકીય વર્ષ ૨૦૨૦ માં વધીને રૂ. ૩૪૫૨.૨૩ કરોડનું થયું છે. નેટ નફો ૧૮૯.૪૦ કરોડથી તુટીને માત્ર રૂ. ૨૬.૮૫ કરોડ નોંધાયો હતો. આમ કંપનીની બોટમ લાઈનમાં ભારે કડાકો બોલી જવા પામ્યો હતો. બુકવેલ્યુ ૨૮૮.૩૦ છે. વર્તમાન બજારભાવ રૂ. ૧૧૦૨ છે.

કંપનીના લીડમેનેજર Axis Capital, Registrar KFIN Techno છે. લિસ્ટીંગ બીએસઈ એનેસઈ ખાતે થશે.

_ભલામણ_:- આ રાઈટ્સ ઈસ્યુને ઓફરભાવ વર્તમાનબજારભાવની તુલનામાં લગભગ ૩૪ ટકા ડિસ્કાઉન્ટથી ઓફર થઈ રહ્યો છે. આ ઈસ્યુમાં લાંબાગાળા માટે વિચારાય.

Mahindra & Mahindra Financial Services - Right Issue

MMFSL ને ડિપોઝીટ્સ સ્વિકારતી NBFC કંપની છે જે હાલમાં રૂરલ અને સેબી અર્બન માર્કેટમાં ન્યુ તથા પ્રિ - ઓવનેડ ઓટો અને યુટિલીટી વ્હિકલ્સને ફાયનાન્સ પ્રોવાઈડ કરે છે. ઉપરાંત કંપની હાઉસીંગ ફાયનાન્સ ક્ષેત્રે પણ કાર્યરત છે તેમજ મ્યુચ્યુઅલ ફંડ્સ, પર્સનલ લોન્સ, બ્રોકિંગ ક્ષેત્રે સક્રિય છે.

આ કંપની તેના દેવાની રિ-પેમેન્ટ, પ્રિ-પેમેન્ટ તેમજ લોંગટર્મ કેપિટલ ફંડીગના હેતુ માટે રૂ. ૨ ની ફેસવેલ્યુના ૬૧,૭૭,૬૪,૯૬૦ ઈક્વિટી શેર્સ રૂ. ૫૦ ના ભાવે રાઈટ્સ ઈસ્યુ તરીકે ઓફર કરીને ૩૦૮૮.૮૩ કરોડનું ભંડોળ એકત્ર કરવા તા. ૨૮ જુલાઈના રોજ માર્કેટમાં પ્રવેશી રહી છે. કંપની વર્તમાન શેરહોલ્ડર્સને ૧:૧ ના પ્રમાણમાં રાઈટ્સ શેર ઓફર કરી રહી છે આ ઈસ્યુ તા. ૧૨ ઓગસ્ટના રોજ બંધ થશે. ઈસ્યુ બાદ કંપનીની ઈક્વિટી રૂ. ૧૨૩.૫૫ કરોડથી વધીને રૂ. ૨૪૭.૧૧ કરોડ થશે. કંપનીના કુલ ૯ લીડ મેનેજર્સ Kotak Mahindra Capital Co. Ltd., Axis Capital Ltd., BNP Paribas, Citigroup Global Markets India Pvt. Ltd., HDFC Bank Ltd., HSBC Securities and Capital Markets (India) Pvt. Ltd., ICICI Securities Ltd., Nomura Financial Advisory and Securities (India) Pvt. Ltd. and SBI Capital Markets Ltd., છે. શેરનું લિસ્ટીંગ બીએસઈ - એનએસઈ ખાતે થશે.

કંપનીની નાણાંકીય વર્ષ ૨૦૧૯ અને ના.વર્ષ ૨૦૨૦ ની કામગીરીને ધ્યાનમાં લેવામાં આવે તો, કંપની આવકમાં સાધારણ સુધારો નોંધાયેલ છે પરંતુ નેટ નફામાં ૭૦ ટકાથી વધુ ઘટાડો જોવાયો છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૩૦૬૯ કરોડની આવક ઉપર રૂ. ૪૩૨ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. બુકવેલ્યુ રૂ. ૨૦૧ છે.

_ભલામણ :-_આ શેર હાલમાં રૂ. ૧૪૧.૫૫ ના ભાવે ટ્રેડ થઈ રહ્યો છે. મહિન્દ્રા-મહિન્દ્રા ગ્રુપની આ કંપનીનો રાઈટ્સ શેર વર્તમાન બજારભાવથી લગભગ ૭૦ ટકા ડિસ્કાઉન્ટમાં ઓફર થઈ રહ્યો છે જે આંખો મીંચીને ભરાય.

રિલાયન્સના મેગા ઈસ્યુથી અદ્વિતિય સફળતાથી પ્રેરાઈને...
અડધો ડઝનથી વધુ કંપનીઓએ રાઈટ્સ ઈસ્યુનો રૂટ અપનાવ્યો

નિયામકીય સુધારા કરાયા બાદ રાઇટ્સ ઇશ્યૂ દ્વારા ભંડોળ ઉભું કરવાના ચલણમાં વધારો થયો છે તથા Reliance Ind. Limited ના રાઇટ્સ ઇશ્યૂને મળેલી જબરદસ્ત સફળતા તેનો પુરાવો છે. છેલ્લાં એક મહિનામાં અડધા ડઝન જેટલી કંપનીઓએ આ પ્રકારે ફ્રેશ ઇક્વિટી શેર્સ ઇશ્યૂ લોન્ચ કર્યાં છે અથવા તેની પ્રક્રિયામાં છે.

રાઇટ્સ ઇસ્યૂના માળખામાં નોંધપાત્ર પરિવર્તન કરવાના સિક્યુરિટિઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના પગલાંથી આ માર્ગે આગળ વધવા કંપનીઓને જરૂરી પ્રોત્સાહન મળ્યું છે, તેમ જાણકારોનું માનવું છે. ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરવાનો સમય ઘટાડવો, ઇલેક્ટ્રોનિક એપ્લીકેશનઅને સૌથી મહત્વપૂર્ણ લાયક શેરધારકોને તેમના રાઇટ એન્ટાઇટલમેન્ટ (RE) ટ્રેડ કરવાની મંજૂરી આપવા સહિતના ફેરફારોથી ભંડોળ એકત્ર કરવાના સાધન તરીકે રાઇટ્સ ઇશ્યૂ ઓફરિંગને બળ મળ્યું છે. હાલના સમયમાં Aditya Birla Fashion, Shriram Transport Finance, PVR, M&M Fin. રાઈટ ઈસ્યુ ઓફર લોંચ કરેલ છે.

રાઇટ્સ ઇશ્યૂ પ્રાઇઝિંગની બાબતે સંપૂર્ણ અનુકૂળતા પ્રદાન કરે છે. વધુમાં તે પ્રમોટરની ભાગીદારી બાબતે પણ અનુકૂળતા આપે છે, RIL ના રાઇટ્સ ઇશ્યૂથી સ્પષ્ટ થયું છે કે રાઇટ્સ ઇશ્યૂના માળખામાં કરાયેલા ફેરફારથી કેવી સકારાત્મક લાભો પ્રાપ્ત કરી શકાયા છે. ઉદાહરણરુપે Reliance Ind. - RE ટ્રેડિંગે જંગી વોલ્યુમ કર્યું હતું અને પરિણામે જે રોકાણકારો રાઇટ્સ ઇશ્યૂમાં અરજી કરવા ન ઇચ્છતા રોકાણકારો આકર્ષક કિંમતે તેમના એન્ટાઇટલમેન્ટ્સ વેચવા સક્ષમ બન્યાં. વધુમાં અલગથી ટ્રેડ થયેલાં તેના પાર્ટલી પેઇડ શેર્સના જંગી પ્રીમિયમથી ABFLને વિવિધ તબક્કામાં રાઇટ્સ પ્રોગ્રામ યોજવા માટે પ્રેરણા મળી. ઉલ્લેખનીય છે કે આ વર્ષે રાઇટ્સ ઇશ્યૂ દ્વારા રેકોર્ડ ભંડોળ ઉભું કરાયું છે. જો આ અભિગમ જળવાઇ રહેશે તો કેલનેડર વર્ષ ૨૦૨૦માં દાયકાના સૌથી વધુ ઇશ્યૂ નોંધાઇ શકે છે.

આ પહેલાં ૧૯૯૦ના સમયગાળામાં દલાલ સ્ટ્રીટ માટે રાઇટ્સ ઇશ્યૂ સામાન્ય બાબત હતી. વર્ષ ૧૯૯૦થી ૧૯૯૬ વચ્ચે દર વર્ષે સરેરાશ ૨૪૦ રાઇટ્સ ઇશ્યૂ લોન્ચ થયાં હતાં. ગત દાયકામાં ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યુશનલ પ્લેસમેન્ટ (QIP) અથવા પ્રેફરેન્શિયલ એલોટમેન્ટ્સ મૂડી ઉભી કરવા માટેનું પસંદગીનું માધ્યમ બન્યાં હતાં. સેબી દ્વારા નિર્ધારિત પ્રાઇઝિંગ ફોર્મ્યુલાને આધારે QIPની પ્રાઇઝિંગ નક્કી થાય છે, જે પ્રવર્તમાન માર્કેટ પ્રાઇઝ સાથે લિંક હોય છે.

જાણકારોનું માનવું છે કે આકર્ષક ડિસ્કાઉન્ટને કારણે ઘણાં રોકાણકારો રાઇટ્સ ઇશ્યૂ દરમિયાન ઇશ્યૂ કરાયેલા શેર્સ મેળવવા માટેની લાયકાત પ્રાપ્ત કરવા આકર્ષાયા છે. જેમણે શેર્સ ખરીદ્યાં છે તેઓ હવે રાઇટ્સ ઇશ્યૂમાં અરજી કરીને તેમના ખર્ચની સરેરાશ કરવા સક્ષમ બનશે. જેઓ ભાગ લેવા નથી માગતા તેઓ તેમના આરઇ વેચી શકશે, જે સામાન્ય રીતે પ્રવર્તમાન બજાર કિંમત અને રાઇટ્સ ઇશ્યૂની કિંમત વચ્ચે હોય છે. જાણકારોનું કહેવું છે કે ઘણી કંપનીઓ નોંધપાત્ર ડિસ્કાન્ટ સાથે તેમના રાઇટ્સ ઇસ્યૂ ઓફર કરે તેવી સંભાવના છે, જેનાથી પ્રમોટર્સને સસ્તા ભાવે વધુ શેર્સ એકત્ર કરી શકશે.

Right Issue on the track

Co.	Issue Price	Current Price	Size (Rs. Cr.)
Reliance	1257	2146	53124
Arvind	100	140	400
A.B. Fashion	110	127	995
Shriram Trans.	570	706	1500
PVR	784	1102	300
M&M Fin.	50	141	3089

Record Breaking - Right Issue

Year	No. of Issues	Amount raised (Rs. Cr.)
2011	20	7,542
2012	17	7,295
2013	12	4,101
2014	14	4,191
2015	13	12,568
2016	10	1,914
2017	19	6,548
2018	13	18,827
2019	12	52,053
2020	5	57,520

ગત સપ્તાહોમાં Reliance, Arvind Fashion, A.B. Fashion ના રાઈટ ઈસ્યુઓ બાદ
હવે Shriram Trans., PVR, M&M Fin.ના રાઈટ ઈસ્યુઓની વણઝાર

Mindspace Business Park REIT

તા. ૨૭ જુલાઈના રોજ ખુલી ૨૯ જુલાઈના રોજ બંધ થશે

પ્રાઈસ બેન્ડ રૂ. ૨૭૪ થી ૨૭૫ : લિસ્ટીંગ BSE NSE ખાતે થશે

કંપનીનો ટોપ લાઈનનો ગ્રોથ સ્થિર રહ્યો છે : FY18 અને FY20 માં બોટમલાઈનમાં ઘટાડો જોવાયો છે

વર્તમાન ભાવે P/BV ૦.૮૬, હરીફ લીસ્ટેડ કંપની Embassy Office Park ની તુલનામાં આકર્ષક

મર્યાદિત સ્ટાફ તેમજ વર્ક ફ્રોમ હોમ Covid-19ની ગંભીર અસર જોઈ શકાય

કંપની સમક્ષ સંખ્યાબંધ પડકારોને ધ્યાને લેતા ઉંચુ રીસ્ક ઉઠાવનાર ઈન્વેસ્ટરોએ રોકાણ કરવું

માઈન્ડસ્પેસ બિઝનેસ પાર્ક આરઈઆઈટી રિયલ્ટી ડેવલોપર કે.રાહેજા કોર્પો. અને પ્રાઈવેટ ઈક્વિટી બ્લેકસ્ટોનનું સંયુક્ત સાહસ છે. આ કંપની હાલમાં મુંબઈ, હૈદ્રાબાદ, પુને અને ચેન્નાઈ ખાતે ક્વોલીટી ઓફિસ પોર્ટફોલિયો ધરાવે છે. કંપની મુંબઈ ખાતે જે બિઝનેસ પાર્ક્સ ધરાવે છે તેમાં Mindspace Airoli East Business Park, Mindspace Airoli West Business Park, Paradigm Mindspace Malad and The Square, BKC(2) નો સમાવેશ થાય છે. જે પ્રોપર્ટી ધરાવે છે તેમાં પુને ખાતે Commerzone Yerwada Business Park, Gera Commerzone Kharadi Business Park and The Square, Nagar Road ઉપરાંત ચેન્નાઈ ખાતે Commerzone Porur. And the office parks in હૈદ્રાબાદ ખાતે ધરાવે છે.

Financial Performance Consolidated Basis

Particulars (Rs. Cr.)	FY-17	FY-18	FY-19	FY-20
Total Revenue	1435.00	1502.20	1697.70	2026.20
Profit After Tax	231.30	161.00	514.40	513.90

માઈન્ડસ્પેસ બિઝનેસ પાર્કસનો કુલ લીઝબેલ એરિયા મુંઈ ખાતે ૧૨.૧ મિલીયન સ્કવેરફીટ (msf) હૈદ્રાબાદ ખાતે ૧૧.૬ msf, પુને ખાતે ૫.૦ msf અને ચેન્નાઈ ખાતે ૦.૮ msf થવા જાય છે. જે ભારતમાં ગ્રેડ A ઓફિસ પોર્ટફોલિયોમાં સૌથી મોટો સ્પેસ કહી શકાય આ ઉપરાંત કંપનીનો અંડર કન્સ્ટ્રકશન એરિયા ૨.૮ msf છે. કંપની હેદારાબાદ ચેન્નાઈ અને મુંબઈ ખાતે ભવિષ્યમાં ૩.૬ msf એરિયાનું કન્સ્ટ્રકશન કરવાની યોજના બનાવી રહી છે.

Issue Details

- Issue Opens on 27th July & Closes on 29th July, 2020
- Object of the issue : Partial / Full pre payment Debt, Purchase of NCRPs of MBPPL
- Issue Size : Rs. 4500 Cr. (Fresh Rs. 1000 Cr & OFS Rs. 3500 Cr.) Total 16.32 Cr. Units
- Offer price Rs. 274 to 275 per Unit • Minimum Lot : 200 Shares • Listing : BSE NSE Platform
- BRLM's : Ambit Ltd., Axis Capital, BoA Merrill Lynch, Citigroup Global Markets, CLSA India, HDFC Bank, ICICI Securities, IDFC Bank, JM Financial Consultants Private Limited, Kotak Mahindra, Morgan Stanley, Nomura Financial Advisory, UBS Securities India Private Limited • Registrar : KFin Technologies Pvt. Ltd.
- Company Management : Axis Trustee Ser. Ltd., Cape Trading LLP and Anbee Const. LLP
- Issue Constitutes : 20.66% of the post issue paid up capital
- Post IPO Equity Capital 5,93,80,18,182 Units
- Pre IPO P/BV Ratio : 0.86 (NAV : 319.50) (31-3-2020)
- Industry Peer Group PE Ratio : Listed Co. Embassy Office Park P/BV 1.25

સિક્કાની બીજી બાજુ

- આ ઈસ્યુના યુનિટ્સના એલોટમેન્ટ સમયે કંપનીએ તેના ઓફર ડોક્યુમેન્ટસમાં દર્શાવ્યા મુજબ કોન્ટમમાં એલોટમેન્ટ ન પણ કરી શકે અથવા તો તેમાં ઘટાડો થઈ શકે.
- આ REIT કંપની ઓપરેટીંગનો ખાસ અનુભવ નથી.
- હાલમાં પ્રર્વતી રહેલ Covid-19 રોગચાળાને પગલે કંપનીના બિઝનેસ, નાણાંકીય કામગીરી, ઓપરેસન્સના રીઝલ્ટ, કેશફ્લો તેમજ લિક્વિડીટી ઉપર વિપરીત અસર થઈ શકે છે જેના કારણે આગામી સમયમાં કો.રીયલ એસ્ટેટ ક્ષેત્રે માંગમાં પણ વધારો થતો જોવાશે.
- કંપનીની મોટાભાગની આવક મર્યાદીત ટેનન્ટ પાસેથી મળી રહી છે.
- કંપનીના અંડર કન્સ્ટ્રક્શન તેમજ ભાવિ પ્રોજેક્ટમાં વિલંબ થાય તો કોસ્ટ ઓવરન્સ (Cost Overruns) ની સંભાવના રહેશે.
- હાલમાં કંપની કેટલીક કન્ટીજન્સી જવાબદારી ધરાવે છે જો તે મટીરીલાઈઝ થાય તો વિપરીત અસર પડી શકે છે.
- આ કંપનીના ટાઈટલ તેમજ ડેવલપમેન્ટના રાઈટ્સ કંપની નથી ધરાવતી.
- આગામી સમયમાં કંપનીની કામગીરી તેના અંદાજો કરતા વિપરીત રહી શકે છે.
- કંપનીનો બિઝનેસ ભારતના આર્થિક ગ્રોથ ઉપર નિર્ભર છે આથી સ્લોડાઉનની પરિસ્થિતિમાં વિપરીત અસર જોવાય.

ભલામણ :- છેલ્લાં ચાર વર્ષની નાણાંકીય કામગીરીમાં કંપનીનો ટોપલાઈન ગ્રોથ સ્થિર રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮ અને નાણાંકીય વર્ષ ૨૦૨૦ ના વર્ષમાં કંપનીની બોટમલાઈનમાં ઘટાડો નોંધાયો છે. આ ઈસ્યુ વર્તમાન ઓફરભાવે P/BV ૦.૮૬ થી ઓફર થઈ રહ્યો છે. હરિફ લીસ્ટેડ કંપની "Embassy Office Park" ની P/BV ૧.૨૫ ની તુલનામાં આકર્ષક કહી શકાય. Covid-19 ની મહામારીને પગલે હાલમાં "Work from Home" ઓફિસમાં મર્યાદિત સ્ટાફ, કામના ઓછા કલાકો, કન્સ્ટ્રકશન પ્રવૃત્તિમાં અને અંડર કન્સ્ટ્રકશન સાઈટ ઉપરની કામગીરીમાં વિક્ષેપની નકારાત્મક અસર જોઈ શકાય. આ ઈસ્યુ ખાસ કરીને નાના ઈન્વેસ્ટરો માટે જોખમી છે. આથી જોખમ લેનાર ઈન્વેસ્ટરોએ રોકાણ કરી શકે.

સ્માર્ટ બેસ્ટ બાય

S. N. Zaveri

એસબીઆઈ કાર્ડ્સ એન્ડ પેમેન્ટ : સ્ટોકમાં તેજીની સંભાવના

SBI Cards (Rs. 740.00) (Finance Including NBFC)

એસબીઆઈ કાર્ડ્સ એન્ડ પેમેન્ટ : એસબીઆઈ કાડ્ર્સ એન્ડ પેમેન્ટ સર્વિસીસ લી.એ મુખ્યત્વે ઊંચી વ્યાજ આવકને કારણે જૂન ક્વાર્ટરમાં ૧૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૯૩ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. કંપનીની કુલ આવક એક વર્ષ અગાઉની રૂ. ૨,૩૦૪ કરોડની સરખામણીમાં આ વર્ષે સમાન સમયમાં ૫ ટકા ઘટીને રૂ. ૨,૧૯૬ કરોડ થઈ હતી. જૂન ક્વાર્ટર દરમિયાન કાર્ડ પર ખરીદીનું પ્રમાણ ઘટીને રૂ. ૧૯,૦૮૫ કરોડ રહ્યું હતું, જે ૨૦૧૯-૨૦ના સમાન સમયમાં રૂ. ૩૦,૧૭૪ કરોડ હતું. રીસીવેબલ્સ રૂ. ૨૧,૨૩૧ કરોડથી ૧૦ ટકા વધીને રૂ. ૨૩,૩૩૦ કરોડ રહ્યા હતા. કાર્ડ-ઈનફોર્સ એક વર્ષ અગાઉના ૦.૮૮ કરોડથી ૨૦ ટકા વધીને ૧.૦૬ કરોડ રહ્યા હતા જ્યારે દૈનિક સરેરાશ ખર્ચ આ વર્ષે મે મહિનામાં ૫૪ ટકાની સરખામણીમાં જૂન ૨૦૨૦માં કોવિડ પહેલાંના સ્તરે સુધરીને ૭૬.૫ ટકા થયો છે. નવા ખાતાનું હસ્તાંતરણ મે ૨૦૨૦માં ૮૦,૦૦૦થી વધીને જૂન ૨૦૨૦માં ૧,૮૧,૦૦૦ થયું હતું, જે કોવિડ પૂર્વેની દૈનિક હસ્તાંતરણ સરેરાશના ૫૭.૬ ટકા જેટલું છે. સેગ્મેન્ટ મુજબ વ્યાજની આવક ૩૪.૬ ટકા વધીને રૂ. ૧,૪૧૨ કરોડ થઈ છે જ્યારે ફી અને સર્વિસીસમાંથી આવક ૨૭.૧ ટકા ઘટીને રૂ. ૬૬૮ કરોડ થઈ છે. આ સ્ટોક તેજીમાં છે. ખરીદો.

એસ્કોર્ટ્સ : સામાન્ય ખરીફ અને વધુ સારા ચોમાસાથી આ સ્ટોકમાં તેજી આવશે

Escorts (Rs. 1127.00) (Commercial Vehicles)

એસ્કોર્ટ્સ લિ. : એસ્કોર્ટ્સ લિમિટેડના સ્ટોકે ગયા સપ્તાહે ઈન્વેસ્ટર સેગ્મેન્ટમાંથી જંગી ખરીદીના પગલે રૂ. ૧૨૧૦ના સ્તરે બાવન સપ્તાહની નવી ટોચ બનાવી હતી. એસ્કોર્ટ્સ એગ્રી મશીનરી સેગ્મેન્ટે માગમાં વધારાના કારણે જૂન ૨૦૨૦માં ૧૦,૮૫૧ યુનિટના સ્થાનિક વેચાણ સાથે ૨૨.૮ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. કંપનીએ જૂન ૨૦૧૯માં ૮,૯૬૦ યુનિટ્સનું વેચાણ કર્યું હતું. જોકે, સમિક્ષા હેઠળના મહિના દરમિયાન નિકાસ ૨૬.૯ ટકા સંકોચાઈ હતી. એક વર્ષ અગાઉ સમાન મહિનામાં ૩૧૨ યુનિટ્સની સરખામણીમાં આ વર્ષે કંપનીએ ૨૨૮ યુનિટ્સનું વેચાણ કર્યું હતું. લૉકડાઉન સમયની માગમાં નોંધપાત્ર વૃદ્ધિની ઉદ્યોગને અપેક્ષા છે. વધુમાં સામાન્ય ખરીફ વાવેતર કરતાં ચોમાસુ સારું રહેવાની આગાહી, પાકના વિક્રમી આઉટપૂટ અને પાકના ભાવને કારણે વિક્રમી રોકડ પ્રવાહ અને રીટેલ ધિરાણની તર્કસંગત ઉપલબ્ધતાના કારણે ખેડૂતોનું સેન્ટીમેન્ટ સુધર્યું છે. વેલ્યુએશન થોડીક ખેંચાઈ છે. પ્રત્યેક ઘટાડે ખરીદો.

એચયુએલ : લૉકડાઉન વચ્ચે પહેલાં ક્વાર્ટરના પરીણામ મજબૂત આવ્યા

HUL (Rs. 2209.00) (Personal Products)

એચયુએલ : એફએમસીજી અગ્રણી હિન્દુસ્તાન યુનિલિવરે ૨૧મી જુલાઈએ જૂન ૨૦૨૦ના અંતે પૂરા થતા ક્વાર્ટર માટે રૂ. ૧,૮૮૧ કરોડનો સ્ટેન્ડઅલોન નફો નોંધાવ્યો છે, જે અગાઉના ક્વાર્ટરની સરખામણીમાં ૭.૨ ટકાનો વધારો દર્શાવે છે. તેને જાહેરાત અને પ્રમોશન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડા (૩૧.૪ ટકાનો ઘટાડો) અને ફૂડ્સ અને રીફ્રેશમેન્ટ સેગ્મેન્ટમાં મજબૂત દ્વી-અંકી વૃદ્ધિનો ટેકો મળ્યો. સૂચિત ક્વાર્ટર દરમિયાન ઓપરેશન્સમાંથી સ્ટેન્ડઅલોન આવક રૂ. ૧૦,૫૬૦ કરોડ રહી હતી, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં રૂ. ૧૦,૧૧૪ કરોડ રહી હતી અને તે ૪.૪ ટકાની વૃદ્ધિ નોંધાવે છે. તેના હોમ કેર સેગ્મેન્ટમાંથી આવક વાર્ષિક ધોરણે ૨.૧ ટકા ઘટીને રૂ. ૩,૩૯૨ કરોડ રહી હતી. બ્યુટી અને પર્સનલ કેર ડિવિઝને ૧૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૪,૦૩૯ કરોડની આવક નોંધાવી હતી. ફૂડ્સ અને રિફ્રેશમેન્ટ સેગ્મેન્ટે ૫૧.૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨,૯૫૮ કરોડની આવક કરી હતી. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે પણ પ્રત્યેક રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શૅર પર રૂ. ૯.૫૦નું વિશેષ ડિવિડન્ડ આપવાની એટલે કે કુલ રૂ. ૨,૨૩૨ કરોડના ડિવિડન્ડ

Cont...

પેઆઉટને મંજૂરી આપી દીધી છે. ખરીદો.

હીરો મોટોકોર્પ: ગ્રામીણ ક્ષેત્રે માંગના દમ પર આગેકૂચ

Hero Moto Corp. (Rs. 2741.00) (2/3 Wheelers)

હીરો મોટોકોર્પ : હીરો મોટોકોર્પનો શૅર ગયા સપ્તાહે રૂ. ૨,૮૬૯ની ૧૦ મહિનાની ટોચે હતા. વિશ્લેશકોનું માનવું છે કે ગ્રામીણ બજારમાં વપરાશમાં મજબૂત રિકવરીના પગલે કોવિડ-૧૯ની કંપની પર બહુ ઓછી અસર થઈ છે. સ્ટોક ૨૪મી માર્ચ, ૨૦૨૦ના રોજ રૂ. ૧,૪૭૫ના સ્તરે બાવન સપ્તાહના તળીયે પહોંચ્યા પછી ૯૩ ટકા ઊછળ્યો છે. બજારની માગમાં મોટાભાગે ગ્રામીણ અને અર્ધશહેરી બજારની માગ જોવા મળી હતી, જેને વિવિધ પ્રોત્સાહન પેકેજો મારફત સરકાર દ્વારા મદદ કરવામાં આવી હતી. સામાન્ય ચોમાસાની આગાહી, જંગી રવી પાક અને તહેવારોની આગામી મોસમ સહિત અનેક પરીબળોના સંયોજનના કારણે આગામી કેટલાક મહિનામાં તેજીનું વલણ જળવાઈ રહેવાની સંભાવના છે. પડકારજનક પરિસ્થિતિ છતાં હીરો મોટોકોર્પે નાણાકીય વર્ષ ૨૧ના પહેલા ક્વાર્ટરમાં મોટરસાઈકલ અને સ્કૂટર્સના કુલ ૫,૬૩,૪૨૬ યુનિટનું વેચાણ કર્યું હતું. મુશ્કેલ વાતાવરણમાં પણ માર્જિન જળવાઈ રહ્યું છે. રોકાણ કરો.

બજાજ ફિનસર્વ : ધિરાણ બિઝનેસમાં સતત મજબૂતીને પગલે આકર્ષણ જળવાશે

Bajaj Finserv (Rs. 6269.00) (Holding Companies)

બજાજ ફિનસર્વ : બજાજ ફિનસર્વે તેના લેન્ડિંગ કારોબારમાં સ્થિર આકર્ષણ નોંધાવ્યું છે. વીમામાં ધીમું પ્રીમિયમ એક્રેશન મજબૂત રોકાણ લાભ દ્વારા સરભર થયું છે. નીચા ક્લેમ અને કોસ્ટ કંટ્રોલ સાથે ઊંચા ટોપલાઈનના પગલે આવક વધી હતી. કોન્સોલિડેટેડ ટોપલાઈન વાર્ષિક ધોરણે ૧૫.૬ ટકા થઈને રૂ. ૧૪,૧૯૨ કરોડ થઈ હતી. વીમા આ વૃદ્ધિનું પ્રાથમિક કારણ વીમા કારોબારમાં અગ્રણી બિઝનેસ પરફોર્મન્સ અને મજબૂત રોકાણ આવક છે. અગ્રણી પાંખ બજાજ ફાઈનાન્સે લેન્ડિંગ બિઝનેસમાં નીચા ઓપેક્સ મારફત કોવિડ-૧૯ વચ્ચે રૂ. ૧૪૫૦ કરોડની કન્ટીજેન્ટ જોગવાઈ કરી હતી અને ક્લેમમાં ઘટાડાના પગલે ટેક્સ પહેલાં કોન્સોલિડેટેડ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૧૩.૮ ટકા વધીને ૨,૫૬૮ કરોડ થયો છે. તેથી, કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૪૩.૭ ટકા વધીને રૂ. ૧,૨૧૫ કરોડ થયો હતો. યાદ રાખો તે બજાજ ફાઈનાન્સની પેરન્ટ કંપની છે. આ સ્ટોક અંદાજે રૂ. ૬૪૦૦ના સ્તરે ટ્રેડિંગ થાય છે, જે હજી પણ રૂ. ૧૦,૨૯૭ની તેની બાવન સપ્તાહની ટોચની નજીક છે. ખરીદો.

દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

Reliance Ind. (રૂ. ૨૧૪૬.૦૦) (કોડ : ૫૦૦૩૨૫) :- મુકેશ અંબાણીના નેતૃત્વ હેઠળની આ કંપનીનો શેર તાજેતરમાં ૨૧૫૦ ની સપાટી કુદાવી ચુક્યો છે જ્યારે રિલાયન્સ પાર્ટલીપેઈડનો ભાવ ૧૩૦૦ ની નજીક પહોંચી ગયો છે. રિલાયન્સનું માર્કેટકેપ ૧૩ લાખ કરોડ તેમજ રિલાયન્સ પાર્ટલી પેઈડનું મારપ્કેટકેપ ૫૩૫૩૭ કરોડ સાથે કુલ માર્કેટકેપ ૧૪ લાખ કરોડને વટાવી ચુકેલ છે. શેરધારકોને માત્ર ચાર મહિનામાં જ ૧૪૦ ટકા જેટલુ માતબર વળતર પ્રાપ્ત થઈ ચુક્યું છે. આ સાથે રિલાયન્સ વિશ્વની સૌથી મૂલ્યવાન ટોપ-૫૦ કંપનીઓમાં એન્ટ્રી લઈ ચુકી છે. ઉપરાંત મુકેશ અંબાણી ફોરબસની રીયલ ટાઈમ બિલિયોનર યાદીમાં ૫ મા સ્થાને આવી ગયા છે. એમેઝોન અને રીલાયન્સ રીટેલ વચ્ચે ડીલની વાટાઘાટો ચાલુ છે. એમેઝોન ૯.૯ ટકા સ્ટેક રીલાયન્સ રીટેલનો ખરીદે તેવી હવા ચે. ગત બે મહિના દરમ્યાન સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટમાં આ કોલમમાં રૂ. ૨૦૦૦ ની સપાટીની તેમજ રિલાયન્સ પાર્ટલી પેઈડના શેરનો ભાવ રૂ. ૧૦૦૦ ની સપાટી કુદાવી જશે તેવો નિર્દેશ કર્યો હતો જે સચોટ પુરવાર થયો છે.

Federal Bank (રૂ. ૫૭.૦૦) (કોડ : ૫૦૦૪૬૯) :- બિગબુલ રાકેશ ઝુનઝુનવાલાએ ખાનગી ક્ષેત્રની આ બેન્કના કાઉન્ટર ઉપર એપ્રિલ - જુન ક્વાર્ટર દરમ્યાન ૨૦ લાખ શેરોની ખરીદી કરી છે જે અગાઉ ૩.૮ ટકા સ્ટેક હતો તે વધારીને ૩.૧૮ ટકા કર્યો છે.

Astec Life (રૂ. ૧૦૭૦.૦૦) (કોડ : ૫૩૩૧૩૮) :- એગ્રોકેમીકલ્સ એક્ટીવ ઈન્ગ્રીડયન્ટ અને ફાર્મા ઈન્ટરમીડીયેટ ઉત્પાદન કરતી આ કંપનીએ ક્વાર્ટર-૧ જુન ૨૦૨૦ માં ટર્નએરાઉન્ડ પરિણામો નોંધાવ્યા છે. કંપની ક્વાર્ટર-૧ ૨૦૧૯માં ૧.૧૧ કરોડની ખોટ હતી જે ક્વાર્ટર-૧ ૨૦માં ૧૬.૧૯ કરોડનો નેટ પ્રોફિટ કોન્સોલીડેટ બેઝ ઉપર નોંધાવતા ચમકારો જોવાયો છે.

Dishman Carbogen (રૂ. ૧૭૦.૦૦) (કોડ : ૫૪૦૭૦૧) :- બિલિયોનર રાકેશ ઝુનઝુનવાલા તથા રેખા ઝુનઝુનવાલા જુન ક્વાર્ટર દરમ્યાન આ કાઉન્ટર ઉપરથી ૨૫ લાખ શેર્સ ૧.૫૯ ટકા સ્ટેકની ખરીદી કરી છે.

M&M Finance (રૂ. ૧૪૧.૦૦) (કોડ : ૫૩૨૭૨૦) :- આ કંપનીએ બોર્ડે રૂ. ૩૫૦૦ કરોડના રાઈટ ઈસ્યુને મંજુરી આપી છે અને કંપની તેના શેરહોલ્ડરને ૧:૧ ના પ્રમાણમાં પ્રતિશેર રૂ. ૧૫૦ ના ભાવે રાઈટ શેર આપશે. આ ઈસ્યુ તા. ૨૮ જુલાઈના રોજ ખુલી ૧૧ ઓગસ્ટે બંધ થશે. આ અહેવાલના પગલે શેરના ભાવમાં અપર સર્કીટ જોવાઈ હતી. કરેક્શનના તબક્કામાં હોવા છત્તાં ઓફરભાવ બજારભાવ અંતર હોવાથી આકર્ષણ વધતું જોવાય.

Jenburkt Pharma (રૂ. ૩૯૧.૦૦) (કોડ : ૫૨૪૭૩૧) :- ફાર્મા ક્ષેત્રે કાર્યરત આ કંપની કોવિડ-૧૯ ની ટ્રીટમેન્ટ માટે ટેબ્લેટ લોન્ચ કરવાની યોજના બનાવી રહી છે. આ ટેબ્લેટ કોવિડ-૧૯ ના માઈન્ડ મોડરેટ Symptonsના દર્દી માટે ઉપયોગી બનશે.

Spice Jet (રૂ. ૫૦.૦૦) (કોડ : ૫૦૦૨૮૫) :- એવીએશન ક્ષેત્રે કાર્યરત આ કંપનીને ઈન્ડિયન શીડ્યુલ કેરીયર તરીકે અમેરીકા ઉડાન ભરવા મંજુરી મળી છે. અમેરીકામાં સર્વિસ એવિએશન કંપની ભારતમાં પ્રથમ બજેટ કેરીયર બનશે. હાલમાં માત્ર એર ઈન્ડિયા જ આ સર્વિસ આપી રહી છે.

Texmaco Rail (રૂ. ૨૬.૦૦) (કોડ : ૫૩૩૩૨૬) :- ભારતીય રેલ્વે ટેલીકોમ સીગ્નલીંગ કામકાજ ઉપર કાર્યરત ચાઈનીઝ કંપનીનો ૪૭૦ કરોડનો કોન્ટ્રાક્ટ રદ કર્યો છે. રેલ્વેના અધુરા કાર્ય પુરા કરવા કે.કે. બીરલા જુથની આ કંપનીને ઓર્ડર મળવાની સંભાવના છે.

Majesco (રૂ. ૪૬૪.૦૦) (કોડ : ૫૩૯૨૮૯) :- છેલ્લાં કેટલાક સમયથી આ શેર સતત અપર સર્કિટમાં જોવાઈ રહ્યો છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર યુ.એસ. સબ્સીડીરીના એક અગ્રણી પ્રાઈવેટ ઈક્વિટી Thoma Bravo ને વેચી રહી છે અને ભારીતય શેરહોલ્ડર માટે કેશ બોનાન્ઝા બની રહેશે. નાસ્ડેક લીસ્ટેડ મેજેસ્કો (યુ.એસ.) ને આ સોદા માટે ૪૪૩૦ કરોડ મળવાની સંભાવના છે.

Cont.....

India Mart (રૂ. ૨૪૬૫.૦૦) (કોડ : ૫૪૨૭૨૬) :- ભારતની બીરબી સેગ્મેન્ટની સૌથી મોટી ઓનલાઈન કંપની તાજેતરમાં જાહેર કરેલ ના.વર્ષ ૨૦૨૧ ના ક્વાર્ટર-૧ ના પરિણામો સંગીન રહ્યા છે. ઈબીઆઈટીડીએ જે પાછલા વર્ષ સમાનગાળામાં ૨૫ ટકાથી ઉછળીને ૪૮ ટકા જોવાયા છે. ઉપરાંત નોર્વે ઓઈલ ફંડ ૨૩ જુલાઈના રોજ ૩ બલ્કડીલ દ્વારા પ્રતિશેર ૨૩૫૦ ના ભાવે ૧૪૮૯૨૦ ઈક્વિટી શેર ખરીદી સ્ટેકમાં વધારો કર્યો છે. શેર પાંચ દિવસમાં ૨૦ ટકાથી ઉધુ ઉછળી ચુક્યો છે.

Sun Pharma (રૂ. ૪૮૬.૦૦) (કોડ : ૫૨૪૭૧૫) :- જેનેરીક ફાર્માનું ઉત્પાદન કરતી આ કંપની સ્બીસડરી Taro Pharma યુ.એસ. ડીપાર્ટમેન્ટ ઓફ જસ્ટીસના તમામ કેસો નિકાલ કરતા શેરમાં હલચલ વધી છે.

Bank of Maharashtra (રૂ. ૧૨.૦૦) (કોડ : ૫૩૨૫૨૫) :- જાહેર ક્ષેત્રની આ બેન્કમાં ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા ૯૨.૪૯ ટકા સ્ટેક ધરાવે છે. બેન્કે જાહેર કરેલ ૩૦ જુન ૨૦૨૦ ના પરિણામો પીએસયુ સેક્ટરની અન્ય બેન્કોની તુલનામાં સંગીન રહ્યા છે. નેટનફામાં ૨૪.૬ ટકા અને કુલ આવકમાં ૨.૩ ટકાનો વધારો નોંધાવતા આ શેર રડાર ઉપર આવી ગયો છે.

Dilip Buildcon (રૂ. ૨૯૫.૦૦) (કોડ : ૫૪૦૦૪૭) :- આ કંપનીનો તાજેતરમાં એચસીસી સાથેનો જોઈન્ટ વેન્ચરને ગુજરાતમાં ભરૂચ ખાતે નર્મદા વોટર રીસોર્સીસનો ૪૧૬૭.૭૧૦ કરોડનો Letter of Accept NCC (LOA) ઈપીસી પ્રોજેક્ટ પ્રાપ્ત થતા આ અહેવાલે શેરમાં કરંટ જોવાય.

Bank of India (રૂ. ૪૭.૦૦) (કોડ : ૫૩૨૧૪૯) :- કેન્દ્ર સરકારની માલિકીની બેન્કોની સંખ્યા ઘટાડીને ૫ કરતા અન્ય બેન્કોનું ખાનગીકરણ કરવાની યોજના બનાવી રહી છે. હાલમાં ભારતમાં કુલ ૧૨ પીએસયુ બેન્કો છે. સરકાર બેન્ક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેન્ક, યુકો બેન્ક, આઈઓબી, પંજાબ એન્ડ સીન્ડ બેન્ક વિગેરેનું ખાનગીકરણ કરવાના અહેવાલ છે. શેરમાં અપર સર્કિટ જોવાઈ રહી છે.

PNC Infra (રૂ. ૧૪૬.૦૦) (કોડ : ૫૩૯૧૫૦) :- આ કંપની તાજેતરમાં નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયા તરફથી કુલ રૂ. ૫૪૭.૮૦ કરોડના બે ઈપીસી પ્રોજેક્ટ અંગે LoA પ્રાપ્ત થતા શેરમાં ઉછાળો જોવાય.

Dhampur Sugar (રૂ. ૧૨૯.૦૦) (કોડ : ૫૦૦૧૧૯) :- કેન્દ્ર સરકાર યુરોપીયન યુનિયન ૧૦૦૦૦ ટન સુગર કોટા એક્ષ્પોર્ટ કરવાની મંજુરી આપતા ધામપુર સહિત, બલરામપુર ચીની, ઉત્તમ સુગર, શક્તિ સુગર વિગેરેમાં ચમકારો જોવાય.

Rallis India (રૂ. ૨૯૮.૦૦) (કોડ : ૫૦૦૩૫૫) :- એગ્રોકેમિકલ્સ ક્ષેત્રે કાર્યરત રાલીસ ઈન્ડિયામાં ACE ઈન્વેસ્ટર RJJ સ્ટેક વધારી ૧૦.૩૧ ટકા કર્યો છે. અગાઉ તેમનો સ્ટેક ૯.૯૩ ટકા હતો.

Info Edge (રૂ. ૩૧૭૮.૦૦) (કોડ : ૫૩૨૭૭૭) :- બજારમાંથી પ્રાપ્ત એહવાલો અનુસાર હાલમાં Naukri.com, Jivansathi.Com, 99 Acrec.com, Shiksha.Com સાથે ઈન્ટરનેશનલ બિઝનેસમાં સક્રિય આ કંપની ટુંક સમયમાં પોલીસી બજારનો આઈપીઓ લાવવા સજ્જ બની છે.

Jayshree Tea (રૂ. ૫૪.૦૦) (કોડ : ૫૦૯૭૧૫) :- ભારત સહિત વિશ્વભરમાં ચ્હાના ઉત્પાદન ઘટાડો તેમજ માંગમાં વૃધ્ધિના પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ૫૮ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે. ડોમેસ્ટીક માર્કેટ તેમજ નિકાસ કરતી કંપની જયશ્રી, હેરિસન મલયાલમ, એન્ડ્રુ યુલે લાભમાં રહેશે.

Dhanuka Agritech (રૂ. ૮૫૩.૦૦) (કોડ : ૫૦૭૭૧૭) :- તાજેતરમાં આ કંપનીએ ખુબજ આકર્ષક ભાવે બાયબેકની જાહેરાત કરતા શેરમાં ચમકારો જોવાશે. શેરદીઠ રૂ. ૧૦૦૦ ના ભાવે રૂ. ૧૦૦ કરોડના શેર બાયબેક કરવાની જાહેરાત કરી છે. હાલમાં વર્તમાન ભાવે અને બાયબેક વચ્ચે અંતર હોવાથી શેર ઉપર પોઝીટીવ અસર જોવાય.

Britannia Ind. (રૂ. ૩૮૧૭.૦૦) (કોડ : ૫૦૦૮૨૫) :- એફએમસીજી ક્ષેત્રે કાર્યરત આ કંપની જાહેર કરેલ નાણાંકીય વર્ષ ૨૦૨૧ ના ક્વાર્ટર-૧ ના પરિણામો સંગીન રહ્યા છે. ટેક્ષ અગાઉનો નફો ૮૮ ટકા ઉછળી ૭૩૭ કરોડ નોંધાયો છે. કંપનીએ આગામી અઢી વર્ષમાં નવા એકમો સ્થાપવા ૭૦૦ કરોડના મુડીખર્ચ દ્વારા વિસ્તરણની યોજના કરેલ છે. આ કંપનીની પ્રોડકટ કોવિડ-૧૯ દરમ્યાન ગ્રામીણ ક્ષેત્રે ભારે માંગનું વલણ ધરાવે છે.

Cont.....

Muthoot Finance (રૂ. ૧૩૦૨.૦૦) (કોડ : ૫૩૩૩૯૮) :- ગોલ્ડ લોન ફાયનાન્સ ક્ષેત્રે કાર્યરત તાજેતરમાં ગોલ્ડના ભાવ ૫૦,૦૦૦ ની સપાટી કુદાવી જતા આ કંપની હસ્તક ગોલ્ડ સામે લોનની માંગમાં વૃધ્ધિ દર ૩૫ ટકાના ઉંચા સ્તરે પહોંચ્યો છે. મન્નાપુરમ તેમજ એમસીએક્સમાં પણ ચમકારો જોવાય.

Hindustan Zinc (રૂ. ૨૦૧.૦૦) (કોડ : ૫૦૦૧૮૮) :- સોનાની સાથે ચાંદીના ભાવ ૬૧૦૦૦ ની સપાટી કુદાવી જતા આ શેરમાં ચમકારો જોવાઈ રહ્યો છે. કંપનીના સીલ્વર ડીવીઝને કંપનીની ટોપલાઈન - બોટમ લાઈનમાં વૃધ્ધિ નોંધાવી છે. લંડન મેટલ એક્સચેન્જમાં પણ ચાંદીના વધતા જતા ભાવની પોઝીટીવ અસર, માર્જીનમાં વધારા સાથે પોઝીટીવ અસર જોવાય.

Tinplate (રૂ. ૧૪૬.૦૦) (કોડ : ૫૦૪૯૬૬) :- કેન્દ્ર સરકારે તાઈવાન અને ચીનથી આયાત થતા ટીન ઉપર બાન મુકતા કંપની લાભમાં રહેશે. ૨૮ જુલાઈ મંગળવારે જાહેર થનારા પરિણામો મજબુત રહેવાની સંભાવના છે.

Balmer Lawrie (રૂ. ૧૧૫.૦૦) (કોડ : ૫૨૩૩૧૯) :- જાહેર ક્ષેત્રની આ ડાયવર્સીફાઈડ કંપની રેલ્વે અને ડિફેન્સ ક્ષેત્રે સારી કામગીરી નોંધાવી રહી છે. ડેબ્ટ ફ્રી કંપનીનું રીઝર્વ રૂ. ૧૧૦૦ કરોડ છે. ડિવિડંડ યીલ્ડ ૭ ટકાથી વધુ જોવાયો છે. નિષ્ણાતો આ શેર માટે બુલીશ છે.

TTK Prestige (રૂ. ૫૪૮૭.૦૦) (કોડ : ૫૧૭૫૦૬) :- કેન્દ્ર સરકાર કિચનવેર, ફર્નિચર તેમજ સ્ટેશનરીની ચીનથી આયાત થતી પ્રોડકટસ ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાદવાની યોજના બનાવી રહી છે જેનો લાભ આ કંપનીને મળતો જોવાય.

HUL (રૂ. ૨૨૦૯.૦૦) (કોડ : ૫૦૦૬૯૬) :- એફએમસીજી ક્ષેત્રે કાર્યરત આ મલ્ટીનેશનલ કંપનીના શેરમાં છેલ્લા કેટલાક સમયથી વૃધ્ધિ જોવાઈ રહી છે. ક્વાર્ટલી રીઝલ્ટ અપેક્ષા કરતા સારા રહ્યા છે. કંપની દ્વારા લોંચ થઈ રહેલ નવી પ્રોડકટ અને રૂરલ માર્કેટમાં વધતી માંગને ધ્યાનમાં લેતા આ શેર માટે અગ્રણી બ્રોકરેજીસ રૂ. ૨૬૦૦ થી ૨૭૦૦ નો ટાર્ગેટભાવ લાવ્યા છે.

Disclosures as per SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future *" (Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152*



Investor's Third Eye

Smt. Dr. Hemavathy / Padmanaban (Chennai)
E-mail : investorsthirdeye@gmail.com

Astrological planetary predictions FOR STOCK MARKET INVESTMENTS (27th JULY TO 2nd AUGUST 2020)

નવા સપ્તાહમાં કન્યા, તુલા અને વૃશ્ચિકના ઘરોમાં ચંદ્રનો પ્રભાવ વધુ જોવા મળી શકે છે. ચંદ્રના ઘરમાં સુર્યની ઉપસ્થિતિ તથા કર્ક અને મંગળે ગુરુના ઘરમાં સ્થાન હાંસલ કર્યું છે. મીન અને શનિ પોતાના ઘરમાં જ છે. ધનુ રાશિના ઘરમાં મકર, ગુરુ અને કેતુ તેમજ ચંદ્રના ઘરમાં બુધે સ્થાન ગ્રહણ કર્યું છે. મિથુન રાશિમાં રાહુ તેમજ શુક્રની પોતાના ઘરમાં હાજરી જોવા મળી રહી છે.

૨૭ જુલાઈ ૨૦૨૦ : મીન રાશિમાં મંગળની હાજરી જે શુક્રના ઘર તરફ અગિયારમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે. વૃષભ હેલ્થ સેક્ટર, ફાર્માસ્યુટિકલ્સ, સરકારી કંપનીઓના શેર્સ, રસાયણ, ખાતર, કૃષિ આધારિત મશીનરી પ્રોડક્ટ્સ માટે સકારાત્મક છે. શનિની પોતાના ઘરમાં ઉપસ્થિતિથી હેવી એન્જિનિયરિંગ અને ટ્રેક્ટરનું ઉત્પાદન કરતી કંપનીઓને લાભ થઈ શકે છે.

૨૮ અને ૨૯ જુલાઈ, ૨૦૨૦ : શુક્રના ઘરમાં ચંદ્રની ઉપસ્થિતિ છે. ધનુ રાશિના ઘર તરફ તુલા રાશિ અગિયારમું સ્થાન ગ્રહણ કરી રહી છે, જેનાથી માર્કેટના ઘણા અંશે ટેકો મળી રહેશે. ૩૦ અને ૩૧ જુલાઈ, ૨૦૨૦ના રોજ વૃશ્ચિકના ઘરમાં ચંદ્રની હાજર રહેશે, જ્યારેકે ગુરુના ઘરમાં મંગળની હાજરી અને મીન રાશિ કે જે વૃશ્ચિક રાશિની દિશામાં પાંચમુ સ્થાન છે, તેનાથી શેરના ભાવમાં સારી મૂવમેન્ટ જોવા મળી શકે છે.

કૃષિક્ષેત્ર, પેપર આધારિત કંપનીઓ, સંરક્ષણક્ષેત્ર, હેલ્થ અને ફાર્માસ્યુટિકલ્સ, રસાયણ, ટેલીકમ્યુનિકેશન સેક્ટર, ઉર્જા આધારિત ક્ષેત્રો, બાયો ટેકનોલોજી, બિયારણનું ઉત્પાદન કરતી કંપનીઓ, ઉડ્ડયન ક્ષેત્રની કંપનીઓ સારી કામગીરી નોંધવી શકે છે. બીજી તરફ બાયોકોન, અલ્કેમ લે, ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયા, કાવેરી સીડ્સ, એચએએલ, બીઈએમએલ, એપ્કોટેક્સ, રિલાયન્સ, ટેસ્ટી બાઈટ્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, એસ્કોર્ટ્સ, ગ્લોબસ સ્પિરિટ્સ, હેથવે ટેલીકોમ, નેટવર્ક ૧૮, ભારત ડાયનામિક્સ, વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ, રેલિસ ઈન્ડિયા, પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ, કિરી ઈન્ડસ્ટ્રીઝ, રૂચિ સોયા, રાઈટ્સ, આઈઆરસીટીસી, હેસ્ટર બાયો સાયન્સિસ, નાથ બાયોજેન્સ, જેકે એગ્રી જિનેટિક્સ, કલ્પતરુ પાવર, બીઈએલ, ફિલિપ્સ કાર્બન, ફ્યુચર રિટેઈલ, લુથરા લેબ, ઈપ્કા લેબ સારી પ્રદર્શન કરી શકે છે.

Astrological planetary predictions for GOLD PRICE MOVEMENTS (27th JULY TO 2nd AUGUST 2020)

૨૭ જુલાઈ, ૨૦૨૦ : શુક્ર પોતાના ઘરમાં (વૃષભ) અને ચંદ્રએ બુધ (કન્યા)ના ઘરની દિશામાં પાંચમું સ્થાન ગ્રહણ કર્યું છે. ચંદ્રના ઘરમાં બુધ અને સુર્યની ઉપસ્થિતિ તેમજ કર્ક રાશિ માર્કેટને કેટલાંક અંશે સપોર્ટ કરી શકે છે.

૨૮ અને ૨૯ જુલાઈ, ૨૦૨૦ : શુક્રના ઘરમાં ચંદ્ર, ગુરુના ઘરમાં તુલાની અગિયારમી ઉપસ્થિતિ, ધનુ રાશિમાં ગુરુ અને કેતુની હાજરીથી સોનાના ભાવમાં સકારાત્મક વલણ જોવા મળી શકે છે.

૩૦ અને ૩૧ જુલાઈ, ૨૦૨૦ : વૃશ્ચિક રાશિમાં ચંદ્ર તથા શુક્રએ પોતાના ઘરમાં જ સાતમું સ્થાન ગ્રહણ કર્યું છે. વૃષભ ઘણાં અંશે બજારની તરફેણ કરશે.





Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail : stockmarket@ganeshaspeaks.com

Sensex Predictions : Dt. 27th July 2020 to 31st July 2020

દરેક ફળકથનમાં દસ મિનીટનો ગાળો પ્લસ-માઈનસ સમજીને પ્રિડીક્શન સમજવું. ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

૨૭-૦૭-૨૦૨૦ સોમવાર

૯.૧૫થી ૧૧.૦૦ દરમ્યાન નિફ્ટી એક સાયકોલોજીકલ ફીગરની આસપાસ ટાઈમ પાસ કરે. ૧૧.૦૦થી ૧૩.૦૦ દરમ્યાન નિફ્ટી અપ જાય. ૧૩.૦૦થી ૧૪.૩૦ દરમ્યાન નિફ્ટી સ્લાઈટ ડાઉન સાઈડ જોબીંગ કરે. ૧૪.૩૦થી ૧.૩૦ દરમ્યાન પહેલા પાર્ટમાં અપ અને બીજા પાર્ટમાં ડાઉન રહીને દિવસ પૂરો કરે.

૨૮-૦૭-૨૦૨૦ મંગળવાર

આજે દિવસમાં ૩ વાર ટ્રેન્ડ ચેન્જ થશે માટે તે પ્રમાણે નેક્સ્ટ મંથ માટે કન્ફ્યુઝન ઉભું કરશે માટે સ્લાઈટ ધ્યાન રાખશો તો બહુ વાંધો નહી આવે. ઓપનિંગથી ૧૦.૫૦ દરમ્યાન તમને ઈન્ટ્રાડે માટે સરસ જોબીંગ મળશે તમે સારા રૂપિયા કમાઈ શકશો. ૧૦.૫૦થી ૧૨.૪૫ દરમ્યાન નિફ્ટી માં ૧૧.૪૯ અને ૧૨.૩૧ ની આસપાસ કો લની સંખ્યા વધી જાય. ૧૨.૪૫ થી ૧૩.૧૩ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. ૧૩.૨૩થી ૧૪.૩૩ દરમ્યાન ઓવરઓલ મોટો વ્યુ પોઝિટીવ છે. ૧૪.૩૩ પછી માર્કેટમાં પ્રોફિટ બુકિંગ આવે.

૨૯-૦૭-૨૦૨૦ બુધવાર

મિત્રો આજે પ્રોફિટ એન્ડ લોસ બંનેની તૈયારી સાથે સ્પેક્યુલેશન કરીએ, બાકી આપનું ભાગ્ય અને ગણેશજીના આશિર્વાદ. મિત્રો સ્પેક્યુલેશન હોય ત્યારે તમારી પોતાની જવાબદારી બને છે માટે પછી કોઈનો દોષ નીકાળવો તે યોગ્ય નથી તેમ સમજી આગળ વધશો. નિફ્ટી ૧૦.૩૯ની આસપાસ બાય કરો, ૧૨.૩૧ ની આસપાસ સેલ કરો. ૧૨.૩૩ ની આસપાસ નિફ્ટી સેલ કરો, ૧૩.૨૨ ની આસપાસ બાય કરો. લાસ્ટ સોદો અને પ્યોર જુગાર રમવો હોય તો નીચેનો સ્લોટ ફાસ્ટ રમવો પડશે. ૧૪.૩૪ ની આસપાસ નિફ્ટી સેલ કરો અને ૨ રૂપિયાની લી મીટ પહેલેથી મુકા વી દો અને ગણેશજી પર છોડી દો જે થાય તે ફા ઈનલ સમજશો.

૩૦-૦૭-૨૦૨૦ ગુરુવાર

આજે પણ નિફ્ટી કરતા બેંક નિફ્ટી વધારે વોલેટાઈલ અને સ્ટ્રેન્થ જોવા મળે, બાકી ગણેશજીની ઈચ્છા કહી શકાય. ક્રુડ ઓઈલ / ગોલ્ડ – સિલ્વર / ગૂગલ-જીયો ડીલ આ બધા ન્યુઝ બેઝ આપે લાસ્ટ વીકમાં કામ કર્યું પણ આજે અને કાલે માત્ર આપના સોદા પર જ ફોકસ કરજો. ૯.૧૫થી ૯.૩૦ દરમ્યાન ઓવરઓલ ક્યાંક નિફ્ટી ટેમ્પરરી પ્રોફિટ બુકિંગના મુડમાં હોય તેવું બને. ૯.૩૦થી ૧૨.૩૦ દરમ્યાન મોટો વ્યુ પોઝિટીવ છે, (માત્ર ૧૦.૨૫ની આસપાસ સ્મોલ કરેકશન આવે) ૧૨.૩૦થી ૧૫.૩૦ દરમ્યાન નિફ્ટી માં ડલ / બોરીંગ / ડીમ / ટા ઈમ પાસ સમય છે માટે તે પ્રમાણે સોદા રીસફલ કરતા રહેશો.

૩૧-૦૭-૨૦૨૦ શુક્રવાર

આજે ચંદ્ર-કેતુ / કેતુ-ગુરૂ / ચંદ્ર-ગુરૂ એમ ૨ નેગેટિવ ૧ પોઝિટીવ કોમ્બીનેશન બની રહ્યા છે. આજનું ઓપનિંગ ઈનસીક્યોર/ હાઈ રીસ્ક/ શાયદ ડાઉન સાઈડ કહી શકા ય. ૯.૧૫થી ૧૦.૩૯ નિફ્ટી સરફેસની આસપાસ કે ડાઉન સાઈડ રહે. ૧૦.૩૯ થી ૧૨.૩૧ નિફ્ટી માં ગ્રુપની સ્ટો કમાં બાઈંગ ની અસર દેખાય. ૧૨.૩૧ થી ૧૩.૫૫ દરમ્યાન નિફ્ટી માં મિક્ષ ટુ સ્લા ઈટ નેગેટિવ પેટર્ન જોવા મળે. ૧૩.૫૫ થી ૧૪.૨૨ દરમ્યાન ટેમ્પરરી ટેકનિકલ બાઉન્સ આવે. ૧૪.૨૨ થી ક્લો ઝિંગ બેલ દરમ્યાન નિફ્ટી માં બહુ મજા ગણેશજીને નથી આવતી માટે જરૂર ના હોય તો આ સ્લોટ એવોઈડ કરો.

ગણેશજીના આશીર્વાદ સાથે શ્રી ધર્મેશ જોષી

માત્ર ચારજ મહિનામાં નિફટનું ૪૯ ટકા રિર્ટન એટલે હાફ સેન્ચુરી

શેરબજારના ઈતિહાસમાં નિફટીનું ફાસ્ટેસ્ટ ફિફ્ટી, રિલાયન્સનું ૨૪ ટકા યોગદાન

૭૫૧૦ થી ૧૧૧૬૨ સુધીના ૩૬૫૨ પોઈન્ટસમાં રિલાયન્સનો ૮૫૩ પોઈન્ટસનો હિસ્સો

નિફ્ટીમાં યોગદાન

Co. Name	Points	(%)
Reliance Ind.	853.441	23.8
HDFC Bank	380.41	10.6
Infosys	366.49	10.2
HDFC	158.29	4.4
ICICI Bank	146.84	4.19
TCS	142.8	4.5
ITC	100.29	2.8
Bharti Airtel	86.32	2.4
HUL	85.1	2.4
Kotak Bank	83.27	2.3
Axis Bank	74.35	2.1

નિફટી ચાર મહિનામાં વળતરની બાબતમાં હાફ સેન્ચુરી નજીક પહોંચી ગયો છે. આ ગાળામાં તેણે ૪૯ ટકા વળતર આપ્યું છે. ઈતિહાસમાં બેન્ચમાર્કના 'ફાસ્ટેસ્ટ ફિફટી' કહી શકાય એવા દેખાવમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો સિંહ ફાળો જોવા મળે છે. નિફટીની ૭૫૧૦થી ૧૧૧૬૨ સુધીની ૩૬૫૨ પોઈન્ટ્સ સુધારાની સફરમાં મુકેશ અંબાણી જૂથની કંપનીએ ૨૪ટકા અથવા તો ૮૫૩ પોઈન્ટ્સનું યોગદાન નોંધાવ્યું છે.

કંપનીનો શેર સમાનગાળામાં રૂ૧૧૦૦ અથવા તો ૧૨૬ ટકાની વૃદ્ધિ નોંધાવી રહ્યો છે. આશ્ચર્યની બાબત એ છે કે અંતિમ બે મહિના દરમિયાન માર્કેટમાં બ્રોડ બેઝ સુધારો જોવા મળ્યો હોવા છતાં નિફટીમાં ૪૫ ટકા વૃદ્ધિ માત્ર ત્રણ કાઉન્ટર્સ પાછળ નોંધાઈ છે. રિલા. ઈન્ડ. ઉપરાંત અન્ય બે કાઉન્ટર્સમાં એચડીએફસી બેંક અને ઈન્ફોસિસનો સમાવેશ થાય છે. ભારતીય બજારમાં અંતિમ ચાર મહિના દરમિયાન ઐતિહાસિક બાઉન્સ નોંધાયો છે. અગાઉ ૩૦-૪૦ ટકાના તીવ્ર ઘટાડા બાદ ક્યારેય આ પ્રકારનો તીવ્ર પ્રત્યાઘાતી સુધારો સંભવ બન્યો નથી. નિફટી ઘટકોનો અભ્યાસ કરીએ તો જણાય છે કે હેવીવેઈટ્સ શેર્સના અસાધારણ દેખાવને કારણે નિફટી માટે આમ કરવું શક્ય બન્યું છે અને તે વૈશ્વિક હરિફો સાથે તાલ મિલાવી શક્યો છે. એપ્રિલ અને મે મહિના દરમિયાન ભારતીય બજારે વૈશ્વિક હરિફોની સરખામણીમાં અન્ડરપર્ફોર્મન્સ દર્શાવ્યું હતું. જીઓ પ્લેટફોર્મ્સ પર શ્રેણીબધ્ધ રોકાણની જાહેરાતો પાછળ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં સતત ઊર્ધ્વગતિ જળવાય હતી અને સાથે નિફટીને પણ બળ મળ્યું હતું. છેલ્લા મહિનામાં ઈન્ફોસિસ, એચડીએફસી બેંક અને ટીસીએસે પણ બજારને સપોર્ટ પૂરો પાડ્યો હતો.

નિફ્ટીના ૩૬૫૨ પોઈન્ટ્સમાં રિલા. ઈન્ડ.એ ૮૫૩ પોઈન્ટ્સ(૨૩.૮ ટકા) ઉપરાંત એચડીએફસી બેંક(૩૮૦ પોઈન્ટ્સ અથવા ૧૦.૨ ટકા) અને ઈન્ફોસિસ(૩૬૬ પોઈન્ટ્સ અથવા ૧૦.૨ ટકા)નો સમાવેશ થાય છે.

આ સિવાય નિફટીની વૃદ્ધિમાં ૪ટકાથી વધુનું યોગદાન દર્શાવનાર અન્ય ચાર કાઉન્ટર્સમાં એચડીએફસી(૪.૪ટકા), આઈસીઆઈસીઆઈ બેંક(૪.૧ ટકા) અને ટીસીએસ(૪ટકા))નો સમાવેશ થાય છે. આ છ અગ્રણી કાઉન્ટર્સને સિવાય અન્ય પાંચ કાઉન્ટર્સ એવા છે જેમણે નિફટીની વૃદ્ધિમાં ૨ ટકાથી વધુનો ફાળો નોંધાવ્યો છે. આમ કુલ ૧૧ કાઉન્ટર્સે ૨ ટકાથી લઈ ૨૪ટકા સુધીનો સુધારો દર્શાવ્યો છે. જ્યારે બાકીના ૧૪કાઉન્ટર્સે એકથી બે ટકાનું યોગદાન નોંધાવ્યું છે અને બાકીના ૨૫ કાઉન્ટર્સે એક ટકા સુધીનો ફાળો આપ્યો છે.

બીજી રીતે એમ કહી શકાય કે જો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સહિત ટોચના અન્ય બે કાઉન્ટર્સે નોંધપાત્ર સુધારો ના દર્શાવ્યો હોત તો નિફ્ટી ૧૧૦૦૦ને પાર કરી શક્યો ના હોત. કેમકે ચાર કાઉન્ટર્સે મળીને બેન્ચમાર્ક્સને ૧૫૯૯ પોઈન્ટ્સ પૂરા પાડ્યાં છે.

હાલમાં નિફટી તેની જાન્યુઆરીની ૧૨૪૦૦ની ટોચથી માર્ચના ૭૫૦૦ના તળિયાના ૬૧.૮ ટકાના રિટ્રેસમેન્ટ લેવલ(૧૧૫૫૦) તેમજ ૨૦૦ દિવસની મુવીગ એવરેજ(૧૦૮૭૦) બંનેને પાર ચૂક્યો છે અને ટેકનિકલ એનાલિસ્ટ્સના મતે બજાર હવે મંદીનું નહિ રહેતાં તેજીનું બન્યું છે. માર્ચ-એપ્રિલમાં બજારનો મોટો વર્ગ એવું માની રહ્યો હતો કે નિફ્ટી ૭૫૦૦ના તળિયાને તોડીને નીચે જશે. હાલમાં આ શક્યતાનો છેદ ઉડી ગયો છે. ઊલટાનું જો આર્થિક રિકવરીના સંકેતો મળ્યાં અને લિક્વિડિટીનો ફ્લો જળવાયો તો નિફ્ટી ૧૨૪૦૦ની ટોચને પાર કરીને આગળ નીકળી જાય તેવી શક્યતા પણ વ્યક્ત કરવાની શરૂઆત થઈ છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટકેપની યાદીમાં વિશ્વમાં ૪૮ માં ક્રમે ટોચની ૫૦ મૂલ્યવાન કંપનીઓમાં સ્થાન



૧૩ લાખ કરોડના માર્કેટ-કેપને પાર કર્યા બાદ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે વિશ્વની ટોચની ૫૦ મૂલ્યવાન કંપનીઓમાં સ્થાન મેળવ્યું છે. વૈશ્વિક માર્કેટ-કેપની યાદીમાં કંપની ૪૮મા ક્રમે આવી છે. ૧.૭ ટ્રિલિયન ડોલરના માર્કેટ-કેપ સાથે સાઉદી અરામ્કો પ્રથમ ક્રમે છે. એ પછી એપલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન અને આલ્ફાબેટનો ક્રમ આવે છે.

રિલાયન્સનો સ્ટોક તેના લાઈફ ટાઈમ હાઈ સપાટીએ પહોંચવા પામ્યો છે બુધવારના રોજ રિલાયન્સ ઈન્ડ.એ પ્રથમવાર રૂ. ૨૦૦૦ ની સપાટી કુદાવતા રોકાણકારો ખુશખુશાલ થવા પામ્યા હતા. તેનું માર્કેટ-કેપ રૂ.૧૩ લાખ કરોડથી વધી ગયું છે. તાજેતરના રાઇટ્સ ઇશ્યૂમાં જારી કરેલા પાર્ટલી પેઇડ શેર્સ સાથે કંપનીનું સંયુક્ત માર્કેટ-કેપ રૂ.૧૩.૫૦ લાખ કરોડ થયું છે.

કોઈ ભારતીય કંપની રૂ. ૧૩ લાખ કરોડના એમ-કેપને પાર કરી શકી નથી. રિલાયન્સનું માર્કેટ-કેપ શેવરોન, ઓરેકલ, યુનિલીવર, બેંક ઓફ ચાઈના, બીએચપી ગ્રૂપ, રોયલ ડચ શેલ અને સોફ્ટબેંક ગ્રૂપ કરતાં વધુ છે. એશિયામાં માર્કેટ-કેપની દૃષ્ટિએ રિલાયન્સ ૧૦મા ક્રમે છે.

ચીનનું અલીબાબા ગ્રૂપ વૈશ્વિક સ્તરે સાતમા ક્રમે છે. વૈશ્વિક સ્તરે એમ-કેપમાં ૧૦૦ કંપનીઓમાં રિલાયન્સ ઉપરાંત એકમાત્ર ટીસીએસનું સ્થાન છે. બીએસઈ પર રૂ. ૨,૧૭૦.૭૫ના બંધ ભાવે ટીસીએસનું માર્કેટ કેપ ૮.૧૪ લાખ કરોડ થયું છે.

ગ્રામ્ય બજારમાં વ્યાપક હાજરી હોવાથી બન્નેને ફાયદો

લોકડાઉનમાં પણ હીરો, મારૂતિએ રફતાર સાથે બજાર હિસ્સો વધાર્યો

કોવિડ-૧૯ રોગચાળા અને તેને અંકુશમાં લેવા લાગુ થયેલા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને લીધે મોટાભાગની ઓટોમોબાઈલ કંપનીઓને ખરીદદારો મેળવવામાં મુશ્કેલી પડી હતી ત્યારે હીરો મોટો કોર્પ અને મારૂતિ સુઝુકીએ બજાર હિસ્સામાં વૃદ્ધિ નોંધાવી હતી. ગ્રામ્ય માર્કેટમાં માંગ હોવાથી બન્ને કંપનીઓને ફાયદો થયો હતો. વિશાળ નેટવર્ક તેઓ ધરાવે છે. ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર (એપ્રિલ થી જુન)માં હિરો મોટો કોર્પે. ટુ વ્હીલર્સ માર્કેટનો ૪૧.૬ ટકા હિસ્સો કબ્જે કર્યો હતો અને આમ, છેલ્લાં પાંચ વર્ષમાં પેહલીવાર તે ૪૦ ટકા કરતા વધારે હિસ્સો હાંસલ કરવામાં સફળ રહી હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના અંતે હીરોનો બજાર હિસ્સો ૩૫.૮ ટકા હતો.

મારૂતિ સુઝુકીએ માર્ચ ૨૦ ક્વાર્ટરમાં ૫૩-૫૪ ટકા બજાર હિસ્સો નોંધાવ્યો હતો જે છેલ્લાં બે દાયકામાં કંપની દ્વારા હાંસલ કરવામાં આવેલો સર્વોચ્ચ ત્રિમાસિક હિસ્સો છે. એપ્રિલ - જુન ક્વાર્ટરમાં મારૂતિનો હિસ્સો થોડોક ઘટ્યો હતો અને ૫૨ ટકાની આસપાસ રહ્યો હતો કારણ કે, બી.એસ.૬ નિયમોને કારણે તેની ઈન્વેન્ટરીમાં જંગી વૃધ્ધિ થઈ હતી. જુન ૨૦૧૯ ક્વાર્ટરની સરખામણીએ મારૂતિએ જુન ૨૦૨૦ ક્વાર્ટરમાં બજાર હિસ્સામાં ૩ ટકા વૃધ્ધિ દર્શાવી હતી. માર્કેટમાં મહત્તમ માંગ ગ્રામ્ય અને અર્ધ - શહેરી બજારોમાંથી મળી હતી કારણ કે, સરકારે આપેલા વિવિધ સ્ટીમ્યુલસ પેકેજનો મોટો હિસ્સો અને ક્ષેત્રના લોકો સુધી પહોંચ્યો હતો. વરસાદ સામાન્ય રહેવાની આગાહી, બમ્પર રવી પાક અને આગામી તહેવારોની સીઝન જેવા મલ્ટીપલ પરિબળોને લીધે આવનારા મહિનાઓમાં પણ સારૂં મોમેન્ટમ જળવાઈ રહેવાની અપેક્ષા છે.

નિફ્ટીની ૧૦,૦૦૦ ની સપાટીથી ૧૧,૦૦૦ના સ્તરે પહોંચતા.....

૩૪ ટ્રેડીંગ સત્ર થયા

સેન્સેક્સ ૧૧ સત્રમાં ૧૦૦૦ પોઈન્ટ વધ્યો : ૧૧ શેરો ૫૦ થી ૧૫૦ ટકા ઉછળ્યા

કોરોના મહામારી પ્રબળ બનતા માર્ચ માસના અંતિમ તબક્કામાં અમલી બનેલ લૉકડાઉન બાદ શેરબજારમાં પણ પ્રચંડ કડાકો બોલી ગયો હતો. જેમાં ગત તા. ૨૪ માર્ચે નિફ્ટી ૭૫૦૦ની તળિયાની સપાટીએ ઉતરી આવ્યો હતો.

વૈશ્વિક ફંડોની આગેવાની હેઠળ નીકળેલ નવી લેવાલી પાછળ એનએસઈના નિફ્ટી આંકે મહામારીના પગલે ગુમાવેલ ૧૧,૦૦૦ની મહત્ત્વની સપાટી ફરી એકવાર હાંસલ કરતા બજાર વર્તુળોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી હતી. જો આ સપાટી જળવાશે તો તેજી ચાલ આગળ વધશે તેમ એનાલિસ્ટોનું માનવું છે.

એપ્રિલના મધ્યભાગ પછી સ્થાનિક અને વૈશ્વિક સ્તરના ચોક્કસ સાનુકૂળ અહેવાલો પાછળ અને મે માસમાં સરકારે લૉકડાઉનમાં આંશિક છૂટછાટો જાહેર કરતા બજારનું હવામાન પણ સુધર્યું હતું. જે અન્વયે ગત તા. ૩ જૂને નિફ્ટી સુધરીને પુનઃ ૧૦,૦૦૦ની સપાટી હાંસલ કરી હતી. જૂન માસના પ્રારંભિક તબક્કા બાદ સાનુકૂળ અહેવાલોના પગલે બજારમાં તેજીની ચાલ જળવાઈ રહી હતી. જેમાં તા. ૨૦ જુલાઈના રોજ કામકાજના પ્રારંભિક તબક્કામાં નિફ્ટીએ પુનઃ ૧૧,૦૦૦ની મહત્ત્વની સપાટી હાંસલ કરી હતી. આમ, ૧૦,૦૦૦ની સપાટીથી ૧૧,૦૦૦ના માથાળે પહોંચતા ૩૪ ટ્રેડિંગ સત્રનો સમય લાગ્યો હતો. આ સમય દરમ્યાન પસંદગીના ૧૧ શેરો ૫૦ થી ૧૫૦ ટકા ઉછળ્યા હતા.

૧૧,૦૦૦ની મહત્વની સપાટી હાંસલ કરવાની સાથોસાથ નિફ્ટીએ તેનું ૨૦૦ દિવસની મુવિંગ એવરેજનું મહત્ત્વનું રેસીટન્ટ લેવલ ૧૦૮૯૬ પણ જાળવી રાખ્યું છે.

આમ, આ બે મહત્ત્વના લેવલ પુનઃ હાંસલ થતા બજારમાં સુધારાની ચાલ આગળ વધશે તેમ એનાલિસ્ટોનું માનવું છે. કામકાજના પ્રારંભિક તબક્કામાં નિફ્ટીએ ૧૧,૦૦૦ની સપાટી હાંસલ કર્યા બાદ કામકાજના અંતે પણ તે ૧૨૦.૫૦ પોઈન્ટ વધીને ૧૧૦૨૨.૨૦ના ઉંચા માથાળે બંધ રહ્યો હતો.

નિફ્ટી માટે હવે ઉપરમાં ૧૧,૨૦૦ અને ૧૧,૪૦૦ના લેવલ મહત્ત્વના છે. જો પ્રતિકૂળ અહેવાલો પાછળ નિફ્ટી તૂટીને ૧૦,૮૦૦ની સપાટી તોડશે તો નીચામાં ૧૦૭૦૦ અને ૧૦૫૦૦ ટેકાની સપાટી ગણી શકાય તેમ એનાલિસ્ટોએ ઉમેર્યું હતું.



ગાગરમાં...સાગર...



આ આઈપીઓનું લિસ્ટીંગ ૧૬ માર્ચ ૨૦૨૦ ના રોજ ૯.૫૦ ટકા ડિસ્કાઉન્ટે થયું હતું

SBI Cardsનું જુન ક્વાર્ટરનું રીઝલ્ટ ધારણા કરતાં વધુ સારૂં આવતા

શેરનો ભાવ પ્રથમ વખત રૂ. ૭૫૫ ના IPO ભાવથી ઉંચે : ટાર્ગેટભાવમાં વધારો

ભારતની બીજા ક્રમની ક્રેડિટ કાર્ડ કંપની એસબીઆઇ કાર્ડ એન્ડ પેમેન્ટ સર્વિસિસનો શેર પ્રથમ વખત આઈપીઓ ભાવને વટાવી ગયો

હતો. જૂન ક્વાર્ટરમાં ધારણા કરતાં વધુ સારા નાણાકીય પરિણામને કારણે શેરમાં તેજી આવી હતી. શેર ઇન્ટ્રા-ડે રૂ. ૭૯૮ના ઓલ ટાઇમ હાઈએ સ્પર્શ્યો હતો. તેનો આઇપીઓ ભાવ રૂ. ૭૫૫ હતો.

જૂન ક્વાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો ૧૩.૯ ટકા વધીને રૂ. ૩૯૩.૩ કરોડ થયો હતો, જ્યારે કુલ આવક ચાર ટકા વધીને રૂ. ૨,૧૫૨.૨ કરોડ થઈ હતી. કંપનીનાં સારાં નાણાકીય પરિણામ બાદ



જુન ક્વાર્ટરના રિઝલ્ટથી વેગ

Listing Date	16-3-2020
IPO Price	755.00
Listing Price	658.00
High after Listing	798.00
Low after Listing	495.25
CMP (24-7-2020)	739.00

એચએસબીસીએ એસબીઆઇ કાર્ડના ટાર્ગેટ ભાવને રૂ. ૭૨૦થી વધારીને રૂ. ૮૨૫ કર્યો છે અને બાય રેટિંગ જાળવી રાખ્યું છે.

પગારદાર ગ્રાહકો (૮૫ ટકા)નો હિસ્સો હિસ્સો, ક્રેડિટ ડેટા બ્યૂરો-ક્રેડિટ સ્કોરની ભૂમિકા અને વિશાળ કરેક્શન ઇન્ફ્રાસ્ટ્રક્ચર હાલના વાતાવરણમાં મુખ્ય પોઝિટિવ પરિબળો છે. આ ઉપરાંત ઓનલાઇન ખર્ચ તરફ ઝુકાવ તથા કેશ ટુ ડિજિટલ ઇકોનોમી કંપનીના લાંબા ગાળાના ભાવિ માટે સારા સંકેત છે.

એસબીઆઇ કાર્ડ આઇપીઓ આશરે ૨૬ ગણો છલકાયો હતો. પરંતુ કોરોના વાઇરસ પછી બજારમાં તીવ્ર નરમાઈ અને ઊંચા વેલ્યુએશનને કારણે શેરનું ૧૬ માર્ચે નબળું લિસ્ટિંગ થયું હતું. કંપનીનો શેર ૨૨ મે ૨૦૨૦ના રોજ રૂ. ૪૯૫.૨૫ના સૌથી નીચા સ્તરે હતો. જોકે આ પછીથી તેના શેરમાં આશરે ૫૦ ટકા રિકવરી આવી છે.

માર્ચ-મેમાં ઓટોમેટિક મોરેટોરિયમના પ્રથમ રાઉન્ડની સરખામણીમાં બીજા રાઉન્ડમાં મોરેટોરિયમ હેઠળની લોન ઘટીને માત્ર છ ટકા થઈ હતી, જે મે મહિનાના અંતે ૩૨ ટકા હતી.

આ મહિનાના પ્રારંભમાં મેક્વેરીએ જણાવ્યું હતું કે એસબીઆઇ કાર્ડ આશરે ૨૫ ટકા રિવોલ્વર લોન બિનકાર્યક્ષમ અસ્કામતો બને તો પણ તે ૨૦૨૦-'૨૧ના નાણાકીય વર્ષમાં ઇક્વિટી પર ૨૪ટકા સુધી વળતર આપી શકે છે.

આશરે ૨૫ ટકા વૃદ્ધિ સાથેની હાઈ બૂક વેલ્યૂ તેના પ્રીમિયમ વેલ્યુએશનને વાજબી ઠેરવે છે. મેક્વેરીએ ?૯૦૦ના ટાર્ગેટ ભાવ સાથે આઉટપરફોર્મ રેટિંગ જાળવી રાખ્યું હતું. મેક્વેરીએ નોન બેક ફાઇનાન્શિયલ કંપનીઓમાં ટોચની પસંદગીના શેરમાં એસબીઆઇ કાર્ડને સામેલ કરી હતી.


ગાગરમાં...સાગર...


એકધારી તેજી અને માર્કેટકેપમાં જંગી ઉછાળાથી....

રિલાયન્સ ઈન્ડ. સૌથી વધુ મોંઘી ગ્લોબલ એનર્જી કંપની બની

સાઉદી અરામ્કો અને એક્સોન પછી માર્કેટકેપની દ્રષ્ટિએ રિલાયન્સ ત્રીજા ક્રમે

રિલાયન્સ વર્ષના ફોરવર્ડ અર્નિંગના ૨૪.૪ ના પીઈથી, હરીફ કંપનીઓ ૧૩ ના પીઈથી

છેલ્લાં કેટલાંક સપ્તાહમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં તેજી અને માર્કેટ-કેપમાં ઉછાળાના કારણે એનર્જી કંપનીઓમાં તે સૌથી વધારે મોંઘી કંપની બની છે. કંપની શિડ્યુલ અગાઉ તેનું દેવું ઘટાડવા કામ કરી રહી છે જેનાથી રોકાણકારોએ ઉત્સાહિત થઈને ભારે ખરીદી કરી છે.

રિલાયન્સ ઈન્ડ. અત્યારે એક વર્ષના ફોરવર્ડ અર્નિંગના ૨૪.૪ ગણા ભાવે ટ્રેડ થાય છે. જે તેની લોંગ ટર્મ એવરેજના લગભગ બમણા છે. તેનો ટ્રેઈલિંગ પ્રાઈસ અર્નિંગ (પીઈ) મલ્ટિપલ ૩૦.૭ છે જયારે વિશ્વની બીજી ઓઈલ કંપનીઓના એવરેજ પીઈ ૧૩ની આસપાસ હોય છે.

આ ઉપરાંત રિલાયન્સ ઈન્ડ સાઉદી અરામ્કો અને એક્સોન મોબિલ પછી માર્કેટ કેપિટલની દૃષ્ટિએ ત્રીજા ક્રમની સૌથી મોટી એનર્જી કંપની બની છે. તેની માર્કેટ કેપ રૂ. ૨.૯ લાખ કરોડ વધીને ૨૦૨૦માં રૂ. ૧૨.૭ લાખ કરોડ થઈ છે. જયારે તેના શેરમાં ૧૯ ટકા વધારો થયો છે. ૫૦ અબજ ડોલર (રૂ. ૩.૮ લાખ કરોડ)થી વધારે બજારમૂડી ધરાવતી વૈશ્વિક એનર્જી કંપનીઓમાં રિલાયન્સ ઈન્ડમાં સૌથી વધુ ઉછાળો આવ્યો છે.

ઐતિહાસિક રીતે જોવામાં આવે તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જેટલી વખત દેવામાં ઘટાડો કર્યો તેટલી વખત શેર વધ્યો છે. ઉદાહરણ તરીકે ૨૦૦૪થી ૨૦૦૬ વચ્ચે રોકાણના તબક્કામાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો એવરેજ પીઈ મલ્ટિપલ ૭.૫ હતો જે વધીને ૨૦૦૬થી ૨૦૦૮ની ડિલિવરેજિંગની સાઈકલ દરમિયાન ૧૭ થયો હતો.

ડિલિવરેજિંગ ઉપરાંત એનાલિસ્ટ્સ નોન વાયરલેસ બિઝનેસમાં વધતી રેવન્યૂ વિઝિબિલિટીના કારણે પણ આશાવાદ ધરાવે છે. ખાસ કરીને હેલ્થ અને ઓનલાઈન એજ્યુકેશનના એપ્સમાં આવક વધી શકે છે.

ક્રેડિટ સુઈસે જણાવ્યા પ્રમાણે નોન-વાયરલેસ ઓપરેટિંગ નફો નાણાકીય વર્ષ ૨૦૨૪ સુધીમાં ૧.૫ અબજ ડોલરથી બે અબજ ડોલર (લગભગ રૂ. ૧૫,૦૦૦ કરોડ) સુધી પહોંચી શકે છે. તેમાં હેલ્થ, એજ્યુકેશન અને મનોરંજનના એપ્સની કામગીરી મુખ્ય હશે. માયજિયો, જિયો સાવન, જિયો ટિવી માટે માસિક યુઝર્સની મોટી સંખ્યા હોવાથી કંપનીએ જાહેરખબરો દ્વારા નાણાં મેળવવાની શરૂઆત કરી દીધી છે.

એનર્જીના ક્ષેત્રે રેવન્યૂમાં પેટ્રોકેમિકલ ડિવિઝનનો હિસ્સો વધારવા પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. રિન્યુએબલ એનર્જીના વધતા હિસ્સાના કારણે રિલાયન્સ ઈન્ડ પેટ્રોલિયમ પ્રોડક્ટની માંગ ઘટવાના જોખમનો સામનો કરી શકશે.



ગાગરમાં...સાગર...



કોવિડ-૧૯ ને કારણે શેરના ભાવમાં જોરદાર કડાકો બોલી જતા....

કંપનીઓએ તેમના જ શેર નીચા ભાવે ખરીદી સ્ટાફને ESOPS આપ્યા

બજાજ ઓટો, બજાજ ફીનસર્વ, ભારતી ઈન્ફ્રા અને ફર્સ્ટ શોર્સ એ આક્રમક ખરીદી કરી

બજારમાં નરમાઈનો ઉપયોગ કરીને કેટલીક કંપનીઓએ તેમના જ નીચા ભાવના શેરો ખરીદી તેને પોતાના પ્રતિભાશાળી કર્મચારીઓને જાળવી રાખવા માટે ઈસોપ્સના સ્વરૂપમાં આવ્યા છે. બજાજ ઓટો ઈસોપ ટ્રસ્ટ અને બજાજ ફિનસર્વ ઈસોપ ટ્રસ્ટ બન્નેએ માર્ચથી ખુલ્લા બજારમાંથી લાખ જેટલા શેર ખરીધ્યા છે આ જ રીતે ભારતી ઈન્ફ્રાટેલ એમ્પ્લોય વેલફેર ટ્રસ્ટે શેરબજારમાંથી ૨.૩૭ લાખ શેર ખરીધ્યા છે. સેન્ટ્રલ ઈએસપીએસ ટ્રસ્ટે ૭.૮ લાખ શેર ખરીધ્યા છે. જ્યારે ફર્સ્ટશોર્સ એમ્પ્લોય બેનિફિટ ટ્રસ્ટે માર્ચથી શેરબજારમાં ૧.૪ કરોડ શેર ખરીધ્યા છે.

એમ્પ્લોય વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાબુલ્સ રિયલ એસ્ટેટ, પિરામલ એન્ટરપ્રાઈઝ, કાવેરી સીડ્સ, રામક્રિષ્ના ફોર્જીંગસ, સુબેક્સ, ફ્યુચર કન્ઝ્યુમર, ફ્યુચર લાઈફસ્ટાઈલ અને વૈભવ ગ્લોબલ સહિત ઘણી કંપનીઓએ ખુલ્લા બજારમાંથી શેર ખરીધ્યા હોવાના આંકડા દર્શાવે છે. આમાંની ઘણી કંપનીઓના શેરના ભાવ ૧૯ ફેબ્રુઆરી પછી નોંધપાત્ર પ્રમાણમાં ઘટ્યા છે મોટાભાગની ખરીદી પણ તે સમયે જ થયેલી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, બજાજ ફિનસર્વનો શેર માર્ચ પછી ૫૦ ટકા સુધી ઘટ્યો છે જ્યારે બજાજ ફાયનાન્સનો શેર આ સમયગાળામાં ૩૦ ટકા ઘટ્યો હતો આ સમયગાળો એવો હતો જ્યારે કોવિડના લીધે સમગ્ર અર્થતંત્ર અટવાઈ ગયું હતું. ફર્સ્ટશોર્સ શેરનો ભાવ માર્ચમાં એક જ મહિનાની અંદર અડધો થઈ ગયો હતો.

આકર્ષખ મૂલ્યના લીધે વધુને વધુ ટ્રસ્ટો નવા શેર જારી કરવા બદલે શેરબજારમાંથી વધુ ને વધુ શેરોની ખરીદી રહ્યા છે. કંપનીઓ દ્વારા ઈસોપ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે અને તેઓ કર્મચારીઓને તેમના ઈસોપ આયોજન મુજબ શેરની ફાળવણી કરે છે.

સ્માર્ટ ગાઈડ ફોર સ્માર્ટ ઈન્વેસ્ટર Siddharth Shah

<1>

મૂશ્કેલ સમયમાં આઇટી કંપનીઓની સકારાત્મક કામગીરી

Particulars	Infosys	TCS	Wipro
Consolidated Revenue	-2.4%	0.4%	-7.3%
Net Profit	-4.8%	-13.5%	2.1%
Operating Margin	22.7%	23.6%	19.0%
Employee Strength	239233	443676	181804
Active Clients	1458	1808	1004
Core Promoters Stake	13.15%	72.05%	74.02%
Consolidated Cash and Invest	28674	48903	15930
Interim Dividend	--	Rs .5/Shareds	--
3 Year Stock Rise	81%	61%	15%
Guidance	--	Refrained	Refrained
Revenue Grwoth FY21	0 to 2%	--	--
Operating Margin	21 to 23%		

કોરોના મહામારીને કારણે ટોચની આઈટી કંપનીઓને મોટો ફટકો પડવાની સંભાવનાઓથી વિપરિત તેમની કામગીરી પ્રમાણમાં સારી રહી છે અને નાણાકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળાના પરિણામોથી આ બાબત યથાર્થ ઠરે છે. ટીસીએસની સંયુક્ત આવકોમાં સાધારણ વધારો થયો છે, પરંતુ ચોખ્ખો નફો ઘટ્યો છે. ઓપરેટિંગ માર્જીનની વાત કરીએ તો ટીસીએસનું માર્જીન ઉંચુ છે, જ્યારે કે ઈન્ફોસિસની વૃદ્ધિ ૨૦.૫ ટકાથી ૨૨.૭ ટકા થઈ છે.

ઈન્ફોસિસ માટે મહત્વપૂર્ણ બાબત એ છે કે મેનેજમેન્ટે ગુમાવેલો આત્મવિશ્વાસ પુનઃહાંસલ કર્યો છે અને મૂશ્કેલ સમયમાં પણ કંપનીએ કર્મચારીઓની છુટા કર્યા નથી તથા મોટા કોન્ટ્રાક ગુમાવ્યાં નથી. તેની સકારાત્મક અસરો કંપનીની કામગીરી ઉપર ચોક્કસપણે વર્તાઈ છે.

ઉલ્લેખનીય છે કે કોવિડ મહામારીએ પડકારો સર્જ્યાં છે, પરંતુ ભારતીય આઈટી કંપનીઓએ મૂશ્કેલ સમયને તકોમાં તબદીલ કરી છે કારણકે ડિજિટાઈઝેશન ઉપર ધ્યાન કેન્દ્રિત થયું છે. ટીસીએસ, ઈન્ફોસિસ અને વિપ્રોની આવકનો ૪૦ ટકા હિસ્સો ડિજિટાઈઝેશનમાંથી આવે છે, જે સકારાત્મક બાબત છે.

શેરની કિંમતની દ્રષ્ટિએ વિપ્રોએ ઈન્ફોસિસ અને ટીસીએસ જેટલું સારું પ્રદર્શન કર્યું નથી. આ પરિસ્થિતિમાં હાલ શેર્સ ખરીદી શકાય કે નહીં તે અંગે વિચાર કરવો જરૂરી બને છે. હાલમાં આ સ્ટોકમાં પ્રોફિટ બુક કર્યા બાદ નીચા સ્તરે ફરીથી રોકાણ કરી શકાય.

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ....

કંપનીનો કોર બિઝનેસ અપેક્ષા કરતા સારો રહ્યો

નફા-વેચાણમાં ઘટાડો છત્તાં બ્રોકરેજિસ લાર્સન એન્ડ ટુબ્રો સ્ટોક માટે બુલિશ



લાર્સન એન્ડ ટુબ્રો કંપનીએ બુધવારે બજાર બંધ થયા પછી જૂન ૨૦૨૦ ક્વાર્ટરનાં પરિણામની જાહેરાત કરી હતી. ગુરુવારે બજાર ખૂલતાં તેનો શેર અગાઉના બંધ કરતાં નીચા ભાવે ખૂલ્યો હતો પરંતુ દિવસ દરમિયાન બે ટકા વધીને રૂ. ૯૩૭.૮૦ની ઈન્ટ્રા-ડે ટોચ બની હતી.

લાર્સન & ટુબ્રો (L&T)એ જૂન '૨૦ ક્વાર્ટરમાં નફામાં, વેચાણમાં અને નવા ઓર્ડર્સમાં ઘટાડો નોંધાવ્યો હોવા છતાં બ્રોકરેજિસે પોઝિટિવ આઉટલૂક જાળવી રાખ્યો છે કારણ કે, કંપનીના કોર બિઝનેસનું પર્ફોર્મન્સ અપેક્ષા કરતાં સારું રહ્યું છે. કોવિડ-૧૯ પ્રેરિત લોકડાઉનથી કામકાજ પર અસર પડી હોવા છતાં કંપનીએ કોર બિઝનેસના મોરચે ઘણું સારું પ્રદર્શન કર્યું છે.

કંપનીની વર્કિંગ કેપિટલની સ્થિતિ અને નવા ઓર્ડર્સ મળવા પર ચાંપતી નજર રાખશે.

"L&Tએ ૨.૫૩ અબજનો પ્રોફિટ આફટર ટેક્સ (PAT) નોંધાવ્યો છે. કંપનીઓ કોર પ્રોફિટમાં પોઝિટિવ આંકડા આપ્યા તે મુખ્ય સિદ્ધિ છે કારણ કે, રોકાણકારોને કંપનીના કોર બિઝનેસના PAT નેગેટિવ રહેવાની ચિંતા હતી. ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ સેગમેન્ટ્સમાં રૂ. ૩.૩૮ અબજની PAT ખોટને કારણે તેનાં પરિણામો પર અસર પડી છે, પરંતુ તેના માટે હૈદરાબાદ મેટ્રોની ખોટ જવાબદાર છે." એમ નોમુરાએ રિપોર્ટમાં નોંધ્યું છે. આ બ્રોકરેજે L&Tના શેર માટે રૂ. ૧,૨૦૦નો ટાર્ગેટ ભાવ અને 'બાય' રેટિંગ નક્કી કર્યું છે.

રિલાયન્સ સિક્યોરિટીઝે રિપોર્ટમાં નોંધ્યું છે કે, "લોકડાઉન ધીમે ધીમે હળવું થવાથી અને બિઝનેસ ફરી શરૂ થવાથી કંપનીનો ડોમેસ્ટિક બિઝનેસ આવતાં થોડાંક ક્વાર્ટર્સમાં સુધારાત્મક પ્રદર્શન કરે તેવી ધારણા છે. રોડ, શહેરી ઈન્ફ્રા અને ખાસ તો હેલ્થકેર, રેલવેઝ, જળ વિતરણ અને સિંચાઈ જેવાં સેગમેન્ટ્સમાં આગામી છ મહિનામાં સારો એવો ધમધમાટ જોવા મળશે.

ICICI સિક્યોરિટીઝે નોંધ્યું છે કે, "L&Tએ નવા ઓર્ડર્સ મેળવવામાં પ્રમાણમાં સારું પર્ફોર્મન્સ કર્યું છે જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેગમેન્ટમાં કંપનીને પડકારોનો સામનો કરવો પડ્યો હતો અને કોવિડ-૧૯ની ગંભીર અસર પડી હતી. જોકે, તેની વર્કિંગ કેપિટલની સ્થિતિ પર ચાંપતી નજર રાખવી પડશે કારણ કે તેના આધારે તેની બેલેન્સ શીટ પર કેવી અસર પડે છે તેની ખબર પડશે."

બ્રોકરેજિસ મોર્ગન સ્ટેન્લી અને મોતીલાલ ઓસ્વાલે જણાવ્યું હતું કે, L&Tનો કોર એન્જિનિયરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન બિઝનેસ આવકમાં ઘટાડો થવા છતાં અપેક્ષા કરતાં ઘણું સારું પ્રદર્શન કરવામાં સફળ રહ્યો છે. મોર્ગન સ્ટેન્લીએ L&Tને 'ઓવરવેઈટ' રેટિંગ આપ્યું છે જ્યારે મોતીલાલ ઓસ્વાલે 'બાય' રેટિંગ આપ્યું છે.

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ....

<2>

જુન ક્વાર્ટરમાં HDFC Bankના ધારણાં કરતા સારા પરિણામોને પગલે....

બ્રોકરેજિસે બુલિશ વલણ જાળવી રાખી ટાર્ગેટભાવ વધાર્યો

Brokerages View

Brokerages	Rating Before Results	Rating After Results	Target Price Before Results	Target Price After Results
Antic	Buy	Buy	1200	1275
CLSA	Buy	Buy	1250	1450
Haitong	Outperform	Outperform	1200	1200
HSBC	Buy	Buy	1500	1500
Jefferies	Buy	Buy	1280	1350
Macquaire	Outperform	Outperform	1114	1114
Morgan Stanley	Overwght	Overweight	1285	1425
Nomura	Buy	Buy	1225	1325

બ્રોકરેજ હાઉસિસે એચડીએફસી બેન્ક માટે બુલિશ વલણ ચાલુ રાખ્યું છે અને તેના શેરના ટાર્ગેટભાવમાં વધારો કર્યો છે. બેન્કે જુન ક્વાર્ટરમાં ધારણા કરતા વધુ સારી કમાણીની જાહેરાત કર્યા બાદ એનાલિસ્ટો તેના માટે આ ભલામણ કરી હતી. જુન ક્વાર્ટરમાં બેન્કો સ્વતંત્ર ચોખ્ખો નફો ૧૯.૬ ટકા વધીને રૂ. ૬૬૫૮.૬૨ કરોડ થયો હતો. જેફરીઝે જણાવલ્યું હતું કે, "નફામાં વાર્ષિક ધોરણે ૨૦ ટકા વૃદ્ધિ સાથે એચડીએફસી બેન્કે પડકારો હોવા છત્તાં સારો નાણાંકીય દેખાવ દર્શાવ્યો છે. માત્ર નવ ટકા લોન મોરેટોરિયમ હેઠળ છે તથા તેની કોર્પોરેટ બૂકની ક્વોલીટી ઉંચી છે તે મક્કમ રોકડપ્રવાહ ધરાવે છે તેથી એસેટ ક્વોલીટી સામેનું જોખમ ઘટ્યું છે. જેફરીઝે એચડીએફસી બેન્કના શેર માટે બાય રેટિંગ જાળવી રાખ્યું છે.

HCL Techno ના જુન ક્વાર્ટરમાં અંદાજથી સારા રિઝલ્ટથી બ્રોકરેજિસ બુલિશ આ શેર હરીફોની તુલનામાં વ્યાજબી મુલ્ય ધરાવતો હોવાથી આકર્ષણ વધ્યું

એચસીએલ ટેકનોલોજિસે જુન ૨૦૨૦ ક્વાર્ટરમાં અંદાજ કરતા સારો નફો જાહેર કર્યો હોવાથી મોટા ભાગના બ્રોકરેજિસ બુલિશ વ્યુ જાળવ્યો છે જ્યારે કેટલાકે ટાર્ગેટભાવ વધાર્યો છે. જુન ક્વાર્ટરમાં કંપનીએ ઉત્તરોત્તર ધોરણે ૭.૩ ટકા ઘટાડા સાથે રૂ. ૨૯૨૫ કરોડનો નેટ પ્રોફિટ કર્યો છે જ્યારે વાર્ષિક દોરણે તેમાં ૩૨ ટકા વૃદ્ધિ કરી છે.

જે.પી. મોર્ગન
રેટીંગ : ઓવરવેઈટ
ટાર્ગેટ : રૂ. ૭૭૦

ટાર્ગેટભાવ રૂ. ૭૫૦થી વધારીને રૂ. ૭૭૦ કરીને જણાવ્યું છે કે, કંપનીએ જુન ક્વાર્ટરમાં માર્જિનમાં અપેક્ષા કરતા સારી વૃદ્ધિ કરી છે. કેશ જનરેશન પણ વૃદ્ધિમય છે પરિણામે શેરહોલ્ડર્સને સારૂં વળતર મળશે

સીએલએસએ
રેટીંગ : બાય
ટાર્ગેટ : રૂ. ૭૪૦

ટાર્ગેટભાવ રૂ. ૬૫૦થી વધારીને રૂ. ૭૧૦ કર્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧ અને ના. વર્ષ ૨૦૨૨ ની ઈપીએસનો અંદાજ પણ ૪ ટકા અને ૬ ટકા વધાર્યો છે. માર્જિન આઉટલુકમાં વૃદ્ધિ પ્રમાણે ઈપીએસમાં વૃદ્ધિની અપેક્ષા છે.

કોટક ઈન્સ્ટીટ્યુટ
રેટીંગ : એડ
ટાર્ગેટ : રૂ. ૬૭૦

કંપનીએ મજબુત માર્જિન સાથે અચરજ પમાડ્યું છે. ડિજીટલ ફાઉન્ડેશમાં તાકાત વધારવાની સાથે અન્ય ડિજીટલ ઓફરિંગ્સમાં પણ સુધારો કરીને કંપનીએ નવી સફરની મજબુત શરૂઆત કરી છે.

મેકવાયર
રેટીંગ : આઉટપર્ફોમ
ટાર્ગેટ : રૂ. ૬૩૩

કંપનીએ રેન્યુના મોરચે પ્રમાણમાં સારૂં પ્રદર્શન કર્યું છે તેના ઈબીઆઈટી માર્જીન ૨૦.૫ ટકા રહ્યા છે જે કન્સેશન્સ અંદાજ કરતા વધારે છે. બ્રોકરેજે લાર્જ-કેપ કંપનીઓમાં કેટલાક પસંદગીના શેર્સમાં આ સ્ટોક જાળવી રાખ્યા છે.

યુબીએસ
રેટીંગ : ન્યુટ્રલ
ટાર્ગેટ : રૂ. ૬૩૦

કંપનીએ ના. વર્ષ ૨૦૨૦-૨૧ માટે ગાઈડન્સ આપ્યું તે પોઝીટીવ હિલચાલ છે. શેર પોઝીટીવ ઝોનમાં ટ્રેડ થવાની અપેક્ષા છે. ઈન્ફોસીસ જે રીતે ૨૦૨૦-૨૧ ના ગાઈડન્સ પછી અર્નિંગ્સમાં વધારો કર્યો છે તેવી જ રીતે આ કંપની પ્રદર્શન કરે તેવી શક્યતા નથી.

મ્યુચ્યુઅલ ફંડ અપડેટ

વોલેટાઈલ બજાર અને કપરા સંજોગો વચ્ચે આઈ.ટી. શેરો ફાયદાકારક રહેતા...

મ્યુચ્યુઅલ ફંડ એનાલીસ્ટોએ આઈ.ટી. સ્ટોક્સમાં ફાળવણી વધારી

ચાલુ વર્ષે અત્યાર સુધી એનએસઇ આઇટી ઇન્ડેક્સે નિફ્ટીને ૨૦ ટકાથી આઉટપર્ફોર્મ કર્યો હોવા છતાં ફન્ડ મેનેજરો અને એનાલિસ્ટ્સે આઇટી શેરોમાં તેમની ફાળવણી વધારી દીધી છે. વોલેટાઇલ બજાર અને કપરા સંજોગોમાં નક્કર બેલેન્સશીટ, કેશ ફ્લો, રિટર્ન ઓન ઇક્વિટી ધરાવતા આઇટી શેરો પ્રમાણમાં ફાયદાકારક છે. એનાલિસ્ટ્સ ઇન્ફોસિસ, એચસીએલ ટેક્નોલોજિસ, એલ એન્ડ ટી ઇન્ફોટેક, માઇન્ડટ્રી, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ અને એમ્ફસિસ જેવા શેરોની ભલામણ કરી રહ્યા છે.

ટિયર-વન આઇટી કંપનીઓ શ્રેષ્ઠ બેલેન્સશીટ, અવરોધ ખમી શકે એવો બિઝનેસ અને ઉત્તમ મેનેજમેન્ટ ધરાવે છે છતાં વેલ્યુએશન બહુ મોંઘાં નથી. ૨૦૨૦-'૨૧ના બાકીના સમયગાળામાં આઇટી સેક્ટરનું અર્નિંગ પર્ફોર્મન્સ જળવાઈ રહે તેવો અંદાજ છે, જ્યારે રિલેટિવ ગ્રોથ ડાઇવર્જન્સ આઇ સેક્ટરના રિરેટિંગને સપોર્ટ કરશે."

ઇન્ફોસિસ આ વર્ષે ૨૫ ટકા વધ્યો છે, જ્યારે એચસીએલ ટેક્નોલોજિસ અને એલ એન્ડ ટી ઇન્ફોટેક અનુક્રમે ૧૩ ટકા અને ૩૩ ટકા વધ્યા છે. કેટલાક ફંડ મેનેજરો અને બ્રોકરેજિસે આઇટી સેક્ટરમાં તેમની ફાળવણી વધારી છે. જૂન ક્વાર્ટર દરમિયાન, સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડોએ પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, માઇન્ડટ્રી, વિપ્રો, એચસીએલ ટેક્નોલોજિસ, ટાટા એલેક્સી, કેપીઆઇટી ટેક્નોલોજિસ સહિતના ડઝનથી વધુ આઇટી શેરોમાં તેમનો હિસ્સો વધાર્યો છે.

આશ્ચર્યની વાત એ છે કે, વિપ્રો, એલ એન્ડ ટી અને માઇન્ડટ્રીએ જૂન ક્વાર્ટરમાં કન્સેન્સસ એસ્ટિમેટ્સને ખોટા પાડીને જૂન ક્વાર્ટરમાં અગાઉના ક્વાર્ટર કરતાં માર્જિનમાં વધારો નોંધાવ્યો છે. ટીસીએસ અને ટેક મહિન્દ્રાએ આ વર્ષે અત્યાર સુધીમાં બેન્ચમાર્ક કરતાં નબળો દેખાવ કર્યો છે.

કોવિડ-૧૯એ ટ્રાવેલ એન્ડ હોસ્પિટાલિટી (T&H) વર્ટિકલને સૌથી વધુ અસર કરી છે, પણ ફાઇનાન્શિયલ સર્વિસિસ અને અન્ય વર્ટિકલ્સ મહદ્ અંશે સ્થિર રહ્યા છે. કેપ્ટિવ યુનિટ્સની સંભવિત ઈનઓર્ગેનિક તકો આઇટી કંપનીઓને બજારહિસ્સો વધારવામાં મદદ કરશે.

કોવિડ-૧૯ સંબંધિત વિક્ષેપ છતાં મોટા ભાગની આઇટી કંપનીઓએ તંદુરસ્ત ડીલ પાઇપલાઇન્સ પર ભાર મૂક્યો છે. ટીસીએસ અને ઇન્ફોસિસે જૂન ક્વાર્ટરમાં અનુક્રમે ૬.૯ અબજ ડોલર અને ૧.૭ અબજ ડોલરના મજબૂત સોદા કર્યા છે, જ્યારે વિપ્રો અને એચસીએલે પણ નોંધપાત્ર બૂકિંગ્સ કર્યાં છે.

News Track

બેસ્ટ એગ્રોલાઇફ લિમિટેડ
ભારતમાં પ્રથમવાર વિશિષ્ટ જંતુનાશક લોન્ચ કરશે



એગ્રોકેમિકલ્સ સેક્ટરમાં વિશ્વભરમાં અગ્રણી તથા ભારતમાં એગ્રો-ઇનપુટ્સના મોટા ઉત્પાદક પૈકીની એક અને બીએસઇ ઉપર લિસ્ટેડ બેસ્ટ એગ્રોલાઇફ લિમિટેડે *DIRON* (DINOTEFURAN 20% SG)ના ઉત્પાદન માટે લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવ્યું છે. આ એક સુવ્યવસ્થિત જંતુનાશક છે, જે આક્રમક જંતુઓના વિશાળ ફેલાવાને ઝડપથી નિયંત્રિત કરે છે. બે ફોર્મ્યુલેશન્સ સાથે ઉપયોગમાં લેવા બાબતે તે અત્યંત ફ્લેક્સિબલ છે. કોન્ટેક્ટ અને ઇન્જેશન દ્વારા ઝડપી એક્શનના પરિણામે અસરકારક પ્રકારે જંતુઓને નિયંત્રણમાં લઇ શકાય છે. આ પ્રોડક્ટ સમાન જાપાનિઝ જંતુનાશકોના આયાતનો વિકલ્પ છે.

આ પ્રોડક્ટમાં નવા મોડલેક્યુલર ફોર્મ્યુલેશન સાથે સુવ્યવસ્થિત એક્શન, જંતુનાશકોના વિશાળ સ્પેક્ટ્રમ, રાઇસ-બ્રાઉન પ્લાન્ટ હોપર તથા કોટન - એફિડ્સ, જે સિડ્સ વગેરે સહિતની વિશેષતાઓ સામેલ છે. તે પ્રતિરોધણ ધરાવતા જંતુઓ સામે અત્યંત અસરકારક છે તથા લાંબા સમય સુધી સુરક્ષા પ્રદાન કરીને સ્પ્રેની સંખ્યા ઘટાડે છે અને પર્યાવરણને અનુકૂળ છે.

આ નવી પ્રોડક્ટના લોન્ચ સાથે કંપનીનો દેખાવ સકારાત્મક રહેશે તથા વધુ આવક અને નફાકારકતાની સંભાવનાઓ વધશે. વિશ્લેષકોએ પણ કંપનીની વૃદ્ધિનો અંદાજ રજૂ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે ખુબજ ટૂંકા સમયગાળામાં કંપની ભારતની ટોચની ૨૦ કંપનીઓ પૈકીની એક બની છે તથા આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ ઉપસ્થિતિ વિસ્તારી રહી છે. બેસ્ટ એગ્રોલાઇફના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં ૬૦થી વધુ એક્ટિવ ઇન્ગ્રિડિયન્ટ્સ, જંતુનાશકોના વિવિધ ફોર્મ્યુલેશન્સ અને પ્લાન્ટ માઇક્રો-ન્યુટ્રિઅન્ટ્સ સામેલ છે, જેનાથી પાકની વિશાળ શ્રેણીની સુરક્ષા અને પોષણ આપી શકાય છે. તેની પ્રોડક્ટ શ્રેણીમાં જંતુનાશકો, હર્બિસાઇડ્સ, ફુગનાશકો, પ્લાન્ટ ગ્રોથ રેગ્યુલેટર્સ વગેરે સામેલ છે. કંપની બેસ્ટ બ્રાન્ડ હેઠળ આ પ્રોડક્ટ્સનું વેચાણ કરે છે.

કંપની ચાર વ્યૂહાત્મક સ્થળોએ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ધરાવે છે, જેમાં બે ઉત્તર પ્રદેશ અને બે જમ્મુ અને કાશ્મીરમાં આવેલા છે. આ પ્લાન્ટ્સ ઉચ્ચ ગુણવત્તાયુક્ત એગ્રીકોમિકલ્સના ઉત્પાદન માટે અદ્યતન માળખાકીય સુવિધાઓથી સજ્જ છે.

દેશમાં કૃષિક્ષેત્રને બળ આપવા વર્તમાન સરકારની એગ્રો કેમિકલ્સ અને જંતુનાશકોની માગ વધશે. તેના પરિણામે બેસ્ટ એગ્રોલાઇફ લિમિટેડ જેવી કંપનીઓની આવક અને નફાકારકતા પણ વધશે. તાજેતરના સર્વે અનુસાર ભારતીય એગ્રો કેમિકલ માર્કેટનું અંદાજિત કદ ૩ અબજ યુએસ ડોલર છે, જે આ પ્રકારની કંપનીઓ માટે સકારાત્મક બાબત છે.

બેસ્ટ એગ્રોલાઇફ લિમિટેડ વર્ષ ૨૦૨૨ સુધીમાં રૂ. ૨,૦૦૦ કરોડનું કદ ધરાવતી કંપની બનવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.આ ક્ષેત્રના નીષ્ણાતોના અભિપ્રાય મુજબ કંપનીનો હાલનો વિકાસ અને ઉદ્દેશ તરફ નજર કરતાં આ કંપનીમાં લાંબા ગાળા માટે રોકાણ કરવું હિતાવહ રહેશે.

REVIEW OF "SMART PLUS NEWS LETTER"

Amazing 26% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 20-7-2020	Weekly High	Ch. (%)
SBI Card	755	776	2.78
HDFC Bank	1098	1139	3.73
Escorts	1113	1204	8.18
UPL	436	462	5.96
Bajaj Auto	2995	3029	1.14
Colgate	1426	1438	0.84
SBI Life	875	888	1.49
Asian Paints	1718	1751	1.92
Tech Mahindra	599	632	5.51
CONCOR	448	457	2.01
Berger Paints	423	532	25.77
Voltas	576	597	3.65
Apollo Hospital	1499	1531	2.13
Hero Moto	2764	2868	3.76
MCX	1316	1502	14.13
Muthoot Fin.	1202	1315	9.4
BEL	98	102	4.08
Granules India	264	280	6.06
Tata Motors	106	108	1.89
ITI	125	132	5.6
RITES	246	252	2.44
Tata Steel	350	359	2.57

Company	Reccom. 20-7-2020	Weekly High	Ch. (%)
Revathi Equipment	405	421	3.95
RPG Life	301	316	4.98
Reliance Ind.	1911	2060	7.8
HCL Techno	623	651	4.49
Infosys	903	936	3.65
BEML	650	674	3.69
Unichem Lab.	195	212	8.72
Natco Pharma	686	728	6.12
DCM Shriram	331	342	3.32
JSW Steel	207	210	1.45
Deepak Fert.	116	131	12.93
EID Parry	292	304	4.11
Canara Bank	102	104	1.96
IEX	185	187	1.08
Just Dial	375	377	0.53
NOCIL	103	111	7.77
A.B. Capital	58	61	5.17
IDBI Bank	39	40	2.56
Lakshmi Vilas Bank	20	21	5
Tanla Solution	87	109	25.29
Orient Cement	64	70	9.38

SMART INVESTMENT

Editor : Dilip K. Shah

ARCHI PUBLICATIONS

311 to 313, Nalanda Enclave, Pritamnagar 1st Dhal, Ellisbridge, Ahmedabad-6. GUJARAT, INDIA

Phone : 079 - 2657 66 39, Fax : 079 - 2657 99 96 • Mob. : 0982500 6980

E-mail :

smartinvest25@yahoo.in / smartinvest25@gmail.com / info@smartinvestment.in

web : www.smartinvestment.in

Disclaimer :- Investment recommendations made in Smart Investment are for information purposes only and derived from source that are deemed to be reliable but their accuracy and completeness are not guaranteed. Smart Investment or the analyst / writer do not accept any liability for the use of this column for the buying or selling of securities. Readers of this column who buy or sell securities based on the information in this column are soley responsible for their actions. The author, his company or his acquaintance may / may not have positions in the scrips featured herein

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

Subscription Chart

D(en)O(f)W(ealth) / Dow Scheme

		1 Year	2 Years	3 Years
1.	Den Of Wealth	5000	10000	15000

E-mail Edition (Soft Copy) (Every Sunday Morning)

Smart Investment Weekly		1 Year	2 Years	3 Years
1.	Gujarati Edition	1800	3200	4500
2.	English Edition	1100	1850	2650

E-mail Edition (Soft Copy) of Smart Plus News Letter (Every Sunday Night) * For Private Circulation only

		1 Year	2 Years	3 Years
1.	Smart Plus	1400	2500	3300

Combined Package for Weekly & News Letter

Guj. & English Weekly E-Copy (Every Sunday Morning)
With Smart Plus News Letter (Every Sunday Night)

		1 Year	2 Years	3 Years
1.	Gujarati + Smart Plus	2700	5000	7400
2.	English + Smart Plus	2100	3900	5400

Contact : 079-26576639 (M) 9825006980
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

: : : Bank Details : : :

HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006
Navrangpura Branch, Ahmedabad-380009.

Warning :-

Your soft Copy (E-mail Edition)
is for your exclusive use only.
Any attempt to share your copy
or
forwarding your copy
to a non-subscriber
will disqualify your membership
&
We will be compelled to stop
your supply
and
forfeit your subscription
thereafter without
any
refund to you.